RNI:- GUJGUJ/2016/67425

પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 28-10-2026 I VOL : 12 I Issue : 223 I Page : 8 I Price : 1.00/-

સુવિચાર

પ્રેમ જ્યાં હોય ત્યાં નાની ખુશીઓ પણ મોટી લાગે છે.

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઑફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3  મોદી સરકારના પ્રચાર-પ્રવાસ પાછળ કરોડોનો ખર્ચ, તેજસ્વી વિદ્યાર્થીઓની NTSE...

4 ગુરૂવારે રોહિણી નક્ષત્રમાં કરવા ચોથ

6  'ઈઠા'થી બોક્સ ઓફિસ પર ધમાકો કરવા તૈયાર શ્રદ્ધા કપૂર!

7 જસપ્રીત બુમરાહ અને રિષભ પંત ઈન્ડિયા-Aમાં સામેલ

એક નજર...

લંડનમાં નેહા મલિકનો હોટ અવતાર વાયરલ થયો

નેહા મલિક એક જાણીતી ભારતીય મોડેલ અને અભિનેત્રી છે, જે મુખ્યત્વે પંજાબી અને ભોજપુરી મ્યુઝિક વિડીયો તેમજ ફિલ્મોમાં તેના કામ માટે ઓળખાય છે. સોશિયલ મીડિયા પર તેની ખૂબ જ મોટી ફેન ફોલોઈંગ છે, જ્યાં તે અવારનવાર પોતાના ગ્લેમરસ અને ટ્રેવલ ફોટોશૂટ શેર કરીને ફેન્સને મંત્રમુગ્ધ કરતી રહે છે.

NEWS TRACK

ટ્રમ્પ પર સ્વિસ મોડેલે બળાત્કારનો આરોપ લગાવ્યો: કહ્યું- વિઝા અપાવવાના બહાને હોટેલમાં બોલાવી

સ્વિટ્ઝર્લેન્ડની પૂર્વ મોડેલ બીટ્રિસ ક્યૂલએ અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પ પર બળાત્કારનો આરોપ લગાવ્યો છે. તેણે કહ્યું કે 1993માં ન્યૂયોર્કની પ્લાઝા હોટેલમાં ટ્રમ્પે તેની સાથે બળાત્કાર કર્યો હતો. ક્યૂલએ જણાવ્યું કે ઘટના બાદ તેના શરીરના અનેક ભાગોમાંથી લોહી વહી રહ્યું હતું અને ઈજાના નિશાન પડી ગયા હતા. આ દાવો અમેરિકી સંસદમાં ડેમોક્રેટિક સભ્યો દ્વારા જાહેર કરાયેલા એક નવા અહેવાલમાં કરવામાં આવ્યો છે. ક્યૂલએ 2024માં ટ્રમ્પ પર જાતીય શોષણનો આરોપ લગાવ્યો હતો. ત્યારે તેમણે કહ્યું હતું કે 1993માં ટ્રમ્પે તેમને બળજબરીથી પકડી, ચુંબન કર્યું અને તેમના કપડાં ઉતારવાનો પ્રયાસ કર્યો હતો. હવે નવા અહેવાલમાં ક્યૂલએ સમિતિના કર્મચારીઓને જણાવ્યું કે તે ઘટનામાં ટ્રમ્પે તેમની સાથે બળાત્કાર કર્યો હતો. ક્યૂલ સ્વિટ્ઝર્લેન્ડની મોડલ અને ભૂતપૂર્વ મિસ સ્વિટ્ઝર્લેન્ડ છે. તેના જણાવ્યા અનુસાર, 1993માં તે અમેરિકન ડ્રીમ પેજન્ટમાં ભાગ લેવા અમેરિકા ગઈ હતી.

ઇઝરાયલમાં મતદાનના તમામ રેકોર્ડ તૂટ્યા:4 કલાકમાં 45% મતદાન; મુસ્લિમ વિસ્તારોમાં વધુ મતદાન

ઈઝરાયલમાં વડાપ્રધાન પદ માટે આજે ચૂંટણી યોજાઈ રહી છે. તેમાં બમ્પર મતદાન થઈ રહ્યું છે. ચૂંટણી પંચ મુજબ બપોરે 2 વાગ્યા સુધી (સ્થાનિક સમય અનુસાર) આશરે 45% મતદાન થયું છે. આ ઈઝરાયલના ઈતિહાસમાં સૌથી વધુ છે. રાત્રે 10 વાગ્યે (ભારતીય સમય અનુસાર રાત્રે 1:30 વાગ્યે) મતદાન સમાપ્ત થશે. ઈઝરાયલમાં સૌથી વધુ મતદાનનો રેકોર્ડ 79.9% છે. આ 1988માં થયું હતું. નિષ્ણાતો અનુમાન લગાવી રહ્યા છે કે આ વખતે આ રેકોર્ડ તૂટી શકે છે. આઈઝનકોટ વડાપ્રધાન બનવાની સૌથી વધુ શક્યતા છે. છમાંથી ચાર ઓપિનિયન પોલમાં આઈઝનકોટના ગઠબંધનને વધુ બેઠકો આપવામાં આવી છે. બીજી તરફ, એક પોલમાં નેતન્યાહૂના ગઠબંધનને લીડ અને એક પોલમાં બહુમતી મળી છે. ઈઝરાયલની સંસદમાં કુલ 120 બેઠકો છે. સરકાર બનાવવા માટે ઓછામાં ઓછી 61 બેઠકોની જરૂર પડે છે. ઈઝરાયલના 76 વર્ષના ઈતિહાસમાં આજ સુધી કોઈ પણ રાજકીય પક્ષે એકલા બહુમતી હાંસલ કરી નથી.

30 ઑક્ટોબરે પ્રતીકાત્મક મહાભિયોગ અને 1 નવેમ્બરે રામલીલા મેદાનમાં 'દિલ્હી ચલો' માર્ચ યોજાશે

જ્ઞાનેશ કુમાર રાજીનામું નહીં આપે ત્યાં સુધી વિપક્ષ નહીં અટકે: રાહુલ

નવી દિલ્હી

લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી મંગળવારે દિલ્હીના ત્રિલોકપુરી ખાતે યોજાયેલી 'વોટ અધિકાર, જીને કા અધિકાર' જન સુનાવણીમાં સામેલ થયા હતા. આ કાર્યક્રમમાં તેમની સાથે CPI (ML)ના નેતા દીપાંકર ભટ્ટાચાર્ય અને સ્વરાજ ઈન્ડિયાના યોગેન્દ્ર યાદવ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ દરમિયાન રાહુલ ગાંધીએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર પર પ્રહાર કરતાં આક્ષેપ કર્યો હતો કે દેશમાં ઉપરના સ્તરેથી વોટ ચોરી કરવામાં આવી રહી છે અને ગરીબોના નામ જાણી જોઈને મતદાર યાદીમાંથી હટાવાઈ રહ્યા છે.મતદાર માહિતી રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, 'આ મુદ્દે સમગ્ર વિપક્ષ એકજુટ છે અને જ્યાં સુધી મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર રાજીનામું નહીં આપે અથવા વડાપ્રધાન તેમને પદ પરથી નહીં હટાવે ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે.' તેમણે દાવો કર્યો હતો કે માત્ર ચાર બૂથમાંથી જ 416 નામો ગેરકાયદેસર રીતે હટાવી લેવામાં આવ્યા છે. કોંગ્રેસ નેતાએ આક્ષેપ કર્યો કે 'નયા હિન્દુસ્તાન' બનાવવાના હેતુથી ગરીબો અને સામાન્ય નાગરિકોના મતાધિકાર છીનવીને દેશને માત્ર કેટલાક પસંદગીના અબજોપતિઓના હિતમાં ચલાવવામાં આવી રહ્યો છે. આ સમગ્ર વિવાદ મતદાર યાદીના SIRમાં કથિત અનિયમિતતાઓને લઈને ચાલી રહ્યો છે. વિપક્ષી ગઠબંધન ચૂંટણી આયોગ પાસે

જવાબદારી નક્કી કરવાની માંગ કરી રહ્યું છે. આ વિરોધના ભાગરૂપે કોંગ્રેસે આગામી 30 ઑક્ટોબરે મુખ્ય ચૂંટણી કમિશનર સામે પ્રતીકાત્મક મહાભિયોગ જેવી પ્રક્રિયા આયોજિત કરવાનું અને 1 નવેમ્બરે રામલીલા મેદાન ખાતે 'દિલ્હી ચલો' માર્ચ તથા જનસભા યોજવાનું આયોજન કર્યું છે.

બીજી બાજુ, દિલ્હી પોલીસના સૂત્રોએ સ્પષ્ટ કર્યું છે કે રામલીલા મેદાનની રેલી માટે આપેલી મંજૂરી પાછી ખેંચવામાં આવી નથી. કોંગ્રેસે મ્યુનિસિપલ કોર્પોરેશન પાસેથી મંજૂરી મેળવીને 25 ઓક્ટોબરથી 3 નવેમ્બર સુધી આ મેદાનના ઉપયોગ માટે પરવાનગી લીધી છે અને ચૂંટણી આયોગમાં જવાબદારી નક્કી ન થાય ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવા દ્રઢ સંકલ્પ વ્યક્ત કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે સુપ્રીમ કોર્ટે મંગળવારે રાહુલ ગાંધી અને અન્ય લોકોને નોટિસ આપી. તેમના પર આરોપ છે કે 12 ઑક્ટોબરે સુપ્રીમ કોર્ટ સુધીની માર્ચ દરમિયાન રાહુલ ગાંધીએ એક ગર્ભવતી પત્રકારને ધક્કો માર્યો હતો. ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્ય બાગચીની બેન્ચ સમક્ષ આ મામલો રજૂ કરવામાં આવ્યો. વકીલ ગૌરવ ભાટિયાએ જણાવ્યું કે પહેલેથી ચાલી રહેલી એક કેસમાં આ મામલે અરજી દાખલ કરવામાં આવી છે. તેમણે આરોપ લગાવ્યો કે સુપ્રીમ કોર્ટ પરિસરમાં એક મહિલા પત્રકાર સાથે ધક્કામુક્કી કરવામાં આવી હતી. BJPના પ્રવક્તા પ્રદીપ ભંડારીએ 12 ઑક્ટોબરે તેનો વીડિયો શેર કર્યો હતો. તેમાં તેમણે દાવો કર્યો હતો કે રાહુલ ગાંધીએ પત્રકારને કોણી મારી અને ખભાથી પકડીને ખેંચી હતી. જેના કારણે તે જમીન પર પડી ગઈ અને ઈજાગ્રસ્ત થયા બાદ તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે.

10-20 રૂપિયાની દવા પર MRP ₹150-200, દર્દીઓ પાસેથી લૂંટ કેમ?

સુપ્રીમ કોર્ટે કહ્યું- આખી સિસ્ટમ દવા કંપનીઓને મલાઈ ખવડાવી રહી છે

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે દવાઓની મહત્તમ છૂટક કિંમત (MRP) અને રિટેલરને મળતી કિંમતો વચ્ચેના મોટા તફાવત અંગે સરકારને સવાલ કર્યા. જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની બેન્ચે પૂછ્યું કે આખી સિસ્ટમ દવા ઉત્પાદકોને શા માટે મદદ કરી રહી છે. કોર્ટે નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી (NPPA)ને નિષ્ક્રિય ગણાવીને સવાલ કર્યો કે દવાઓની કિંમતો પર લગામ શા માટે લગાવવામાં આવી રહી નથી. કોર્ટે કહ્યું કે સરકારની નજર સામે આ બધું થઈ રહ્યું છે અને પૂછ્યું કે શું તેને આ રીતે બેફામ

ચાલવા દેવું જોઈએ. બંને કેસોની સુનાવણી બાદ સુપ્રીમ કોર્ટે પોતાનો નિર્ણય અનામત રાખ્યો. મુદ્દો એ છે કે ઘણી દવાઓની કિંમત 10-20 રૂપિયા છે, તે રિટેલરને 30 રૂપિયામાં મળે છે, પરંતુ MRP 150-200 રૂપિયા છપાયેલું હોય છે. આ જ તફાવત કોર્ટને ખટકી રહ્યો છે. કોર્ટે કહ્યું કે હોસ્પિટલોના ખર્ચનો હવાલો આપીને દવા માટે દર્દીઓ પાસેથી ખર્ચ કરતાં 100 અથવા 200 ગણો ભાવ વસૂલવો યોગ્ય ઠેરવી શકાય નહીં. આ અગાઉની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે એન્ટી-કેન્સર દવાઓના ટ્રેડ માર્જિનને MRPના 30% સુધી મર્યાદિત કરવાના કેન્દ્રના જવાબને માંડ થોડો સંતોષકારક ગણાવ્યો હતો. કોર્ટે સવાલ કર્યો હતો કે સરકાર અન્ય દવાઓના ટ્રેડ માર્જિનની મર્યાદા કેમ નક્કી કરી શકતી નથી. હોસ્પિટલો દ્વારા કેન્સરની દવાઓ પર ભારે નફો ઉમેરવામાં આવતો હોવા અંગે સુપ્રીમ કોર્ટની આકરી ટીકા સહન કરી ચૂકેલા કેન્દ્રએ જણાવ્યું હતું કે તેણે એન્ટી-કેન્સર દવાઓ પર ટ્રેડ માર્જિનને MRPના 30% સુધી મર્યાદિત કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. કેન્દ્ર મુજબ, આ નિર્ણયથી દર્દીઓને વાર્ષિક આશરે 2,500 કરોડ રૂપિયાની બચત થવાની આશા છે.

સુપ્રીમ કોર્ટે SIR પર કહ્યું-અમને બધી ખબર છે, તપાસ કરીશું

અરજદારો 10 દિવસમાં જવાબ આપે, ગઈકાલે ECએ કહ્યું હતું- નિર્ણયોમાં સૌની સહમતિ હતી

નવી દિલ્હી

મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) અને ચૂંટણી પંચની કામગીરીને લઈને રાહુલ ગાંધી સહિત વિપક્ષી દળોના નેતાઓની અરજી પર મંગળવારે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઈ. ચૂંટણી પંચે પોતાના 248 પાનાના સોગંદનામામાં આરોપોને ફગાવીને કહ્યું કે SIR સંબંધિત તમામ નિર્ણયો ત્રણેય ચૂંટણી કમિશનરોની સર્વસંમતિથી લેવામાં આવ્યા હતા. કોર્ટે મુખ્ય મામલામાં અરજદાર રાકેશ કુમાર સિંહને પંચના જવાબ પર સોગંદનામું રજુ કરવા માટે 10 દિવસનો સમય આપ્યો. આ ઉપરાંત, સાંસદ ડોલા સેનની અરજી પર ચૂંટણી પંચને વધારાનું સોગંદનામું રજુ કરવા માટે પણ એટલો જ સમય આપવામાં આવ્યો. હવે આગામી સુનાવણી 17 નવેમ્બરે થશે. અરજીમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે બિહારમાં SIR દરમિયાન સુપ્રીમ કોર્ટની મંજૂરી વિના ફોર્મ-6માં ફેરફાર કરવામાં આવ્યા હતા.

અર્નબ વાવાઝોડાના કારણે હજારો લોકોનું સ્થળાંતર

નવી દિલ્હી

બંગાળની ખાડીમાં સર્જાયેલું 'અર્નબ' ચક્રવાત વધુ પ્રચંડ બન્યું છે. હવામાન વિભાગની આગાહી મુજબ, 28 ઓક્ટોબર, બુધવારે સવારે આ વાવાઝોડું આંધ્રપ્રદેશના બાપટલા અને વિશાખાપટ્ટનમ વચ્ચે ત્રાટકી શકે છે. લેન્ડફોલ સમયે પવનની ગતિ 115થી 125 કિલોમીટર પ્રતિ કલાક રહેવાની શક્યતા છે. વાવાઝોડાને પગલે 89 હજાર લોકોનું સ્થળાંતર કરાયું છે અને NDRFની ટીમો તૈનાત છે. ભારે વરસાદ અને પૂરની આશંકા છે. બંગાળની ખાડીમાં સર્જાયેલું ચક્રવાત અર્નબ વધુ પ્રચંડ બન્યું છે. ભારતીય હવામાન વિભાગ (IMD)ની આગાહી મુજબ, આ વાવાઝોડું 28 ઓક્ટોબર, બુધવારે સવારે આંધ્રપ્રદેશ અને યાનમના દરિયાકાંઠે બાપટલા અને વિશાખાપટ્ટનમ વચ્ચે ત્રાટકી શકે છે. લેન્ડફોલ સમયે પવનની સતત ઝડપ 115થી 125 કિલોમીટર પ્રતિ કલાક રહેવાની અને પવનના ઝાપટા 140 કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચવાની શક્યતા છે.

પુસ્તક રિલીઝ પહેલાં સોનિયા ગાંધીનો હુંકાર

પુસ્તક આવશે ત્યારે તમાશો તો થશે જ, હવે મારો વારો છે: સોનિયા ગાંધી

નવી દિલ્હી

કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષ સોનિયા ગાંધીનું નવું પુસ્તક 'બિલોંગિંગ-અ જર્ની ઑફ લવ' (Belonging-A Journey of Love) આગામી 10 નવેમ્બરના રોજ લોન્ચ થવા જઈ રહ્યું છે. આ પુસ્તકમાં તેમણે પોતાના અંગત જીવન અને રાજકીય સફરના અનેક વણકહ્યા પ્રકરણો ખોલ્યા છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોતાનું નવું એકાઉન્ટ શરૂ કર્યા બાદ મંગળવારે એક વીડિયો શેર કરતાં તેમણે મોટો ખુલાસો કર્યો હતો. તેમણે જણાવ્યું

કે, જ્યારે રાજીવ ગાંધીને દેશના વડાપ્રધાન બનાવવામાં આવી રહ્યા હતા, ત્યારે તેઓ તેના સખત વિરોધમાં હતાં. તેમણે કહ્યું કે, 'હું ક્યારેય નહોતી ઈચ્છતી કે રાજીવ ગાંધી વડાપ્રધાન બને.' પોતાના આ વીડિયો પોસ્ટના કેપ્શનમાં સોનિયા ગાંધીએ લખ્યું કે, 'જ્યારે આ પુસ્તક આવશે, ત્યારે થોડો તમાશો તો થશે જ. છેવટે, બીજા લોકોએ દાયકાઓ સુધી મારી કહાની કહી છે, હવે મારો વારો છે.' વીડિયોમાં જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે, આખી જિંદગી અન્ય લોકોએ તમારા વિશે લખ્યા બાદ પોતાની વાર્તા જાતે લખવાનો અનુભવ કેવો રહ્યો? ત્યારે સોનિયા ગાંધીએ કહ્યું કે, 'મને ખબર નથી કે મારે આખી વાત કહેવી જોઈએ કે નહીં, પરંતુ મને લાગ્યું કે મારા વિશે ઘણું બધું લખવામાં આવ્યું છે અને તેમાંથી ઘણું બધું સાચું નહોતું.

તમિલનાડુની જેલમાંથી કેદી ફરાર, પોલીસ પર હુમલો કરીને ભાગ્યા

થેલી

તમિલનાડુના થેની જિલ્લાના સબ-જેલમાંથી સોમવારે મોડી રાત્રે પોલીસકર્મીઓ પર હુમલો કર્યા બાદ 17 કેદી ફરાર થઈ ગયા. રાતભર ચાલેલા સર્ચ ઓપરેશન દરમિયાન 5 ફરાર કેદીઓની ધરપકડ કરવામાં આવી છે. બાકીના 12 કેદીને પકડવા માટે 17 વિશેષ ટીમો બનાવવામાં આવી છે. સાઉથ ઝોનના પોલીસ મહાનિરીક્ષક વિજયેન્દ્ર બિદારીના જણાવ્યા અનુસાર, તમામ 17 કેદી એક જ સેલમાં બંધ હતા. જેલ કર્મચારીઓને માહિતી મળી હતી કે એક કેદીની તબિયત ખરાબ છે. જ્યારે કર્મચારીઓ સેલમાં પહોંચ્યા, ત્યારે કેદીઓએ તેમના પર હુમલો કર્યો અને ફરાર થઈ ગયા. આ ઘટનામાં ત્રણ જેલકર્મીઓ ઘાયલ થયા છે. પોલીસ રિપોર્ટ મુજબ, આ સમગ્ર ઘટનાને અત્યંત સુનિયોજિત રીતે અંજામ આપવામાં આવ્યો હતો. સોમવારની રાત્રે તમામ 17 આરોપીઓ ઉપ-જેલની એક જ કોઠરીમાં બંધ હતા.

વિધાનસભા ચૂંટણી પહેલા ECની કાર્યવાહી 5 રાજ્યોમાં અધિકારીઓની થશે બદલી

ચૂંટણી પંચના આદેશ મુજબ મુખ્યત્વે 2 પ્રકારના અધિકારીઓ પર બદલીની અસર પડશે

ચેન્નાઈ

આગામી વિધાનસભા ચૂંટણી પહેલાં ચૂંટણી પંચે 5 રાજ્યોમાં વહીવટી તંત્રમાં મોટા ફેરબદલનો આદેશ આપ્યો છે. ગોવા, મણિપુર, પંજાબ, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડના મુખ્ય સચિવોને પત્ર લખી, 3 વર્ષથી વધુ સમયથી એક જ જિલ્લામાં ફરજ બજાવતા કે ગૃહ જિલ્લામાં પોસ્ટેડ અધિકારીઓની 30 નવેમ્બર સુધીમાં બદલી કરવા જણાવાયું છે. નિષ્પક્ષ ચૂંટણી માટે આ કડક પગલું લેવાયું છે. આગામી વર્ષે યોજાનારી વિધાનસભા ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને ચૂંટણી પંચ દ્વારા વહીવટી તંત્રમાં મોટો ફેરબદલ કરવાનો કડક આદેશ આપવામાં આવ્યો છે. ચૂંટણી પંચે ગોવા, મણિપુર, પંજાબ, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડ એમ 5 રાજ્યોના મુખ્ય સચિવોને પત્ર લખીને ચૂંટણી સાથે સીધા જોડાયેલા અધિકારીઓની તાત્કાલિક બદલી કરવા નિર્દેશ આપ્યા છે. આ આદેશનું પાલન કરીને તમામ રાજ્યોએ 30 નવેમ્બર સુધીમાં પોતાનો રિપોર્ટ ચૂંટણી પંચને સોંપવો પડશે.

કેન્દ્ર સરકારનો નવો કાયદો મીડિયાની સ્વતંત્રતા છીનવશે

21 જેટલી મોટી મીડિયા કંપનીઓ સુપ્રીમ કોર્ટ પહોંચી

નવી દિલ્હી

કેન્દ્રના નવા પ્રાઈવસી કાયદા સામે મુકેશ અંબાણી અને ગૌતમ અદાણી સહિત 21 જેટલી મોટી મીડિયા કંપનીઓ સુપ્રીમ કોર્ટ પહોંચી છે. ડિજિટલ ન્યૂઝ પબ્લિશર્સ એસોસિએશને(DNPA) આ કાયદાને મીડિયાની સ્વતંત્રતા પર સીધો હુમલો ગણાવ્યો છે. આગામી મે 2027થી અમલી બનનારા આ સુધારાઓ પત્રકારત્વ અને ઈન્વેસ્ટિગેટિવ વર્ક સામે જોખમ ઊભું કરશે, તેવી દલીલ કરાઈ છે. 698

પાનાની અરજી પર મંગળવારે સુનાવણી થશે. કેન્દ્ર સરકારના પ્રાઈવસી માટેના નવા કાયદા સામે મુકેશ અંબાણી અને ગૌતમ અદાણીની માલિકીની કંપનીઓ સહિત આશરે 21 જેટલી દિગ્ગજ મીડિયા કંપનીઓ સુપ્રીમ કોર્ટમાં પહોંચી છે. મીડિયા રિપોર્ટ મુજબ, ડિજિટલ ન્યૂઝ પબ્લિશર્સ ઍસોસિએશન(DNPA) દ્વારા આ કાયદા સામે અપીલ દાખલ કરવામાં આવી છે. અરજદારોની દલીલ છે કે આગામી મે 2027થી પ્રાઈવસી કાયદાના જે સુધારાઓ અમલી બનવા જઈ રહ્યા છે, તે મીડિયાની સ્વતંત્રતા પર સીધી અસર કરે છે, તેથી તેને રદ કરવામાં આવે. અત્યાર સુધી માત્ર એક્ટિવિસ્ટ્સ કે નાના જૂથો દ્વારા જ આ કાયદાને પડકારવામાં આવતો હતો, પરંતુ પહેલીવાર મોટી મીડિયા કંપનીઓ આ વિરોધમાં સામે આવી છે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચની મોટી કાર્યવાહી: મેંદરડાના નતાળીયામાંથી 19.57 લાખના વિદેશી દારૂના જથ્થા સાથે બે ઝડપાયા

જૂનાગઢ, ઉત્તમ આર કડછા

જૂનાગઢ રેન્જના ઈન્ચાર્જ ડીઆઈજી નિર્લિપ્ત રાય અને એસપી સુબોધ ઓડેદરાની સૂચનાથી ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ બી.જી. ચેતરીયાના માર્ગદર્શન હેઠળ પેટ્રોલીંગમાં રહેલ ટીમે ચોક્કસ બાતમીના આધારે મેંદરડા તાલુકાના નતાળીયા ગામની સીમમાં આવેલ ખેતરમાં દરોડો પાડ્યો હતો.

ત્યાં ભાગીદારીમાં મંગાવવામાં આવેલ વિદેશી દારૂનો જથ્થો સગેવગે કરવાની તૈયારી ચાલતી હતી. રેઈડ દરમિયાન પોલીસે રૂ. ૩,૨૭,૮૨૮ ની કિંમતની વિદેશી દારૂ તથા બીયરની ૧૯૩૪ બોટલ/ટીન, રૂ. ૧૬ લાખની ૩ ફોરવ્હીલ કાર અને ૨ મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૧૯,૫૭,૮૨૮ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. સ્થળ પરથી જૂનાગઢના નાગેશ ભગવાનભાઈ કરમટા (ઉં.વ. ૧૯) અને કરણ પાંચાભાઈ રાડા (ઉં.વ. ૨૫) નામના બે આરોપીઓને અટકાયતમાં લેવાયા છે, જ્યારે દિલીપ માંજરીયા, યશ કટારા, જાબર ચાંદ્રડ અને પ્રકાશ ઉર્ફે પકો ગરચર નામના ચાર આરોપીઓને પકડવાના બાકી હોઈ મેંદરડા પોલીસ સ્ટેશન ખાતે પ્રોહિબિશન એક્ટ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

કોડીનાર-ઉના હાઈવે પર ટ્રેક્ટર-બોલેરો અથડાતા 2 લોકો ઘાયલ થયા

ઉના, કૈલેશ ભટ્ટ

ગીર સોમનાથના કોડીનાર-ઉના ફોરલેન હાઈવે પર દેવળી ગામના ઓલેશ્વર વાડી વિસ્તાર પાસે ટ્રેક્ટર અને બોલેરો કાર વચ્ચે અકસ્માત થયો હતો. રોડ ક્રોસ કરી રહેલા ટ્રેક્ટર અને ટ્રોલી સાથે ઝડપથી આવી રહેલી બોલેરો કાર અથડાઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે ટ્રેક્ટર ટ્રોલીથી અલગ થઈને પલટી ગયું. આ અકસ્માતમાં ટ્રેક્ટરમાં સવાર બે લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને સારવાર માટે કોડીનાર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઈજાગ્રસ્તોમાં દેવળી ગામના ખેડૂત લખા બારડ અને તેમની સાથે બેઠેલા દામલી ગામના ખેતમજૂર ગીગા મેન્સીભાઈનો સમાવેશ થાય છે. બંનેને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડાયા હતા. હાઈવે પર અકસ્માત થતાં વાહનચાલકોમાં થોડી અફરાતફરી મચી ગઈ હતી. અકસ્માતને કારણે રોડ પર ટ્રાફિક જામ પણ થયો હતો. ઘટનાની જાણ થતાં મોટી સંખ્યામાં લોકો ઘટનાસ્થળે એકઠા થયા હતા.

ભરૂચમાં ચાર ફીડર પર વીજકાપ, શહેરમાં પાણી પુરવઠો પણ બંધ રહેશે

ભરૂચ

ભરૂચ શહેરમાં ગુરુવાર, તા. ૨૯ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ 66 KV ભરૂચ સબસ્ટેશન હેઠળના ચાર 11 KV ફીડર પર જાળવણીની કામગીરીને પગલે સવારે ૭થી સાંજે ૫ વાગ્યા સુધી વીજ પુરવઠો બંધ રહેશે. નંદિની, એ.પી.એમ.સી., અવધૂત અને ટોરેન્ટ ફીડર હેઠળ આવતા અનેક વિસ્તારોની સોસાયટીઓ અને રહેણાંક વિસ્તારોના વીજ ગ્રાહકોને અસર થશે.

નંદિની ફીડર હેઠળ યોગી ટાઉનશિપ, આસતોષ સોસાયટી, વંદન સોસાયટી, અર્બુદાનગર, નંદનવન પાર્ક, પુષ્પધન સોસાયટી, શેરપુરા વોટરવર્ક્સ, સ્વામિનારાયણ સર્કલ, લીંક કોમ્પ્લેક્સ, પાર્ક પોઈન્ટ અને નારાયણધામ સોસાયટી સહિતના વિસ્તારોમાં વીજકાપ રહેશે. એ.પી.એમ.સી. ફીડર હેઠળ આરવલ્લી ટાવર, અંકુર હોસ્પિટલ, આકાશનગર, શાહીન એવન્યુ, સુફિયાન પાર્ક, કોહિનૂર એપાર્ટમેન્ટ, ખ્વાજા ટાઉનશિપ, સહારા ટાઉનશિપ, રોયલ સિટી, મીરા પાર્ક અને સંકલ્પ બંગલોઝ સહિતના વિસ્તારોમાં વીજ પુરવઠો બંધ રહેશે.

વલસાડમાં SMCનો દરોડો: 7.44 લાખનો દારૂ-બીયર સહિત 10.54 લાખનો મુદ્દામાલ જપ્ત

વલસાડ

સ્ટેટ મોનીટરીંગ સેલ (SMC)એ વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનની હદમાં નેશનલ હાઈવે નંબર 48 પર વાપીથી સુરત જતા માર્ગે અતુલ સ્મશાનભૂમિ સામે દરોડો પાડી ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બીયરની આશરે 59 પેટી, બોટલ નંગ 2,064 કિંમત રૂ.7,44,720નો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે વાહન સહિત કુલ રૂ.10,54,720નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસ સબ ઈન્સ્પેક્ટર જે.એસ. રાજપૂતની આગેવાનીમાં કરવામાં આવેલી કાર્યવાહીમાં જયકિશન સુરારામ બિશ્નોઈ (રહે. રૂમ નં. 502, સાગર આશીષ એપાર્ટમેન્ટ, મોગરાવાડી, વલસાડ)ને ઝડપી પાડવામાં આવ્યો હતો.

દેવમોગરામાં વોટ્સએપ પર QR કોડ મોકલી ખેડૂત સાથે 91 હજારની છેતરપિંડી

નર્મદા

નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના દેવમોગરા ગામના ખેડૂત સાથે વોટ્સએપ દ્વારા રૂ. 91,000ની ઓનલાઈન છેતરપિંડી થયાની ફરિયાદ નોંધાઈ છે. આ મામલે નર્મદા સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

દેવમોગરા ગામના નિશાળ ફળિયામાં રહેતા 35 વર્ષીય ખેડૂત ચેતનકુમાર ગોનજીભાઈ વસાવાને વિનોદભાઈ તુલીયાભાઈ વસાવાના હેક થયેલા વોટ્સએપ નંબર પરથી તાત્કાલિક નાણાંની જરૂર હોવાનું જણાવી રૂ. 46,000ની માંગણી કરવામાં આવી હતી. બે કલાકમાં રૂપિયા પરત આપવાની ખાતરી પણ આપવામાં આવી હતી.

ત્યારબાદ ફરિયાદીને વોટ્સએપ પર સિંધિ ફરુખબાઈ અશરફભાઈના નામનો QR કોડ મોકલવામાં આવ્યો હતો. અજાણ્યા શખ્સે પ્રથમ વખત રૂ. 46,000 અને બીજી વખત રૂ. 45,000 એમ કુલ રૂ. 91,000 ટ્રાન્સફર કરાવી છેતરપિંડી આચરી હતી.

આ અંગે ચેતનકુમાર વસાવાએ ફરિયાદ નોંધાવતાં નર્મદા સાયબર ક્રાઈમ પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

ઉજ્જૈનમાં સાગરચંદ્ર સાગર સામે જૈન સમાજનો ભારે આક્રોશ

અશ્લીલ આચરણ અને કરોડોના નાણાકીય કૌભાંડના ગંભીર આક્ષેપો

ઉજ્જૈન (વિશેષ પ્રતિનિધિ)

ધાર્મિક અને સાંસ્કૃતિક નગરી ઉજ્જૈનમાં જૈન સમાજના વિવિધ સંગઠનો, અગ્રણીઓ અને જાગૃત નાગરિકો દ્વારા સાગરચંદ્ર સાગર નામના વ્યક્તિ સામે જોરદાર મોરચો માંડવામાં આવ્યો છે. તાજેતરમાં સામે આવેલા અત્યંત ગંભીર આક્ષેપો બાદ સમગ્ર જૈન સમાજમાં ભારે રોષ અને ચિંતાનો માહોલ વ્યાપી ગયો છે. સમાજના વરિષ્ઠ હોદ્દેદારોનું કહેવું છે કે ધાર્મિક, સામાજિક અને સંસ્થાકીય મર્યાદાઓની રક્ષા માટે આ સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ થાય અને સત્ય બહાર આવે તે અત્યંત જરૂરી છે.





- સાધ્વીઓ સાથે વિડીયો કોલ પર અસભ્ય વર્તનના ડિજિટલ પુરાવા હોવાનો દાવો
- સમાજ દ્વારા નિષ્પક્ષ તપાસ, પ્રેસ કોન્ફરન્સ અને દેશવ્યાપી બહિષ્કારની જાહેરાત

વિડીયો કોલ પર અસભ્ય વર્તન અને ડિજિટલ પુરાવાઓનો દાવો

મળતી વિગતો અને સમાજના સૂત્રોના જણાવ્યા અનુસાર, જૈન સમાજની સાધ્વીઓ સાથે વિડીયો કોલ દરમિયાન અયોગ્ય વર્તન કરવા અને મર્યાદાઓનું ઉલ્લંઘન કરવાના ગંભીર આક્ષેપો સાગરચંદ્ર સાગર પર લાગ્યા છે.

પીડિત પક્ષ અને સમાજના અગ્રણીઓનો દાવો છે કે આ સમગ્ર ઘટનાક્રમ સાથે જોડાયેલા અત્યંત મહત્વપૂર્ણ ડિજિટલ પુરાવા, જેમ કે સ્ક્રીનશોટ અને કોલ રેકોર્ડિંગ્સ સુરક્ષિત કરી લેવામાં આવ્યા છે. સમાજના પ્રતિનિધિઓનું કહેવું છે કે આ પુરાવાઓના આધારે જ ઉચ્ચ સ્તરીય વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે અને આવા આચરણને ધાર્મિક તથા સામાજિક પરંપરાઓ પર મોટો આઘાત માનવામાં આવી રહ્યો છે.

દાનના કરોડો રૂપિયાનો દુરુપયોગ અને અંગત મિલકતો ઊભી કરવાનો આરોપ

નૈતિક આચરણની સાથે સાથે આ પ્રકરણમાં નાણાકીય ગોલમાલનો મુદ્દો પણ મુખ્યત્વે બહાર આવ્યો છે. વિવિધ ધાર્મિક અનુષ્ઠાનો અને જાહેર સભાઓ દ્વારા શ્રદ્ધાળુઓ પાસેથી એકત્રિત કરવામાં આવેલા દાનના નાણાંના ઉપયોગ પર ગંભીર સવાલો ઊભા થયા છે. સ્થાપનિક સમાજજનોનો આરોપ છે કે ધર્મ અને સેવાના નામે ભેગા કરાયેલા કરોડો રૂપિયાના ફંડનો ઉપયોગ અંગત હિત, મિલકતો ખરીદવા અને અન્ય અનધિકૃત પ્રવૃત્તિઓમાં કરવામાં આવ્યો છે. સમાજના વરિષ્ઠ સભ્યોએ સ્પષ્ટ કર્યું છે કે કોઈપણ જાહેર કે ધાર્મિક ટ્રસ્ટમાં પારદર્શિતા સર્વોપરી હોવી જોઈએ, તેથી આ નાણાકીય હેરાફેરીની પણ ઊંડાણપૂર્વક તપાસ થવી જરૂરી છે.

મીડિયા કન્વીનર અભય ચોપરાની ભૂમિકા સામે સવાલો

આ સમગ્ર મામલામાં સાગરચંદ્ર સાગરનો પક્ષ રાખનારા અને મીડિયામાં આવી રહેલા અહેવાલોનું ખંડન કરનારા મીડિયા કન્વીનર અભય ચોપરાની ભૂમિકા પણ શંકાના ઘેરામાં આવી ગઈ છે. સમાજના એક મોટા વર્ગનો આરોપ છે કે મીડિયા કન્વીનર દ્વારા સત્ય અને તથ્યોની યોગ્ય તપાસ કર્યા વિના જ સતત બચાવપક્ષના નિવેદનો જાહેર કરવામાં આવી રહ્યા છે અને આ બાબતને દબાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આ વલણ સામે સમાજના પ્રતિવિધિઓએ કડક વાંધો ઉઠાવ્યો છે અને અભય ચોપરા પાસે પણ પોતાનું સ્ટેન્ડ સ્પષ્ટ કરવાની માંગ કરી છે.

ઉજ્જૈનમાં મહા પ્રેસ કોન્ફરન્સ અને દેશવ્યાપી બહિષ્કારની હાકલ

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ઉજ્જૈનમાં આગામી દિવસોમાં એક વિશાળ પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવાની સંપૂર્ણ રૂપરેખા તૈયાર કરી લેવામાં આવી છે. આ પ્રેસ કોન્ફરન્સમાં જૈન સમાજના મોભીઓ, વરિષ્ઠ વકીલો અને પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત રહેશે, જ્યાં આ કેસ સંબંધિત તમામ દસ્તાવેજો અને પુરાવાઓ મીડિયા સમક્ષ જાહેર કરવામાં આવશે.

તેની સાથે જ સમાજે નીચે મુજબના કડક પગલાં લેવાનો નિર્ણય કર્યો છે:

કાર્યક્રમોનો સંપૂર્ણ બહિષ્કાર: દેશભરના આયોજકોને અપીલ કરવામાં આવી છે કે તેઓ સાગરચંદ્ર સાગરના કોઈપણ ધાર્મિક કે સામાજિક કાર્યક્રમનું આયોજન ન કરે.

જાહેર ચેતવણી: જૈન સમાજના પ્રતિનિધિઓએ આયોજકોને કડક શબ્દોમાં ચેતવણી આપી છે કે આવા વિવાદાસ્પદ વ્યક્તિઓને કોઈ મંચ પૂરું પાડવામાં ન આવે.

સ્થાનિક તંત્ર અને પોલીસની નજર

મામલો તંગ બનતા જ સ્થાનિક વહીવટીતંત્ર અને પોલીસ વિભાગ પણ પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે જેથી કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે. જૈન સમાજના પ્રતિનિધિઓએ તંત્ર પાસે માંગ કરી છે કે રજૂ કરવામાં આવેલા ડિજિટલ પુરાવાઓની ટેકનિકલ તપાસ કરવામાં આવે અને દોષિતો સામે કાયદા મુજબ કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે.

ઈન્સ્પેક્ટર અને સબ ઈન્સ્પેક્ટર કક્ષાના 9 અધિકારીઓની આંતરિક બદલીઓ કરાઈ!

જિલ્લા પોલીસ વડા (SP) દ્વારા વહીવટી સરળતા અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ વધુ સુદ્રઢ બનાવવાના હેતુથી કરાયા આદેશ : 4 પોલીસ ઈન્સ્પેક્ટર (PI) અને 5 પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI) ને નવી જગ્યાઓ પર મૂકાયા; બદલીના આદેશથી પોલીસ બેડામાં ખળભળાટ

નડિયાદ (ખેડા)

ખેડા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને વધુ મજબૂત બનાવવાની દિશામાં તેમજ વહીવટી સરળતા માટે જિલ્લા પોલીસ તંત્રમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. ખેડા જિલ્લા પોલીસ વડા (SP) દ્વારા એક મહત્વપૂર્ણ આદેશ જારી કરીને જિલ્લાના પોલીસ બેડામાં ફરજ બજાવતા પોલીસ ઈન્સ્પેક્ટર (PI) અને પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI) સહિત કુલ ૯ અધિકારીઓની તાત્કાલિક અસરથી આંતરિક બદલીઓ કરવામાં આવી છે. આ સામૂહિક ફેરબદલથી સમગ્ર જિલ્લાના પોલીસ મહેકમમાં ભારે ચર્ચા જાગી છે. મળતી વિગતો અનુસાર, જિલ્લામાં ગુનાખોરી પર અંકુશ મેળવવા અને પ્રજાલક્ષી કામગીરીને વધુ ઝડપી તથા પારદર્શક બનાવવા માટે આ આંતરિક બદલીઓ હાથ ધરવામાં આવી છે. બદલી કરવામાં આવેલા અધિકારીઓમાં ૪ PI કક્ષાના વરિષ્ઠ અધિકારીઓ અને ૫ PSI કક્ષાના અધિકારીઓનો સમાવેશ થાય છે. તેમને જિલ્લાના વિવિધ મહત્વના પોલીસ સ્ટેશનો, લીવ રિઝર્વ તેમજ વિવિધ શાખાઓમાં નવી જવાબદારીઓ સોંપવામાં આવી છે. અધિકારીઓની બદલીની મુખ્ય વિગતો: જિલ્લાના વિવિધ પોલીસ મથકોમાં લાંબા સમયથી ફરજ બજાવતા અને મહત્વની કામગીરી સંભાળતા અધિકારીઓને નવી જગ્યાએ ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. કેટલાક અધિકારીઓને કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ સંવેદનશીલ ગણાતા વિસ્તારોમાં તૈનાત કરાયા છે, જ્યારે કેટલાકને લીવ રિઝર્વ કે હેડક્વાર્ટર ખાતેથી ફિલ્ડમાં મુકવામાં આવ્યા છે. તમામ સ્ટાફ અને અધિકારીઓને તાત્કાલિક અસરથી નવી જગ્યાએ હાજર થઈને પોતાનો હોદ્દો સંભાળી લેવા આદેશ કરી દેવાયો છે. આ સામૂહિક બદલીઓના કારણે ખેડા જિલ્લાના અન્ય પોલીસ કર્મચારીઓ અને અધિકારીઓમાં પણ ભારે સળવળાટ જોવા મળી રહ્યો છે. જિલ્લા પોલીસ વડાના આ આકરા અને વહીવટી આદેશ બાદ હવે તમામ સંબંધિત પોલીસ સ્ટેશનોમાં ગુનાખોરી નિયંત્રણ, દારૂ-જૂગારની પ્રવૃત્તિઓ પર અંકુશ અને પ્રજાની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે નવી ઊર્જા સાથે કામગીરી શરૂ થાય તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

ગોરવા મધુનગરના યુવક મોહનસિંહ ચૌહાણની રહસ્યમય હત્યા કે આપઘાત

રાયપુરા કેનાલમાંથી બે દિવસથી ગુમ યુવકનો શબ મળતાં ચકચાર!

વડોદરા

વડોદરા શહેરના ગોરવા વિસ્તારના મધુનગરમાં રહેતા અને છેલ્લા બે દિવસથી રહસ્યમય સંજોગોમાં ગુમ થયેલા યુવક મોહનસિંહ ચૌહાણનો મૃતદેહ આજરોજ રાયપુરા નર્મદા કેનાલમાંથી મળી આવતા સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટી અને સનસની ફેલાઈ ગઈ છે. ફાયર બ્રિગેડ અને પોલીસની ટીમે ભારે જહેમત બાદ યુવકની બોડીને કેનાલમાંથી બહાર કાઢી હતી. જોકે, આ ઘટના સામે આવતાની સાથે જ મૃતકના પરિવારજનોએ બે યુવકો પર ગંભીર આક્ષેપો કર્યા છે કે, સોફિયાન અને અનીશ નામના શખ્સો મોહનસિંહને ઘરેથી બોલાવીને લઈ ગયા હતા અને અગાઉ તેમને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ ગંભીર ખુલાસા બાદ મામલો વધુ ગરમાયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગોરવા મધુનગરમાં રહેતા મોહનસિંહ ચૌહાણ છેલ્લા બે દિવસથી અચાનક ગુમ થઈ ગયા હતા. પરિવારજનો દ્વારા તેમની ભારે શોધખોળ કરવામાં આવી રહી હતી પરંતુ કોઈ પત્તો લાગ્યો ન હતો.

ભ્રષ્ટાચાર સામે રાજ્ય સરકારની કડક કાર્યવાહી

'ઓપરેશન ગંગાજળ' હેઠળ બે સિનિયર GAS અધિકારીઓ ફરજિયાત નિવૃત્ત!

ગાંધીનગર

ગુજરાત વહીવટી તંત્રમાં ભ્રષ્ટાચાર, અનિયમિતતા અને ગેરરીતિઓ આચરતા અધિકારીઓ સામે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકારે અત્યંત આક્રમક વલણ અપનાવ્યું છે. રાજ્ય સરકાર દ્વારા ચલાવવામાં આવી રહેલા ચર્ચિત 'ઓપરેશન ગંગાજળ' અંતર્ગત આજે વધુ બે સિનિયર ગુજરાત વહીવટી સેવા (GAS) ના વર્ગ-૧ ના અધિકારીઓ સામે ગાજ વીજળી વેગે ત્રાટકી છે. સરકારે ભ્રષ્ટાચારના આક્ષેપો અને ખાતાકીય તપાસના અહેવાલો વચ્ચે બે વરિષ્ઠ અધિકારીઓ ડી.આઈ. ભગલાણી અને જે.એમ. તુવરને તેમની નિયમિત નિવૃત્તિ વય અગાઉ જ તાત્કાલિક અસરથી ફરજિયાત નિવૃત્ત (Premature Retirement) કરી દીધા છે. રાજ્ય સરકારના સામાન્ય વહીવટી વિભાગ (GAD) દ્વારા લેવાયેલા આ કડક પગલાં હેઠળ જે બે સિનિયર GAS અધિકારીઓને સપાટામાં લેવાયા છે તેમાં: શ્રીમતી ડી.આઈ. ભગલાણી (GAS - સિનિયર સ્કેલ): તેઓ હાલ ગાંધીનગર ખાતે ગુજરાત રાજ્ય ટ્રાયબલ ડેવલપમેન્ટ રેસિડેન્શિયલ એજ્યુકેશનલ ઈન્સ્ટિટ્યુશન્સ સોસાયટી (GSTDREIS) માં સંયુક્ત કમિશનર (Joint Commissioner) તરીકે ફરજ બજાવતા હતા. શ્રી જે.એમ. તુવર (GAS - સિનિયર સ્કેલ): તેઓ ગાંધીનગર ખાતે ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમમાં મેનેજિંગ ડિરેક્ટર (MD) તરીકે જવાબદારી સંભાળી રહ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, અગાઉ કચ્છ જિલ્લામાં તેમની ફરજ દરમિયાન થયેલી કેટલીક ગેરરીતિઓ અને વિવાદોને લઈને પણ તેમની સામે તપાસનો દોર ચાલી રહ્યો હતો. સરકારી સેવાના નિયમો અનુસાર, ભ્રષ્ટાચાર, બેદરકારી કે વહીવટી અક્ષમતા સામે શૂન્ય સહિષ્ણુતા (Zero Tolerance) ની નીતિ અપનાવીને સરકાર દ્વારા 'ઓપરેશન ગંગાજળ' અભિયાન વેગવંતુ બનાવાયું છે. આ બંને અધિકારીઓ સામે નાણાકીય અનિયમિતતાઓ અને અન્ય ફરિયાદોને લઈને ખાતાકીય તપાસ ચાલી રહી હતી.

સરકાર દ્વારા તેમના સેવાકીય રેકોર્ડ અને કામગીરીની ઉચ્ચસ્તરીય સમીક્ષા કર્યા બાદ જાહેર હિતમાં આ બંનેને ઘરભેગા કરવાનો આકરો નિર્ણય લેવામાં આવ્યો છે. સરકારની આ તબક્કાવાર અને આક્રમક કાર્યવાહીથી રાજ્યના ભ્રષ્ટ અને બેજવાબદાર અમલદારોમાં ભારે ખળભળાટ અને ફફડાટ મચી ગયો છે.

અગાઉ પણ આ અભિયાન હેઠળ કેટલાક ઉચ્ચ અધિકારીઓ સામે સકંજો કસાયો છે, જે સાબિત કરે છે કે વહીવટી તંત્રમાં ગેરરીતિ કરનાર કોઈ પણ શખ્સને બક્ષવામાં આવશે નહીં.

PMના આગમન પહેલાં જ તંત્રની પોલ ખુલી

ડભોઇ-SOU માર્ગ પર ગંદકી ઢાંકવા મારેલા ફ્લેક્સ બોર્ડ જમીનદોસ્ત!!!

'સ્વચ્છતા હી સેવા'ના બેનરો પાછળ કચરાના ઢગલા યથાવત; અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરની મિલીભગતથી પ્રજાના નાણાંનો ધુમાડો

ડભોઇ

આગામી ૩૧મી ઓક્ટોબરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્ટેચ્યુ ઓફ યુનિટી (SOU) પ્રવાસને પગલે તંત્ર દ્વારા કરોડોના ખર્ચે તડામાર તૈયારીઓ દર્શાવાઈ રહી છે. પરંતુ ડભોઈથી સ્ટેચ્યુ ઓફ યુનિટી તરફ જતા મુખ્ય માર્ગ પર સ્થાનિક વહીવટી તંત્રની ગંભીર બેદરકારી, ભ્રષ્ટાચાર અને લોલમલોલ કામગીરીનો પર્દાફાશ થયો છે. વડાપ્રધાનના આગમન પહેલાં જ તંત્રએ કરેલો ઢાંકપિછોડો ખુલ્લો પડી જતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચર્ચા અને આક્રોશનો માહોલ સર્જાયો છે. મળતી વિગતો અનુસાર, ડભોઈના શિનોર ચોકડીથી લઈને નાંદોદી ભાગોળ સુધીના સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતા મુખ્ય માર્ગ પર વર્ષોથી ગંદકી અને કચરાના ઢગલા ખડકાયેલા છે. વડાપ્રધાનનો કાફલો અહીંથી પસાર થવાનો હોવાથી તંત્રનું નાક ન કપાય તે માટે કાયમી ધોરણે ગંદકી હટાવીને સફાઈ કરવાની જરૂર હતી. પરંતુ આળસુ અને ભ્રષ્ટ અધિકારીઓએ ગંદકી સાફ કરવાના બદલે રસ્તાની બંને બાજુએ 'સ્વચ્છતા હી સેવા' જેવા મોટા-મોટા સ્લોગનો વાળા ફ્લેક્સ બોર્ડ અને બેનરો મારીને ગંદકીને ઢાંકી દેવાનો કાગળનો ખેલ ખેલ્યો હતો. કોન્ટ્રાક્ટર દ્વારા

રાતોરાત અને ઉતાવળે ઊભા કરવામાં આવેલા આ બોર્ડનું માળખું એટલું તકલાદી અને હલકી ગુણવત્તાનું હતું કે સાધારણ પવન આવતાની સાથે જ મોટાભાગના બેનરો તૂટીને જમીનદોસ્ત થઈ ગયા હતા. પીએમના આગમનને હજુ ગણતરીના કલાકો-દિવસો બાકી છે તે પહેલાં જ બોર્ડ ધરાશાયી થઈ જતાં તંત્ર દ્વારા આચરેલો ઢાંકપિછોડો ખુલ્લો પડી ગયો છે અને બોર્ડ પાછળ સંતાડેલી ગંદકી ફરીથી લોકો સામે આવી ગઈ છે. સ્થાનિક નાગરિકોમાં આ બાબતે અત્યંત આક્રોશ જોવા મળી રહ્યો છે. લોકોના જણાવ્યા મુજબ, કોન્ટ્રાક્ટર અને લાગતા-વળગતા અધિકારીઓની મિલીભગતના કારણે કોઈ પણ પ્રકારના મજબૂત આયોજન વિના આવી તકલાદી કામગીરી કરવામાં આવે છે.

પાક્કો ગુજરાત
બુધવાર | 28 ઓક્ટોબર 2026 | અમદાવાદ

NTSE સ્કોલરશિપ યોજના પાંચ વર્ષથી બંધ

મોદી સરકારના પ્રચાર-પ્રવાસ પાછળ કરોડોનો ખર્ચ, તેજસ્વી વિદ્યાર્થીઓની NTSE સ્કોલરશિપ પાંચ વર્ષથી ઠપ્પ!

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મીડિયા કન્વીનર ડૉ. મનિષ દોશીનો લાલઘુમ આક્ષેપ: "સરકાર પાસે પ્રચાર માટે ખજાનો ખુલ્લો છે, પણ ભવિષ્યના વૈજ્ઞાનિકો-વિદ્યાર્થીઓ માટે ફૂટી કોડી નથી!"

અમદાવાદ

કેન્દ્રની ભાજપા સરકારની પ્રાથમિકતાઓ ફરી એકવાર દેશના યુવાનો અને તેજસ્વી વિદ્યાર્થીઓ સામે ખુલ્લી પડી ગઈ છે. દેશના ૧૦મા ધોરણના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને શોધીને તેમને ઉચ્ચ શિક્ષણ સુધીની આર્થિક સહાય અને પોષણ આપતી ભારત સરકારની અત્યંત મહત્વપૂર્ણ અને ફ્લેગશિપ યોજના એવી 'રાષ્ટ્રીય પ્રતિભા શોધ પરીક્ષા' (NTSE) છેલ્લા પાંચ વર્ષથી એટલે કે ૨૦૨૧થી સંપૂર્ણપણે અટકી પડી છે. આ ગંભીર બેદરકારી સામે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ ઉગ્ર રોષ વ્યક્ત કરતા સરકાર પર આકરા પ્રહારો કર્યા છે અને સ્પષ્ટ આરોપ મૂક્યો છે કે, 'કેન્દ્ર સરકાર સ્વ-

પ્રચાર અને વારંવાર વિદેશ પ્રવાસો માટે અમર્યાદિત નાણાં ઉડાડે છે, પરંતુ દેશના લાખો બાળકોના ઉજ્જવળ ભવિષ્યને અંધકારમાં ધકેલીને શિક્ષણના અધિકારથી વંચિત રાખવાનું પાપ કરી રહી છે.' શિક્ષણ અંગેની સંસદીય સ્ટેન્ડિંગ કમિટીએ પણ NTSE જેવી મહત્વની રાષ્ટ્રીય પરીક્ષા બંધ થવાને અત્યંત ગંભીર ગણાવીને તેને દેશની પ્રતિભા પાઈપલાઈન માટે એક મોટો ફટકો ગણાવ્યો છે. ૧૯૭૦ના દાયકાથી (૧૯૬૩ની મૂળ યોજના મુજબ) અવિરત ચાલતી આ યોજના દર વર્ષે સમગ્ર દેશમાંથી ૮થી ૯ લાખ તેજસ્વી ઉમેદવારોમાંથી લગભગ ૨,૦૦૦ મેરિટોરિયસ વિદ્યાર્થીઓની પસંદગી કરતી હતી.

આ યોજના માધ્યમિક શાળાથી લઈને અનુસ્નાતક (Post-Graduation) અને ડૉક્ટરલ (Ph.D.) સ્તર સુધી માસિક સ્કોલરશિપ અને માર્ગદર્શન પૂરું પાડતી હતી, જેના કારણે દેશમાં ટેલેન્ટની એક મજબૂત પાઈપલાઈન તૈયાર થતી હતી. માત્ર રાષ્ટ્રીય સ્તરે જ નહીં, પરંતુ ગુજરાતની વાત કરીએ તો રાજ્યમાંથી ૫૦,૦૦૦થી વધુ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ આ પરીક્ષામાં ઉત્સાહપૂર્વક ભાગ લેતા હતા, જેમાંથી ૨૦૦ થી ૩૦૦ વિદ્યાર્થીઓને આ વિશેષ તક મળતી હતી.

જોકે, આ યોજના બંધ થવાને કારણે અનુસૂચિત જાતિ (SC) સમુદાયો માટેના અનામત ફેકલ્ટી પદો અને સંશોધન ક્ષેત્રને પણ માઠી અસર પહોંચી છે.

સમીક્ષાઓ અને ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ ઈન્ટર-મિનિસ્ટેરિયલ કન્સલ્ટેશન માટે ફરીવાર 'NTSE 2.0' માટેનો ડ્રાફ્ટ એક્સપેન્ડિચર ફાઈનાન્સ કમિટી મેમો પરિભ્રમણ કરવા છતાં, શિક્ષણ અને નાણા મંત્રાલય વચ્ચે આંતરિક સંકલન અને નાણાકીય મંજૂરીના અભાવે આ મહત્વનો પ્રસ્તાવ આજદિન સુધી અટકી પડ્યો છે. હાલમાં જૂના સ્કોલર્સને મર્યાદિત સહાય (વાર્ષિક માંડ ૧૧ થી ૨૦ કરોડ રૂપિયા) અપાઈ રહી છે, પરંતુ છેલ્લા ૫ વર્ષથી નવી કોઈ જ પરીક્ષા યોજાઈ નથી.

ડૉ. મનિષ દોશીની આક્રમક માંગણીઓ: 1. ત્વરિત પુનઃશરૂઆત: NTSE (અથવા મજબૂત સ્વરૂપવાળી NTSE 2.0) પરીક્ષા તાત્કાલિક ધોરણે ફરી શરૂ કરવામાં આવે અને તેને સંપૂર્ણ નાણાકીય મંજૂરી આપવામાં આવે. પારદર્શકતાની માંગ: પ્રચાર અને જાહેરાતોનું બજેટ બેફામ વધતું હોવા છતાં, દાયકાઓથી દેશની સેવા કરતી આ યોજનાને જાણી જોઈને કેમ અવગણવામાં આવી? તે અંગે સરકાર શ્વેતપત્ર જાહેર કરે અને પારદર્શક સ્પષ્ટતા આપે.

જેલમાં બંધ AAP ધારાસભ્ય ચૈતર વસાવાને સુપ્રીમ કોર્ટમાંથી રાહત

ગાંધીનગર

આમ આદમી પાર્ટી (AAP) ના ડેડિયાપાડાના ધારાસભ્ય અને આદિવાસી નેતા ચૈતર વસાવાને સુપ્રીમ કોર્ટ તરફથી મોટી રાહત મળી છે. લાંબા સમયથી જેલમાં બંધ ચૈતર વસાવાને સર્વોચ્ચ અદાલતે તેમના બીમાર ભાઈની મુલાકાત લેવા માટે ૩ દિવસના હંગામી (ટેમ્પરરી) જામીન મંજૂર કર્યા છે. કોર્ટના આ આદેશથી વસાવા પરિવાર અને તેમના સમર્થકોમાં રાહતની લાગણી ફેલાઈ ગઈ છે.

મળતી માહિતી મુજબ, ધારાસભ્ય ચૈતર વસાવાના સગા ભાઈની તબિયત છેલ્લા કેટલાક સમયથી અત્યંત નાજુક ચાલી રહી છે અને તેઓ હાલ હોસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે ઝોલા રહ્યા છે. પોતાના ભાઈની ખરાબ તબિયતના સમાચાર મળતા ચૈતર વસાવા તરફથી કાનૂની માધ્યમથી સુપ્રીમ કોર્ટમાં હંગામી જામીન માટે અરજી દાખલ કરવામાં આવી હતી.

આ કેસની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે માનવતાવાદી અભિગમ દાખવતા ચૈતર વસાવાને તેમના બીમાર ભાઈને મળવા અને પરિવારની આ મુશ્કેલ ઘડીમાં સાથે રહેવા માટે ત્રણ દિવસના ટૂંકા ગાળાના જામીન આપવાનો હુકમ કર્યો છે. કોર્ટના આદેશ અનુસાર, ૩ દિવસના આ હંગામી જામીન દરમિયાન ચૈતર વસાવા પોલીસ કસ્ટડી અથવા ચુસ્ત પોલીસ બંદોબસ્ત હેઠળ હોસ્પિટલ ખાતે પોતાના ભાઈની મુલાકાત લેશે. જામીનની આ મુદત પૂરી થતાં જ તેમને નિર્ધારિત સમયમર્યાદામાં પાછા જેલમાં હાજર થઈ જવું પડશે. રાજકીય અને સામાજિક વર્તુળોમાં ચૈતર વસાવાને મળેલી આ હંગામી રાહત હાલ ચર્ચાનો વિષય બની છે.

અંબાજીમાં રાઈડર્સ-ચગડોળની તપાસ માટે કલેક્ટર-પ્રાંત અધિકારીને ફરિયાદ, મદદનીશ કલેક્ટરને લેખિત રજૂઆત

અંબાજી

યાત્રાધામ અંબાજીમાં દિવાળી વેકેશન પહેલા જ ચગડોળો અને રાઈડર્સ ચાલુ થવા જઈ રહી છે, ત્યારે તેની સુરક્ષાને લઈને મોટી ફરિયાદ સામે આવી છે.કોઈના જીવ જોખમમાં ન મુકાય અને કોઈ યાત્રિકનો જીવ ન જાય, લોકોની સુરક્ષા જળવાઈ રહે તે માટે આ ચગડોળો પાસે કેવા પ્રકારની મંજૂરી લેવામાં આવી છે, તેની તટસ્થ તપાસ કરવા માટે અંબાજી ગ્રાહક સુરક્ષા કેન્દ્ર દ્વારા મદદનીશ કલેક્ટર અને પ્રાંત અધિકારીને લેખિત ફરિયાદ કરવામાં આવી છે ફરિયાદમાં જણાવ્યા મુજબ, અંબાજીમાં જે ચગડોળો અને રાઈડર્સ ઉભા કરવામાં આવી રહ્યા છે, તેમની પાસે પૂરતી મંજૂરી છે કે કેમ તેની તપાસ કરવામાં આવે.

ખાસ કરીને: 1. તંત્રની પૂરતી મંજૂરી લીધી છે કે કેમ? 2. ફાયર સેફ્ટીના સાધનો મૂકવામાં આવ્યા છે કે કેમ? 3. ઈમરજન્સી માટે એક્ઝિટ ગેટની વ્યવસ્થા છે કે કેમ? 4. અકસ્માત થાય તો પબ્લિક લાયેબિલિટી વીમો લેવામાં આવ્યો છે કે કેમ?આ તમામ મુદ્દાઓ પર તટસ્થ તપાસ કરવાની માંગ કરવામાં આવી છે.

આ ફરિયાદ બાદ હવે તંત્ર શું કાર્યવાહી કરે છે તેના પર સૌની નજર રહેશે. ફરિયાદ બાદ હવે દૂધનું દૂધ અને પાણીનું પાણી સામે આવી જશે. જો મંજૂરી વગર જ ચગડોળો ઉભા કરવામાં આવ્યા હશે તો તંત્ર દ્વારા કેવા પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે? શું તંત્ર આ ચગડોળોને સીલ કરશે કે માત્ર કાગળ પર જ કાર્યવાહી બતાવશે? તે જોવું રહ્યું.યાત્રાધામ અંબાજીમાં દરરોજ હજારો યાત્રિકો આવતા હોય છે, ત્યારે તેમની સુરક્ષા સાથે ચેડા ન થાય તે માટે તંત્રએ આ ફરિયાદને ગંભીરતાથી લઈને તાત્કાલિક સ્થળ તપાસ કરવી જોઈએ તેવી લોકમાગ ઉઠી રહી છે.

23મી TNAI ગુજરાત રાજ્ય કૉન્ફરન્સનો ભવ્ય શુભારંભ

નર્સિંગ પ્રોફેશનલ્સ માટે 'દયા, પ્રેમ અને કરુણા' એ જ સાચી દવા : આરોગ્ય મંત્રી

અમદાવાદ

રાજ્યના સ્વાસ્થ્ય ક્ષેત્રને વધુ મજબૂત અને માનવતાવાદી બનાવવાની દિશામાં વધુ એક મહત્વપૂર્ણ કદમરૂપ, ટ્રેઇન્ડ નર્સીસ એસોસિયેશન ઑફ ઈન્ડિયા (TNAI) ના ગુજરાત ચેપ્ટર દ્વારા આયોજિત એક દિવસીય ૨૩મી રાજ્ય કૉન્ફરન્સનો ભવ્ય શુભારંભ ગુજરાત રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના વરદ્ હસ્તે કરવામાં આવ્યો હતો. અમદાવાદના સરદાર વલ્લભભાઈ રાષ્ટ્રીય સ્મારક ખાતે 'ધ ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઑફ નર્સિંગ એજ્યુકેશન એન્ડ રિસર્ચ' (GINERA) દ્વારા આયોજિત આ કાર્યક્રમની થીમ 'રિડિફાઈનિંગ ક્લિનિકલ પ્રેક્ટિસ: એમ્પાવરિંગ નર્સ થ્રુ ઈનોવેટિવ ટેક્નોલોજી' રાખવામાં આવી હતી. ઉદ્ઘાટન સમારંભને સંબોધતા આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, આ પ્રકારની

કૉન્ફરન્સો કોઈ કુંભમેળા સમાન છે, જ્યાં જ્ઞાન અને કૌશલ્યનું અવિરત આદાનપ્રદાન થાય છે. એક માનવી તરીકે આપણે જીવનભર સતત શીખતા રહેવું પડે છે, અને નર્સિંગ જેવા ઉમદા ક્ષેત્રમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવા માટે સતત નવું અપડેટ થવું અનિવાર્ય છે.

આજના આધુનિક યુગ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ની બોલબાલા વિશે વાત કરતા મંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, 'ગમે તેવી આધુનિક ટેક્નોલોજી કે રોબોટ આવે, પરંતુ તે ક્યારેય નર્સિંગનું કામ લઈ શકશે નહીં.' રોબોટ માત્ર તબીબી કે ટેક્નિકલ જાણકારી આપી શકે છે, પરંતુ તે દર્દીની વેદનાને સમજીને લાગણી કે ભાવના સાથે કામ કરી શકતા નથી. દર્દી માટે દવા કરતાં પણ તેનું યોગ્ય વર્તન અને હૂંફભરી સારસંભાળ વધારે ગુણકારી સાબિત થાય છે. તેમણે ઉમેર્યું હતું કે નર્સિંગ વ્યવસાયમાં 'ટંગ મેનેજમેન્ટ' (વાણી અને વર્તન પર કાબૂ) ની ભૂમિકા સૌથી મોટી હોય છે, અને જેનું ટંગ મેનેજમેન્ટ શ્રેષ્ઠ હોય તે દુનિયા જીતી શકે છે. નર્સિંગ જગતના પાયા સમાન ફ્લોરેન્સ નાઈટિંગેલની પ્રેરણા આપતા મંત્રીશ્રીએ ઉપસ્થિત નર્સિંગ પ્રોફેશનલ્સને દયા, પ્રેમ અને કરુણા નો કાર્યમંત્ર આપ્યો હતો. તેમણે જણાવ્યું કે જો દર્દીની સેવા અને શ્રેષ્ઠ સારવાર માટે સાચું કમિટમેન્ટ હશે, તો દરેક નર્સના ભીતર રહેલી 'ફ્લોરેન્સ' આપમેળે બહાર આવશે.

વડોદરાના મકરપુરામાં મનપાનું બુલડોઝર ફર્યું: મનોકામના સોસાયટી-2માં ગેરકાયદેસર બાંધકામો જમીનદોસ્ત

વડોદરા

સંસ્કારી નગરી વડોદરાના મકરપુરા વિસ્તારમાં આજરોજ વડોદરા મહાનગરપાલિકા (VMC) ની દબાણ શાખા દ્વારા કડક અને મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મકરપુરા વિસ્તારમાં આવેલા તરસાલી સોમનાથ નજીક, રવિ પાક ચાર રસ્તા પાસે સ્થિત મનોકામના સોસાયટી-૨ માં પાલિકાની ટીમે કાફલા સાથે ત્રાટકીને ગેરકાયદેસર બાંધકામો પર બુલડોઝર ફેરવી દીધું હતું. પાલિકાની આ આક્રમક કામગીરીને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર અને ખળભળાટ મચી ગયો છે. મનપાની દબાણ શાખાની ટીમ જેવી બુલડોઝર અને પોલીસ બંદોબસ્ત સાથે મનોકામના સોસાયટી-૨માં પહોંચી, કે તરત જ સ્થાનિકોમાં અફરાતફરી મચી ગઈ હતી. વર્ષોથી ઊભા કરાયેલા ગેરકાયદેસર

દબાણો અને બાંધકામોને જમીનદોસ્ત કરવાની પ્રક્રિયા શરૂ કરાતાં જ સ્થળ પર હૃદયદ્રાવક અને વિરોધાભાસી દ્રશ્યો સર્જાયા હતા. પોતાના આશિયાના કે રોજીરોટીના સાધનો તૂટતા જોઈને કેટલાક રહીશોની આંખોમાંથી આંસુ સરી પડ્યા હતા. દબાણ દૂર કરવાની કાર્યવાહી દરમિયાન સ્થળ પર ક્યાંક સ્વજનોનું દુ:ખ અને આક્રંદ, ક્યાંક તંત્ર સામે ભારે નારાજગી અને આક્રોશ, તો વળી ગેરકાયદે દબાણોથી પરેશાન અન્ય સ્થાનિકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. તંત્રની આ સરપ્રાઈઝ કાર્યવાહીને પગલે સ્થાનિક નાગરિકોમાં ભારે મિશ્ર પ્રતિક્રિયાઓ સામે આવી છે.

ડભોઇના કરનેટ-સીતપુર કેનાલ રોડ પર મોતનો સિલસિલો

2 ફૂટ ઊંડા ખાડાઓનું સામ્રાજ્ય છતાં નર્મદા નિગમના અધિકારીઓ 'કુંભકર્ણની નિંદ્રા'માં!

ડભોઇ

વિકાસના મોટા-મોટા દાવાઓ વચ્ચે તંત્રની ઉદાસીનતા અને લાપરવાહી કેવી રીતે પ્રજા માટે અભિશાપ બની શકે છે, તેનું જીવંત ઉદાહરણ ડભોઇ તાલુકામાંથી સામે આવ્યું છે. ડભોઇ તાલુકાના કરનેટ ગામથી સીતપુર સુધી નર્મદા કેનાલની બાજુમાં આવેલો મહત્વપૂર્ણ એપ્રોચ રોડ હાલ અત્યંત જર્જરિત અને બિસ્માર હાલતમાં ફેરવાઈ ગયો છે. માર્ગ પર ડામરનું નામનિશાન મટી ગયું છે અને ઠેર-ઠેર ૨ ફૂટ જેટલા ઊંડા જીવલેણ ખાડા પડી ગયા છે, જેને કારણે આ રોડ પરથી પસાર થવું એટલે સીધેસીધું મોતને આમંત્રણ આપવા સમાન બન્યું છે.

નર્મદા નિગમ દ્વારા ગ્રામ્ય વિસ્તારો વચ્ચે સંપર્ક સરળ બને તથા ખેડૂતો પોતાના ખેતરો સુધી ટ્રેક્ટર, ખેતીના સાધનો અને પાક લઈને સહેલાઈથી અવરજવર કરી શકે તે માટે કેનાલની સાથોસાથ આ ડામર રોડ બનાવવામાં આવ્યો હતો. પરંતુ, હાલ આ રસ્તાની હાલત એટલી હદે દયનીય બની ગઈ છે કે તે 'માર્ગ' નહીં પરંતુ અકસ્માતોને આમંત્રણ આપતો અડ્ડો બની ગયો છે. ચોમાસાની ઋતુ પૂર્ણ થઈ ગઈ હોવા છતાં નર્મદા નિગમના અધિકારીઓ દ્વારા આ ખાડા પૂરવાની કે રસ્તો રિપેર કરવાની સામાન્ય તસ્દી પણ લેવામાં આવી નથી. આ બિસ્માર રોડના કારણે સ્થાનિકો અને અન્નદાતાઓની મુશ્કેલીઓ અસહ્ય બની ગઈ છે. ખેડૂતોને પોતાની મહેનતનો પાક બજાર સુધી પહોંચાડવામાં તેમજ ખાતર અને બિયારણ ખેતરે લઈ જવામાં ભારે હાલાકી ભોગવવી પડે છે. ૨ ફૂટ ઊંડા ખાડાઓમાં વાહનો પટકાવવાથી વાહનોને ભારે નુકસાન થાય છે અને રોજ અકસ્માતો સર્જાય છે. આ માર્ગ પર સ્ટ્રીટલાઈટ કે અન્ય સુવિધાના અભાવે રાત્રિના સમયે અજાણ્યા વાહનચાલકો માટે અહીંથી પસાર થવું અત્યંત જોખમી અને ભયજનક સાબિત થઈ રહ્યું છે.

જાસપુરમાં કરિયાણાની દુકાનમાંથી દારૂ ઝડપાયો : સાંતેજ પોલીસે 106 બોટલ જપ્ત કરી

ગાંધીનગર

ગાંધીનગરના સાંતેજ પોલીસ સ્ટેશનની ટીમે પેટ્રોલિંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે જાસપુર ગામથી અદાણી શાંતિગ્રામ તરફ જતા કાચા રસ્તા પર આવેલી એક કરિયાણાની દુકાન પર દરોડો પાડ્યો હતો. આ દરોડા દરમિયાન પોલીસે બિનવારસી હાલતમાં રાખવામાં આવેલી વિદેશી દારૂની 106 બોટલો કિંમત રૂ. 21,460 નો મુદ્દામાલ કબજે કર્યો હતો. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી ફરાર બુટલેગર સામે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સાંતેજ પોલીસ મથકના પીઆઈ એસ.આર. ચૌધરીની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે જાસપુર કેનાલ નજીક ખાનગી રાહે બાતમી મળી હતી કે જાસપુર ગામના ઠાકોરવાસમાં રહેતો નૈનસીંગ પુરણસીંગ ચૌહાણ પોતાની કરિયાણાની દુકાનમાં વિદેશી દારૂ રાખીને વેચાણ કરે છે. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક સ્થળ પર પહોંચી દરોડો પાડ્યો હતો. દરોડા વખતે દુકાન બંધ હાલતમાં હતી અને કોઈ ઈસમ હાજર નહોતો. પોલીસે શંકાના આધારે દુકાન આગળ મુકેલા ખાલી કેરેટ હટાવીને તપાસ કરતાં અંદરથી વિદેશી દારૂની 3 પેટીઓ મળી આવી હતી.

ડભોઇમાં મોતનું તાંડવ ખડું કરતું તંત્ર

40 ફૂટ ઊંચાઈએ સેફ્ટી વગર મજૂરો પાસે જોખમી કામ કરાવતો બેફામ કોન્ટ્રાક્ટર!

ડભોઇ

વિકાસના દાવાઓ વચ્ચે સામાન્ય પ્રજા અને ગરીબ શ્રમિકોના ભોગે ચાલતી લાપરવાહી કેટલી ખતરનાક સાબિત થઈ શકે છે તેનું જીવંત ઉદાહરણ ડભોઇ નગરપાલિકા વિસ્તારમાં સામે આવ્યું છે. ડભોઇના આંબાવાડી વિસ્તારમાં સ્થાનિક રહીશો માટે પીવાના પાણીની નવી ટાંકી બનાવવાની કામગીરી હાલ પૂરજોશમાં ચાલી રહી છે, પરંતુ આ વિકાસના કામ પાછળ શ્રમિકોના માનવ અધિકારો અને સુરક્ષાની ધજાગ ઉડાડવામાં આવી રહી છે. ટાંકીનું નિર્માણ કરી રહેલા કોન્ટ્રાક્ટરે પોતાની તિજોરી ભરવા માટે ગરીબ મજૂરોના જીવને દાવ પર લગાવી દીધા છે, જેને લઈને સ્થાનિક રહીશોમાં ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે. પ્રાપ્ત વિગતો



અનુસાર, આંબાવાડી વિસ્તારમાં બની રહેલી પાણીની ટાંકીની ઊંચાઈ અંદાજે ૪૦ ફૂટ જેટલી છે. આટલી ઊંચાઈ પર જીવના જોખમે કામ કરી રહેલા શ્રમિકોની સુરક્ષા માટે કોન્ટ્રાક્ટર દ્વારા કોઈ જ પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવામાં આવી નથી. મજૂરોને ન તો સેફ્ટી હેલ્મેટ અપાયા છે, ન તો સેફ્ટી બેલ્ટ (હાર્નેસ), સેફ્ટી શૂઝ કે પછી જરાક ચૂક પડ્યે જીવ બચાવી શકે તેવી સેફ્ટી નેટ (સુરક્ષા જાળી) જેવી કોઈ જ વ્યવસ્થા નથી. કોઈપણ જાતના આધાર કે સુરક્ષા કવચ વગર માત્ર સાદા ટેકા કે પાલખીના સહારે આ શ્રમિકો હવામાં અધ્ધર રહીને કામ કરવા મજબૂર બન્યા છે. જો જરાક પણ સંતુલન બગડે તો શ્રમિક સીધો ૪૦ ફૂટ નીચે પટકાય અને સ્થળ પર જ કરુણ મોત નીપજે તેવી ભયાનક અને કાળઝાળ પરિસ્થિતિ ત્યાં રોજ જોવા મળી રહી છે. આ સમગ્ર મામલે સૌથી વધુ આશ્ચર્ય અને આક્રોશજનક બાબત એ છે કે ડભોઇ નગરપાલિકાના જવાબદાર ઈજનેરો કે અધિકારીઓ સાઈટ વિઝિટ કરવા માટે કે ગુણવત્તા તથા સુરક્ષાની દેખરેખ રાખવા માટે ક્યારેય ડોકાતા પણ નથી. પાલિકા તંત્રની આ ભ્રષ્ટ અને આંખ આડા કાન કરવાની નીતિના કારણે કોન્ટ્રાક્ટર સંપૂર્ણપણે બેફામ બન્યો છે અને મનમાની ચલાવી રહ્યો છે.

ગોંડલમાં ભરબજારે ચાલતા વરલી મટકાના જુગારધામ ઉપર રાજકોટ રેન્જ ટીમ ત્રાટકી : 10 શખ્સો ઝડપાયા

રાજકોટ

રાજકોટ ગ્રામ્ય જિલ્લાના ગોંડલ સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી તાલુકા શાળાના જાહેર મેદાનમાં વરલી ફિચરના આંકડાનો જુગાર રમાતો હોવાની ચોક્કસ હકીકત રાજકોટ રેન્જ ટીમને મળી હતી. આ કામગીરી રાજકોટ વિભાગના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય ના સીધા માર્ગદર્શન હેઠળ અને રાજકોટ રેન્જના પોલીસ ઈન્સ્પેક્ટર અપૂર્વ પટેલની સૂચના મુજબ હાથ ધરવામાં આવી હતી. ગેરકાયદેસર પ્રોહિબીશન અને જુગારની પ્રવૃત્તિઓ શોધી કાઢવા માટે પોલીસ સબ-ઈન્સ્પેક્ટર પી.એન.મોરી, પોલીસ સબ-ઈન્સ્પેક્ટર બી.સી.મિયાત્રા, પોલીસ સબ-ઈન્સ્પેક્ટર એસ.પી. ગોહિલ તથા પોલીસ સબ-ઈન્સ્પેક્ટર એ.વાય.ઉધાસ અને સ્ટાફ દ્વારા હ્યુમનસોર્સથી માહિતી મેળવી જરૂરી અભ્યાસ કરવામાં આવી રહ્યો હતો.

આ દરમિયાન મળેલી ચોક્કસ હકીકતના આધારે પો.સ.ઈ. બી. સી.મિયાત્રા તથા તેમના સ્ટાફના માણસો વકારભાઈ અરબ, દિવ્યેશભાઈ સુવા અને ભોજાભાઈ ત્રમટાએ ભુવનેશ્વર મંદિર સામે કનૈયા પાનની દુકાન પાછળ આવેલા તાલુકા શાળાના મેદાનમાં રેઈડ પાડી હતી. પોલીસે ઘટનાસ્થળેથી જુગાર રમતા અને રમાડતા ઈસમોને રંગેહાથ પકડી પાડી રોકડા રૂપિયા ૧,૫૨,૩૦૦ તથા ૧૧ નંગ મોબાઈલ ફોન મળીને કુલ રૂપિયા ૨,૨૩,૮૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

આ જુગાર નેટવર્ક સાથે સંકળાયેલા કુલ ૧૫ આરોપીઓ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. જેમાં પકડાયેલા આરોપીઓમાં (૧) જગદીશ હરેશભાઈ ગયનાણી (રહે. આવાસ ક્વાર્ટર, નાનામવા મેઈનરોડ, રાજકોટ), (૨) જયદિપ ઉર્ફે બાડો લીલાભાઈ વોરા (રહે. ભોજપરા, ગોંડલ), (૩) મુનાફ ઉર્ફે મુનો ઈસ્માઈલભાઈ બ્લોચ (રહે. વોરાકોટેડા રોડ ખાડામાં, ગોંડલ), (૪) મજીદ ઓસમાણભાઈ સેતા (રહે. ભગવતપરા, ગોંડલ), (૫) વસીમ અબ્દુલશા શાહમદાર (રહે. ભગવતીપરા, ગોંડલ), (૬) વિપુલ ખેંગારભાઈ ગોલતર (રહે. વોરાકોટેડા રોડ, મફતીયાપરા, ગોંડલ), (૭) અશરફ કરીમભાઈ જલવાણી (રહે. ભોજપરા ગામ, ગોંડલ), (૮) રોનકઅલી આમદઅલી ત્રિવેદી (રહે. વોરા શેરી, ગોંડલ), (૯) મોહમ્મદભાઈ બચુભાઈ ચુડાસમા (રહે. આશાપુરા સોસાયટી, ગોંડલ) અને (૧૦) નાથાભાઈ થોભણભાઈ ચાંદેલા (રહે. મોવીયા ગામ, ગોંડલ) નો સમાવેશ થાય છે.

આરોગ્ય મંત્રીના આદેશને અધિકારીઓ ગોળીને પી ગયા?

રાજ્યના આરોગ્ય મંત્રીનો બોગસ ડોક્ટરો પર કડક કાર્યવાહીનો આદેશ, તો દાંતા-હડાદમાં કાર્યવાહી કેમ નહીં?

દાંતા

માંકડી, કુવારસી, દાંતા, જીતપુર, નવાવાસ સહિત 250થી વધુ બોગસ દવાખાના ધમધમી રહ્યા છે ગુજરાત રાજ્યના આરોગ્ય મંત્રી દ્વારા સમગ્ર રાજ્યમાં ડિગ્રી વગરના બોગસ ડોક્ટરો ઉપર કડક કાર્યવાહી કરવાની સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે. જે લોકો પાસે કોઈ ડિગ્રી નથી અને ગામડાઓમાં દવાખાના ખોલીને લોકોના આરોગ્ય સાથે ચેડા કરી રહ્યા છે, તેમની સામે તાત્કાલિક કાયદેસરની કાર્યવાહી કરવા આદેશ કરાયો છે. પરંતુ દાંતા અને હડાદ તાલુકામાં આરોગ્ય મંત્રીની આ કડક સૂચનાઓની કોઈ અસર જોવા મળી રહી નથી. દાંતા-હડાદમાં 250થી વધુ બોગસ દવાખાના! પ્રાપ્ત માહિતી અનુસાર, દાંતા-હડાદ તાલુકાના માંકડી, કુવારસી, દાંતા, જીતપુર, નવાવાસ જેવા અનેક ગામોમાં 250 કરતા પણ વધુ બોગસ ડોક્ટરો દ્વારા દવાખાના ખોલીને પ્રેક્ટિસ કરવામાં આવી રહી છે. આ ડોક્ટરો પાસે કોઈ માન્ય ડિગ્રી નથી, છતાં તેઓ એલોપેથી દવાઓ આપી રહ્યા છે, ઈન્જેક્શન આપી રહ્યા છે અને ગરીબ આદિવાસી લોકોના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડા કરી રહ્યા છે. આરોગ્ય મંત્રીના આદેશનું પાલન કેમ નહીં? સવાલ એ ઉઠી રહ્યો છે કે જ્યારે રાજ્યના આરોગ્ય મંત્રીએ સ્પષ્ટ આદેશ કર્યો છે કે બોગસ ડોક્ટરો પર તાત્કાલિક કાર્યવાહી કરો, ત્યારે દાંતા-હડાદ તાલુકાના આરોગ્ય અધિકારીઓ આ આદેશનું પાલન કેમ નથી કરી રહ્યા? શું અધિકારીઓ આરોગ્ય મંત્રીના આદેશને ગોળીને પી ગયા છે? કે પછી બોગસ ડોક્ટરોને કોઈનો છૂપો આશીર્વાદ છે? ગામડાઓમાં સાચા ડોક્ટરો નથી અને બોગસ ડોક્ટરો જ ગરીબોનો સહારો બન્યા છે, તેવા બહાના હેઠળ આ ધંધાને ખુલ્લી છૂટ આપી શકાય નહીં. ત્યારે હવે જોવાનું એ રહ્યું કે આરોગ્ય મંત્રીના આદેશનું દાંતા-હડાદમાં ખરેખર પાલન થશે કે પછી આ આદેશ પણ માત્ર કાગળ પર જ રહેશે? જો તાત્કાલિક કાર્યવાહી નહીં થાય તો કોઈ મોટી દુર્ઘટના સર્જાય તો તેની જવાબદારી કોની રહેશે?

તંત્રી લેખ...

લોકશાહીની ચોથી જાગીર પર કાયદાકીય તલવાર: સત્તાને સવાલો પૂછનારા ઈમાનદાર પત્રકારત્વ સામે ખતરો કે નિયમન?

- 'ગોદી મીડિયા' માટે મોજ અને 'સ્વતંત્ર પત્રકારત્વ' માટે કાંટાની વાડ: શું નવા આઈટી નિયમો અને કાયદાઓ વિપક્ષી અવાજને દબાવવાનું હથિયાર બની રહ્યા છે?

- ફેક ન્યૂઝની અસ્પષ્ટ વ્યાખ્યાથી લઈને તાત્કાલિક કન્ટેન્ટ હટાવવાની સત્તા સુધીના કાયદાઓથી લોકશાહીના પાયા જોખમમાં!

કોઈપણ સ્વસ્થ અને જીવંત લોકશાહી દેશમાં મીડિયાને હંમેશા 'ચોથી જાગીર' (Fourth Estate) તરીકે ઓળખવામાં આવે છે. સંસદ, ન્યાયતંત્ર અને કારોબારીની જેમ જ મીડિયાનું મુખ્ય અને પવિત્ર કામ સત્તામાં બેઠેલા શાસકોને તીખા સવાલો પૂછીને જનતા પ્રત્યે જવાબદાર રાખવાનું છે. પરંતુ, વર્તમાન સમયમાં જ્યારે ડિજિટલ સ્પેસ, સોશિયલ મીડિયા અને પત્રકારત્વને નિયંત્રિત કરવા માટે નવા-નવા કાયદાઓ અને આઈટી નિયમો (IT Rules) લાવવામાં આવી રહ્યા છે, ત્યારે મીડિયા જગતમાં એક સ્પષ્ટ બોડી વહેંચાઈ ગઈ છે-એક તરફ સત્તા પક્ષના ગુણગાન ગાતું 'સમર્થક મીડિયા' છે, તો બીજી તરફ સરકારની નીતિઓ સામે સવાલ ઉઠાવનાર 'સ્વતંત્ર મીડિયા' છે.



આ સ્થિતિ વચ્ચે સવાલ એ ઊભો થાય છે કે શું કાયદાઓ ખરેખર શિસ્ત માટે છે કે પછી સત્તા સામે અરીસો બતાવનારાઓની બોલતી બંધ કરવા માટે? આ અંગેના વિશ્લેષણાત્મક અને ગંભીર પાસાઓ નીચે મુજબ છે:

૧. સત્તા પક્ષને પ્રશ્ન કરનાર મીડિયા માટે કાયદાકીય ફાંદા અને જોખમો

જે ડિજિટલ ન્યૂઝ પ્લેટફોર્મ્સ, યુટ્યુબ ચેનલ્સ કે બેબાક પત્રકારો સરકારની નિષ્ફળતાઓ, ભ્રષ્ટાચાર કે વહીવટી ખામીઓ પર પ્રહાર કરે છે, તેમને કાયદાની કડક જોગવાઈઓ કેવી રીતે નડે છે તે સમજવું જરૂરી છે:

'ફેક ન્યૂઝ'ની અસ્પષ્ટ વ્યાખ્યા: કાયદાઓમાં ઘણીવાર 'ખોટી માહિતી' (Misinformation) કે 'ફેક ન્યૂઝ'ની વ્યાખ્યા એટલી બધી વ્યાપક અને અસ્પષ્ટ રાખવામાં આવે છે કે સરકાર વિરુદ્ધ કરવામાં આવેલી ગ્રાઉન્ડ રિયાલિટી કે ઈન્વેસ્ટિગેટિવ જર્નાલિઝમ (Investigative Journalism) ની સ્ટોરીઓને પણ સત્તાધારીઓ સરળતાથી 'નકલી' કે 'ભ્રામક' જાહેર કરીને દબાવી દે છે.

તાત્કાલિક કન્ટેન્ટ હટાવવાની સત્તા (Take-down Orders): આઈટી નિયમો હેઠળ સરકારી એજન્સીઓને રાષ્ટ્રીય સુરક્ષા કે જાહેર વ્યવસ્થાના નામે સોશિયલ મીડિયા પરથી કોઈપણ વીડિયો, આર્ટિકલ કે પોસ્ટને તુરંત હટાવવાનો આદેશ આપવાની સત્તા છે. અદાલતી પ્રક્રિયા કે ન્યાયિક તપાસ વિના થતી આ કાર્યવાહી સીધી રીતે સરકારની ટીકાને કચડી નાખવા માટે વપરાતી હોવાનો ગંભીર આક્ષેપ થાય છે.

કાયદાકીય અને આર્થિક દબાણ (Compliance Burden): કડક કાયદાકીય નિયમોનું પાલન કરવા માટે મજબૂત કાનૂની ટીમ અને ભંડોળ જોઈએ. મોટા અને સરકારપરસ્ત મીડિયા ગૃહો પાસે કરોડો રૂપિયા હોય છે, પરંતુ નાના, ઈમાનદાર અને સ્વતંત્ર પ્લેટફોર્મ્સ કાનૂની નોટિસો, પોલીસ કેસો, દંડ અને કોર્ટના ચક્કરમાં આર્થિક રીતે ભાંગી પડે છે.

સ્વ-સેન્સરશીપનો ભય (Chilling Effect): જ્યારે પત્રકારો જુએ છે કે સાચું લખવા કે સરકારની ટીકા કરવા બદલ દેશભરમાં પત્રકારો પર દેશદ્રોહ કે અન્ય ગંભીર કલમો હેઠળ કેસો થઈ રહ્યા છે, ત્યારે એક માનસિક ભયનો માહોલ ઊભો થાય છે. પરિણામે, કાનૂની કનડગતથી બચવા માટે મીડિયા સંસ્થાઓ આપોઆપ જ કડવા સત્યો છાપવાનું કે બતાવવાનું બંધ કરી દે છે.

૨. સત્તા પક્ષના સમર્થક મીડિયા માટે 'અભયદાન' અને અનુકૂળતા

બીજી બાજુ, જે મીડિયા સંગઠનો જનહિતના પ્રશ્નો ઉઠાવવાને બદલે માત્ર સત્તા પક્ષનો પ્રચાર કરે છે અથવા વિપક્ષ પર નિશાન સાધીને સરકારના ગુણગાન ગાય છે, તેમના માટે આ કાયદાઓ કોઈ મુશ્કેલી ઊભી કરતા નથી:

સરકારી રક્ષણ અને જાહેરાતોનું પીઠબળ: આવા મીડિયા ગૃહોને વહીવટી તંત્રનું સીધું રક્ષણ મળે છે. તેમના પર કાયદાકીય તલવાર ક્યારેય લટકતી નથી. ઉલટાનું, સરકારી જાહેરાતો (Government Advertisements) ના માધ્યમથી તેમને મોટું આર્થિક પ્રોત્સાહન મળતું રહે છે.

કાયદાનો પક્ષપાતી અમલ: વિવેચકો અને નિષ્ણાતોનો સ્પષ્ટ આરોપ છે કે નકલી સમાચારો કે નફરત ફેલાવનારા ભાષણો (Hate Speech) જો સત્તા પક્ષ કે તેના સમર્થકો દ્વારા ફેલાવવામાં આવે, તો કાયદાકીય એજન્સીઓ આંખ આડા કાન કરે છે; જ્યારે તે જ નિયમો સરકાર સામે સવાલ પૂછનારાઓ પર અત્યંત કડકાઈથી થોપવામાં આવે છે.

૩. લોકશાહી અને મુક્ત પત્રકારત્વ પર વિપરીત અસરો

જ્યારે કાયદાનો ઉપયોગ કલ્યાણકારી હેતુને બદલે રાજકીય હથિયાર તરીકે પક્ષપાતી રીતે થાય, ત્યારે દેશની લોકશાહીના પાયા હચમચી જાય છે: માહિતીનો અધિકાર અને જનતાની અજ્ઞાનતા: પ્રજા સુધી સાચી હકીકત પહોંચવાને બદલે માત્ર એક જ પક્ષની ગુણગાની વાતો પહોંચે છે, જેના કારણે સામાન્ય જનતા અંધારામાં રહે છે. અદાલતોનો આશરો: આ જ કારણે આજે ભારતમાં 'એડિટર્સ ગિલ્ડ ઓફ ઈન્ડિયા' (Editors Guild of India) અને અનેક પત્રકાર સંગઠનોએ આવા દમનકારી કાયદાઓ સામે સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના દરવાજા ખટકાવવા પડ્યા છે, જેથી બંધારણે આપેલી અભિવ્યક્તિની સ્વતંત્રતાનું રક્ષણ થઈ શકે.

નિષ્કર્ષ

આ વાત સો ટકા સાચી છે કે કાયદાનો ડર હંમેશા સત્તાની સામે આંગળી ચીંધનારને જ વધારે નડે છે. એક મજબૂત, સક્ષમ અને જીવંત લોકશાહી માટે એ અત્યંત જરૂરી છે કે કાયદાઓ એવા હોવા જોઈએ જે સામાજિક અપરાધો કે અરાજકતા ચોક્કસ રોકે, પરંતુ સત્તા પક્ષને સમયસર અરીસો બતાવનારા ઈમાનદાર અને નિડર પત્રકારોના હાથ ન બાંધે. ભારતની લોકશાહીની આ જ અસલી તાકાત રહી છે કે અહીં સત્તા સામે સવાલ પૂછવાની પરંપરા રહી છે, અને તેને જીવંત રાખવી એ પ્રત્યેક નાગરિકની જવાબદારી છે.

- ગ્રુપ એડિટર પવન માકન

ગુરૂવારે રોહિણી નક્ષત્રમાં કરવા ચોથ

ચંદ્ર ઉદયનો સમય રાત્રે 8.56 વાગ્યે : રોહિણી નક્ષત્ર ઉત્તમ છે, આખો દિવસ ચંદ્ર વૃષભ રાશિમાં ઉત્તમ ફળ આપનાર છે

આગામી તા.૨૯મીના ગુરૂવારે રોહિણી નક્ષત્રમાં કરવા ચોથ છે ચંદ્રનો ઉદયનો સમય રાત્રે ૮.૫૬નો છે. રોહિણી નક્ષત્ર પણ ઉત્તમ છે આખો દિવસ ચંદ્ર વૃષભ રાશિમાં હોવાથી ઉત્તમ ફળ આપનાર છે.

કરવા આને કહેવામાં આવે છે

કરવા એટલે માટીનો નાનો ઘડો જેમાં પાણી ભરીને પૂજા થાય. એના પર ઢાંકણ હોય, એને સ્વસ્તિકથી શણગારેલો હોય હાથે કંકુ થી પણ સ્વસ્તિક કરી શકાય છે. લાલ કલરનો હોય છે આ ઘડાને જ કરવા કહે છે.

આ દિવસનું વ્રત તથા પૂજન અંગે આ વ્રતમાં આખો દિવસ નકોરડો ઉપવાસ કરવાનો હોય છે.

આ દિવસે સાંજે ગણેશજી, મહાદેવ, પાર્વતીજી અને કાર્તિકેયનું પૂજન કરવું.

પૂજન કરવા માટે સૂર્ય વંદન કરવું, ત્યારબાદ એક બાજોઠ પર લાલ વસ્ત્ર પાથરી તેના ઉપર થાળી રાખીને મૂર્તિ રાખવી. જો મૂર્તિ ન હોય તો તેના બદલે સોપારીને નાડાછડી વીંટીને રાખવી.

ત્યારબાદ તેનું પૂજન કરવું, સાંજના સમયે પૂજન કર્યા બાદ કથા સાંભળવી.

આ પૂજન બ્રાહ્મણ પાસે પણ કરાવી શકાય છે

સંપૂર્ણ પૂજા વિધિ આ પ્રમાણે છે

કરવા ચોથના વ્રતની પૂજા વિધિ ખૂબ જ પવિત્ર અને નિયમબદ્ધ હોય છે. પરિણીત મહિલાઓ પોતાના પતિના દીર્ઘાયુષ્ય અને સુખી દાંપત્ય જીવન માટે આ વ્રત કરે છે.

અહીં કરવા ચોથ વ્રતની સવારથી લઈને રાત સુધીની સંપૂર્ણ પૂજા વિધિ

1. સૂર્યોદય પહેલાં (સરગીની વિધિ)

વ્રતના દિવસે સવારે સૂર્યોદય પહેલાં અંદાજે સવારે 4:00 થી 5:00 વાગ્યાની વચ્ચે ઊઠીને સ્નાન કરવું.

ત્યારબાદ સાસુ દ્વારા આપવામાં આવેલી 'સરગી' ગ્રહણ કરવી. સરગીમાં મીઠાઈ, ડ્રાયફ્રૂટ્સ, ફળ જેવી વસ્તુઓ હોય છે, જે આખો દિવસ ઉર્જા આપે છે.

સરગી ખાધા પછી, હાથમાં જળ લઈને આખો દિવસ નિર્જળા (અન્ન અને જળ ત્યાગીને) ઉપવાસ રાખવાનો સંકલ્પ કરવો.

2. બપોરના સમયે (પૂજાની તૈયારી)

બપોરે અથવા સાંજે પૂજાના થોડા સમય પહેલાં સ્વચ્છ વસ્ત્રો શક્ય હોય તો લાલ, પીળા અથવા ગુલાબી જેવા શુભ રંગના કપડાંપહેરીને સોળ શણગાર સજવો.

ઘરના ઈશાન ખૂણામાં (અથવા પૂજાના સ્થાન પર) ચોખ્ખી જગ્યાએ ગેરૂ અથવા હળદરથી નાનો ચોકો પૂરવો.

ત્યાં એક લાકડાનો બાજોઠ (પાટલો) મૂકી તેના પર લાલ વસ્ત્ર પાથરવું.

બાજોઠ પર શિવ પરિવાર ભગવાન ગણેશ, શિવજી, માતા પાર્વતી અને કાર્તિકેય તેમજ કરવા માતાની મૂર્તિ અથવા ફોટો સ્થાપિત કરવો. જો ફોટો પણ ન મળે તો સોપારી રાખી શકાય

3. સાંજના સમયે (મુખ્ય પૂજા વિધિ) કરવાની

સ્થાપના: માટીના બે કરવા (પાત્ર) લો. એક કરવામાં પાણી ભરો અને બીજા કરવામાં અનાજ, સિક્કો અથવા મીઠાઈ ભરો. કરાવા પર મોલી (નાડાછડી) બાંધવી અને હળદર-કુમકુમથી સ્વસ્તિક (સાથિયો) બનાવવો.

પૂજા અર્ચના: સૌ પ્રથમ ગણેશજીની પૂજા કરવી. ત્યારબાદ શિવ-પાર્વતી પૂજા કરવી માતાને કુમકુમ, અક્ષત (ચોખા), અબીલ, ગુલાલ, ફૂલ અને ભોગ અર્પણ કરવા.

કરવા બદલવાની વિધિ: પૂજા દરમિયાન પરિણીત મહિલાઓ એકબીજા સાથે કરવા ફેરવવાની (બદલવાની) વિધિ કરે છે. કરવા ફેરવતી વખતે સુહાગન મહિલાઓ મંગળ ગીતો ગાય છે.

વ્રત કથા: પૂજાના અંતે હાથમાં ચોખાના થોડા દાણા રાખીને કરવા ચોથની પૌરાણિક વ્રત કથા ખૂબ જ શ્રદ્ધાપૂર્વક સાંભળવી અથવા વાંચવી. કથા પૂરી થયા પછી હાથના ચોખા કરવા માતાના ચરણોમાં અર્પણ કરવા.

4. રાત્રિના સમયે ચંદ્ર દર્શન અને અર્ઘ્ય વિધિ

રાત્રે જ્યારે ચંદ્રોદય થાય ત્યારે પૂજાની થાળી તૈયાર કરવી, જેમાં દીવો, ચારણી (ગળણી), પાણીનો લોટો અને મીઠાઈ હોવી જોઈએ.

ચારણીની અંદર દીવો પ્રગટાવીને સૌ પ્રથમ ચારણીમાંથી ચંદ્રદેવના દર્શન કરવા.

લોટાના જળમાં સહેજ દૂધ, અક્ષત અને ફૂલ મિક્સ કરીને ચંદ્રદેવને અર્ઘ્ય (જળ) અર્પણ કરવું અને પતિના લાંબા આયુષ્ય માટે પ્રાર્થના કરવી.

ત્યારબાદ તે જ ચારણીમાંથી દીવાના પ્રકાશમાં પોતાના પતિનો ચહેરો જોવો.

પતિના ચરણ સ્પર્શ કરી આશીર્વાદ લેવા. પતિ પોતાના હાથે પત્નીને પાણી પીવડાવીને અને મીઠાઈ ખવડાવીને વ્રતના પારણા કરાવે છે ઉપવાસ છોડાવે છે

5. સાસુના આશીર્વાદ (બાયનું અર્પણ કરવું)

વ્રત પૂર્ણ થયા પછી, પૂજામાં રાખેલું સોના-ચાંદીનું કે માટીનું પાત્ર (કરવો), વસ્ત્રો, શણગારની સામગ્રી અને મીઠાઈ ઘરના વડીલ અથવા સાસુના ચરણ સ્પર્શ કરીને તેમને ભેટ (જેને 'બાયનું' કહેવાય છે) તરીકે આપવા અને તેમના આશીર્વાદ લેવા. જો સાસુ હાજર ન હોય તો ઘરના કોઈ પણ વડીલ સ્ત્રીને તે આપી શકાય છે.

આ વિધિ પૂર્ણ કર્યા પછી પરિવાર સાથે સાત્વિક ભોજન ગ્રહણ કરવું.

રિવાજ પ્રમાણે પ્રદેશ પ્રમાણે પૂજા વિધિમાં થોડો ફેર હોઈ શકે છે

કરવા ચોથનું વ્રત 12 વર્ષ અથવા 16 વર્ષ સુધી રહેવું જોઈએ તથા આજીવન પણ રહી શકાય.

વ્રતના ઉદ્યાપનમાં 13 સુહાગન બહેનોને ભોજન કરાવવું, જોકે વ્રતનું ઉજવણું રિવાજ પ્રમાણે અલગ અલગ હોઈ શકે છે:

પંચાંગ અને મુહૂર્ત

પંચાંગ પ્રમાણે આસો વદ ચોથને ગુરૂવાર તા.29 ઓક્ટોબરના દિવસે કરવા ચોથ છે.

આ ઉપરાંત આખો દિવસ દરમિયાન ચંદ્ર પોતાની ઉચ્ચ રાશિ વૃષભ રાશિમાં છે.

આમ, આ વર્ષની કરવા ચોથ રાશિ, યોગ અને નક્ષત્ર મુજબ ઉત્તમ ફળદાયી ગણાશે.

આ દિવસે પૂજાનો શુભ સમય રાત્રે 6.10 થી 8.45 કલાક સુધીનો રહેશે.

મોહનો પડદો: જ્યારે ભ્રમની પાછળ છુપાઈ જાય છે સત્ય!

મનુષ્યના જીવનમાં સૌથી મોટો પડકાર હંમેશાં મુશ્કેલ પરિસ્થિતિઓ સામે લડવાનો જ નથી હોતો, પરંતુ ઘણી વાર એ સત્યને ઓળખવાનો હોય છે, જેને તે પોતે જ સ્વીકારવા માગતો નથી. જીવનમાં જ્યારે મોહનો પડદો આંખો પર છવાઈ જાય છે, ત્યારે સામે ઊભેલી વાસ્તવિકતા પણ દેખાતી નથી. વ્યક્તિ એ જ જુએ છે, જે તેનું મન જોવા માગે છે અને એ જ માને છે, જેની સાથે તેની ભાવનાત્મક લાગણીઓ જોડાયેલી હોય છે.

મોહ માત્ર કોઈ વ્યક્તિ પ્રત્યેના લગાવનું નામ નથી. ધન, પ્રતિષ્ઠા, સંબંધો, પદ, પ્રસિદ્ધિ, ઈચ્છાઓ અને પોતાની માન્યતાઓ પ્રત્યે પણ મોહ હોઈ શકે છે. જ્યારે આ જ મોહ આપણી વિચારશક્તિ પર હાવી થઈ જાય છે, ત્યારે સાચા અને ખોટા વચ્ચેનો ભેદ ધીમે-ધીમે ધૂંધળો થવા લાગે છે.

મોહ સત્યને બદલી શકતો નથી, પરંતુ સત્યને જોવાની આપણી દૃષ્ટિ જરૂર બદલી નાખે છે.

ઘણી વાર આપણે કોઈ વ્યક્તિને એટલી સારી માનવા લાગીએ છીએ કે તેની ભૂલો પણ આપણને ગુણો જેવી લાગવા માંડે છે. તેની દરેક વાતમાં આપણને કોઈ ને કોઈ તર્ક દેખાય છે. તેનાથી વિપરીત, જે વ્યક્તિ સાથે આપણો મનમેળ ન હોય, તેની સાચી વાતોમાં પણ આપણને ખામી દેખાવા લાગે છે. મોહ અને પૂર્વગ્રહનું આ એવું જાળું છે, જેમાં ફસાઈને મનુષ્ય વાસ્તવિકતાથી દૂર થતો જાય છે.

સંબંધોમાં પણ મોહનો પડદો ઘણી વાર સત્યને છુપાવી દે છે. કોઈ સંબંધને બચાવવાની ઈચ્છામાં આપણે તેની કડવી વાસ્તવિકતાઓને સતત અવગણતા રહીએ છીએ. આપણને લાગે છે કે સમય જતાં બધું બરાબર થઈ જશે, પરંતુ ઘણી વાર સમય માત્ર એ સમસ્યાને વધુ ગંભીર બનાવે છે, જેને સ્વીકારવાની હિંમત

આપણે કરી હોતી નથી. સંબંધો નિભાવવાં સારી વાત છે, પરંતુ કોઈ સંબંધના મોહમાં પોતાનું આત્મસન્માન અને વિવેક ગુમાવી બેસવું યોગ્ય નથી.

આજના સોશિયલ મીડિયાના યુગમાં પણ મોહનાં અનેક સ્વરૂપો જોવા મળે છે. ચમકતી તસવીરો, સફળતાનું પ્રદર્શન અને બીજાઓની દેખાવ પૂરતી ખુશીઓ જોઈને આપણે પોતાના જીવનને ઓછું મૂલ્યવાન માનવા લાગીએ છીએ. આપણને બીજાઓનું જીવન સુંદર દેખાય છે, પરંતુ એ સુંદરતાની પાછળ છુપાયેલા સંઘર્ષો, એકલતા અને વાસ્તવિક પરિસ્થિતિઓ દેખાતી નથી. આ રીતે આપણે સત્ય કરતાં તેના શણગારેલા સ્વરૂપથી વધુ પ્રભાવિત થવા લાગીએ છીએ.

પ્રશ્ન એ છે કે મોહના આ પડદાને દૂર કેવી રીતે કરવો?

તેનો પ્રથમ ઉપાય છે-પોતાની જાત સાથે પ્રમાણિક રહેવું. કોઈ વાત આપણી ઈચ્છા વિરુદ્ધ હોય, ત્યારે પણ તેને સાંભળવાની અને સમજવાની હિંમત રાખવી જોઈએ. બીજો ઉપાય છે-લાગણીઓની સાથે વિવેકને પણ સ્થાન આપવું. કોઈને પ્રેમ કરવો, કોઈના પર વિશ્વાસ રાખવો કે કોઈ સંબંધને મહત્ત્વ આપવું ખોટું નથી; પરંતુ આ લાગણીઓને કારણે હકીકતોને નકારી કાઢવી એ પોતાની જાત સાથે અન્યાય કરવા સમાન છે. ત્રીજો ઉપાય છે-સમયાંતરે પોતાની માન્યતાઓની સમીક્ષા કરવી અને એ સ્વીકારવાની તૈયારી રાખવી કે આપણે પણ ખોટા હોઈ શકીએ છીએ.

સત્ય હંમેશાં સુખદ જ હોય એવું જરૂરી નથી. ઘણી વાર સત્ય આપણને દુ:ખ આપે છે, આપણી અપેક્ષાઓને તોડી નાખે છે અને આપણા વિશ્વાસને પડકારે છે. તેમ છતાં, સત્યનો સામનો કરવો જરૂરી છે, કારણ કે ભ્રમમાં જીવવાથી મળતું સુખ ક્ષણિક હોય છે, જ્યારે સત્યનો સ્વીકાર કરવાથી મળતી સ્પષ્ટતા જીવનને નવી દિશા આપી શકે છે.

જીવનમાં વિવેકવાન એ જ નથી, જેને બધું જ ખબર હોય; પરંતુ સાચા અર્થમાં વિવેકવાન એ છે, જે પોતાની પ્રિય માન્યતાઓની વિરુદ્ધ ઊભેલા સત્યને પણ સાંભળવાની હિંમત ધરાવતો હોય.

અંતે, મોહનો પડદો જેટલો ગાઢ હશે, સત્ય એટલું જ દૂર દેખાશે. પરંતુ જે દિવસે મનુષ્ય પોતાની લાગણીઓથી ઉપર ઊઠીને વાસ્તવિકતાને જોવાનું શરૂ કરશે, તે જ દિવસે તેની અંદર સમજણ, સ્વતંત્રતા અને યોગ્ય નિર્ણય લેવાની ક્ષમતાનો નવો પ્રકાશ પ્રગટશે.

કારણ કે જીવનની સૌથી મોટી જીત બીજાઓને ખોટા સાબિત કરવામાં નથી, પરંતુ પોતાની જાતને ભ્રમમાંથી મુક્ત કરીને સત્યને ઓળખવામાં છે.

- રૂપેશ સોલંકી, ભચાઉ, કચ્છ

પક્ષપલટાના શોખીન નેતાઓ પર તલવાર લટકી: રાજીનામા આપી પેટાચૂંટણી થોપનારા ધારાસભ્યો-સાંસદો ચૂંટણી ખર્ચ ભોગવશે કે 5 વર્ષ પ્રતિબંધ લાગશે?

- સુપ્રીમ કોર્ટે મામલો ગંભીર ગણી કેન્દ્ર સરકાર, ચૂંટણી પંચ અને AIADMKના ૬ પૂર્વ ધારાસભ્યોને પાઠવી નોટિસ
- તામિલનાડુમાં પક્ષપલટો કરીને રાજીનામા આપી પેટાચૂંટણી જીતી જવાનો મામલો પહોંચ્યો સર્વોચ્ચ માં

નવી દિલ્હી

દેશમાં લોકશાહીની મજાક ઉડાવતા પક્ષપલટા અને સ્વેચ્છાએ રાજીનામા આપીને પ્રજા પર વારંવાર થોપાતી પેટાચૂંટણીઓ સામે હવે સુપ્રીમ કોર્ટે કડક રૂખ અપનાવ્યો છે. સુપ્રીમ કોર્ટ એ બાબતની ઊંડાણપૂર્વક તપાસ કરવા માટે સહમત થઈ છે કે, જે ધારાસભ્યો કે સાંસદો સ્વેચ્છાએ પોતાના પદોથી રાજીનામા આપીને પેટાચૂંટણીઓ યોજવા મજબૂર કરે છે, તેમણે જ આખી ચૂંટણીનો આર્થિક ખર્ચ ભોગવવો જોઈએ અથવા તો તેમને આગામી સમયમાં ચૂંટણી લડવા માટે પાંચ વર્ષ સુધીનો પ્રતિબંધ (કૂલિંગ-ઓફ પિરિયડ) મૂકવો જોઈએ કે નહીં? આ ગંભીર મામલે સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકાર, ચૂંટણી પંચ અને AIADMKના ૬ પૂર્વ ધારાસભ્યોને નોટિસ પાઠવીને સળવાળા જવાબ માંગ્યા છે.

શું છે સમગ્ર મામલો?

અરજદાર કે. સુથન દ્વારા સુપ્રીમ કોર્ટમાં રજૂઆત કરવામાં આવી હતી કે, તામિલનાડુમાં AIADMKના છ ધારાસભ્યોએ મે અને જૂન મહિનામાં પોતાના પદ પરથી રાજીનામા આપી દીધા હતા અને વિજય થલપથિની TVK પક્ષમાં પક્ષપલટો કર્યો હતો. આશ્ચર્યની વાત તો એ છે કે તેમાંથી બે સભ્યો પાછળથી TVKના જ ત ઉમેદવાર તરીકે પેટાચૂંટણી લડીને ફરી જીતી પણ ગયા હતા.

આ કેસમાં અરજદાર તરફથી હાજર રહેલા સિનિયર એડવોકેટ શોએબ આલમે કોર્ટને જોરદાર રજૂઆત કરતા જણાવ્યું હતું કે, સત્તા અને પક્ષ બદલવા માટે વારંવાર રાજીનામા આપીને પ્રજાના નાણાંનો વ્યય કરતા જનપ્રતિનિધિઓ માટે કડક નાણાકીય જવાબદારી અને ચોક્કસ સમયનો પ્રતિબંધ (કૂલિંગ-ઓફ પિરિયડ) નક્કી કરવા અત્યંત અનિવાર્ય બની ગયું છે.

ચીફ જસ્ટિસની બેંચનો કડક આદેશ

ચીફ જસ્ટિસ સૂર્યા કાંતના નેતૃત્વ હેઠળની બેંચે આ અરજીને ગંભીરતાથી ધ્યાને લીધી છે. કોર્ટે સમય પહેલાં સ્વાર્થ ખાતર આપવામાં આવતા આવા રાજીનામાઓ સામે જરૂરી અને સુરક્ષાત્મક કાનૂની નિયમો બનાવવા અંગે કેન્દ્ર સરકાર, ચૂંટણી પંચ તેમજ પક્ષપલટો કરનાર AIADMKના સંબંધિત ૬ પૂર્વ ધારાસભ્યોને નોટિસ જારી કરી જવાબ રજૂ કરવા આદેશ કર્યો છે.

દેશની રાજનીતિ જુઓ ભાઈ... અને જનતાની હાલત પણ જુઓ!

આજના આધુનિક યુગમાં દેશની રાજનીતિ અને સામાન્ય જનતાની વાસ્તવિક દશા વચ્ચેનું અંતર જોવું હોય, તો સોશિયલ મીડિયા પર વાયરલ થતી આ વ્યંગ્યભરી પંક્તિઓ જ પૂરતી છે. એક તરફ દેશના મોટા-મોટા નેતાઓ અને રાજકીય પક્ષો સત્તા મેળવવા કે ટકાવી રાખવા માટે રોજ નવા-નવા મુદ્દાઓ ઉછાળી રહ્યા છે, તો બીજી તરફ રોજબરોજની મોંઘવારીથી ત્રસ્ત સામાન્ય પ્રજા માત્ર ચૂપચાપ આ બધું સહન કરવા મજબૂર બન્યા છે.

હાલની રાજકીય પરિસ્થિતિ પર નજર કરીએ તો અજબ જ તસવીર જોવા મળે છે: ભાજપ કહે છે: 'દેશમાં લોકશાહી બચાવો!' કોંગ્રેસ કહે છે: 'વોટ ચોરીનો મુદ્દો બચાવો!' અને સામાન્ય જનતા અસહાય બનીને કહે છે: 'ભાઈ, કોઈ મોંઘવારી પણ ઓછી કરાવો!' આ ત્રણેય સંવાદોમાં જ આજની સમગ્ર ભારતીય રાજનીતિની કડવી વાસ્તવિકતા છુપાયેલી છે. નેતાઓની લડાઈ માત્ર ખુરશી માટે, જનતાનો શ્વાસ રૂંધાય છે! ચૂંટણીઓ આવે કે જાય, રાજકીય પક્ષોના એજન્ડા હંમેશા પોતાના રાજકીય રોટલા શેકવા પૂરતા જ સીમિત રહી જાય છે. નેતાઓ મંચ પરથી લાભાલાભની વાતો કરે છે, એકબીજા પર આક્ષેપ-પ્રતિઆક્ષેપ કરે છે અને જનતાને મોટા-મોટા સપનાં બતાવે છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે જ્યારે સવાર પડે છે ત્યારે શાકભાજીના ભાવ, દૂધના કેરેટ, ખાદ્યતેલોના ડબ્બા, ગેસ સિલિન્ડરના ભાવો અને પેટ્રોલ-ડિઝીલના આસમાને પહોંચેલા રેટ્સ સામાન્ય માણસનું માસિક બજેટ ખોરવી નાખે છે.

પાક્કો ગુજરાત
બુધવાર I 28 ઓક્ટોબર 2026 I અમદાવાદ

નળ બેસાડી દીધા, પાઇપલાઇન પણ નાખી, છતાં એક વર્ષથી વધુ સમયથી પાણીનું એક ટીપું પણ નહીં!

કદવાલના નાથપુરા ફળિયામાં 'નળ સે જળ' યોજના સામે સવાલો!

પાણી માટે ગ્રામજનોને દૂરદૂર સુધી રઝળપાટ કરવાની નોબત, તંત્ર વહેલી તકે સમસ્યાનો ઉકેલ લાવે તેવી લોકમાગ

કદવાલ, ઈરફાન મકરાણી

કદવાલ ગામના નાથપુરા ફળિયામાં 'નળ સે જળ' યોજના અંતર્ગત નળ અને નળના સ્ટેન્ડ તો બેસાડી દેવામાં આવ્યા છે, તેમજ પાઈપલાઈન નાખવાની કામગીરી પણ કરવામાં આવી છે. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે આ કામગીરીને એક વર્ષથી પણ વધુ સમય વીતી ગયો હોવા છતાં આજદિન સુધી ફળિયાના રહીશોને નળમાંથી પાણીનું એક ટીપું પણ મળ્યું નથી. પરિણામે સરકારની યોજનાનો લાભ ક્યારે મળશે તેવા સવાલો સ્થાનિક રહીશોમાં ઊભા થયા છે.

યોજના તૈયાર, નળ પણ તૈયાર, તો પાણી ક્યારે મળશે? : સરકાર દ્વારા દરેક ઘર સુધી પીવાનું શુદ્ધ પાણી પહોંચાડવાના હેતુથી 'નળ સે જળ' યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના અંતર્ગત કદવાલના નાથપુરા ફળિયામાં નળના સ્ટેન્ડ ઊભા કરવામાં આવ્યા છે અને પાઈપલાઈન નાખવાની કામગીરી પણ કરવામાં આવી છે.

જોકે, આટલી કામગીરી થયા બાદ પણ નળમાંથી પાણી શરૂ ન થતાં યોજના માત્ર કાગળ પર અને નળ માત્ર દેખાવ પૂરતા રહી ગયા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

એક વર્ષથી વધુ સમય વીતી જવા છતાં પાણીનો પુરવઠો શરૂ ન થતાં નાથપુરા ફળિયાના રહીશો પાણીની રાહ જોઈ રહ્યા છે. લોકોને આશા હતી કે નળ અને પાઈપલાઈનની કામગીરી પૂર્ણ થયા બાદ ઘરના આંગણે જ પાણી મળી રહેશે, પરંતુ હજી સુધી તેમની આ આશા સાકાર થઈ નથી.

પાણી માટે દૂરદૂર સુધી જવા ગ્રામજનો મજબૂર : નાથપુરા ફળિયામાં પાણીની સુવિધા ઉપલબ્ધ ન થતાં સ્થાનિક લોકોને પાણી મેળવવા માટે દૂરદૂર સુધી જવાની ફરજ પડી રહી છે. રોજિંદા જીવનમાં પાણી જેવી પાયાની જરૂરિયાત માટે લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. એક તરફ સરકાર દ્વારા ઘરે-ઘરે નળથી પાણી પહોંચાડવાની વાત કરવામાં આવે છે, તો બીજી તરફ નળની સુવિધા હોવા છતાં પાણી ન મળતું હોવાની સ્થિતિ તંત્રની કામગીરી સામે સવાલો ઊભા કરે છે.

તંત્ર વહેલી તકે પાણી શરૂ કરાવે તેવી લોકમાગ : નાથપુરા ફળિયાના રહીશોને હવે માત્ર આશ્વાસન નહીં, પરંતુ વાસ્તવિક રાહતની જરૂર છે. સંબંધિત તંત્ર દ્વારા સ્થળ પર તપાસ કરી પાઈપલાઈન અને પાણી પુરવઠાની સ્થિતિની સમીક્ષા કરવામાં આવે અને વહેલી તકે નળમાં પાણી શરૂ કરવામાં આવે તેવી લોકમાગ ઊઠી છે.

હવે જોવાનું એ રહ્યું કે નાથપુરા ફળિયાના રહીશોને 'નળ સે જળ' યોજનાનો લાભ ક્યારે મળશે અને પાણીની સમસ્યામાંથી ક્યારે મુક્તિ મળશે? તંત્ર આ ગંભીર સમસ્યાને પ્રાથમિકતા આપીને વહેલી તકે ઉકેલ લાવે તે જરૂરી બન્યું છે.

દિવાળી પહેલાં VCE કર્મચારીઓના બાકી કમિશનની ચૂકવણી માટે યુનિયનની રજૂઆતથી આશા જાગી

કૃષિ મંત્રીના કાર્યાલય દ્વારા વિકાસ કમિશનરશ્રીને પત્ર લખી જરૂરી કાર્યવાહી માટે રજૂઆત કરાઈ

ગોસા (ઘેડ), વિરમભાઈ કે. આગઠ



ગુજરાત રાજ્યની ગ્રામપંચાયતો થી લઈને રાજ્ય સરકારની વિવિધ ઓનલાઈન સેવાઓમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવતા VCE (વિલેજ કમ્પ્યુટર એન્ટરપ્રેન્યોર) કર્મચારીઓના લાંબા સમયથી પડતર પ્રશ્નો અને બાકી કમિશનની ચૂકવણીનો મુદ્દો ફરી એકવાર ચર્ચામાં આવ્યો છે. દિવાળીના પવિત્ર તહેવાર પહેલાં કર્મચારીઓને તેમના હકનું બાકી કમિશન મળી રહે તે માટે ગુજરાત રાજ્ય કમ્પ્યુટર સાહસિક(VCE) મંડળ દ્વારા કરવામાં આવેલી રજૂઆતના પગલે VCE પરિવારમાં આશાનું નવું કિરણ જાગ્યું છે. ગુજરાત રાજ્ય સાહસિક ગ્રામ પંચાયત કમ્પ્યુટર સાહસિક (ઓપરેટર) મંડળના પ્રમુખ હિતેશભાઈ ઝાલાવાડિયાની રજૂઆતના અનુસંધાને કૃષિ મંત્રીશ્રીના કાર્યાલય તરફથી વિકાસ કમિશનરશ્રીને પત્ર લખવામાં આવ્યો છે. આ પત્રમાં VCE કર્મચારીઓના વિવિધ પડતર પ્રશ્નો તેમજ અલગ-અલગ સરકારી કામગીરીના કમિશનની લાંબા સમયથી બાકી રહેલી ચૂકવણીનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે. ખાસ કરીને દિવાળીના તહેવાર પહેલાં બાકી કમિશનના પ્રશ્નનો નિયમોનુસાર નિકાલ લાવી જરૂરી કાર્યવાહી કરવામાં આવે તેવી વિનંતી કરવામાં આવી છે. આ રજૂઆતને પગલે કર્મચારીઓમાં એવી આશા જાગી છે કે સંબંધિત વિભાગ આ પ્રશ્નને ગંભીરતાથી લઈને વહેલી તકે હકારાત્મક નિર્ણય લેશે. VCE કર્મચારીઓ માત્ર કમ્પ્યુટર પર કામગીરી કરતા કર્મચારીઓ નથી, પરંતુ ગ્રામ્ય વિસ્તારના નાગરિકો અને સરકારી તંત્ર વચ્ચેની મહત્ત્વપૂર્ણ કડી છે. ગામડાંના સામાન્ય નાગરિકોને સરકારી સેવાઓનો લાભ સરળતાથી મળી રહે તે માટે તેઓ સતત કાર્યરત રહે છે.

ખેડૂતોને જમીનના ઉતારા ઉપલબ્ધ કરાવવા, વિવિધ સરકારી પ્રમાણપત્રો મેળવવામાં મદદરૂપ થવા, સરકારી યોજનાઓની કામગીરી કરવા સહિતની અનેક ડિજિટલ સેવાઓ ગ્રામ્ય સ્તરે પહોંચાડવામાં VCE કર્મચારીઓનું યોગદાન નોંધપાત્ર છે.

દારૂનો કેસ પતાવવા ₹50 હજારની લાંચ માગવાના આરોપમાં ACBએ પકડેલા આંકલીના સરપંચ રમેશ બારીયા સસ્પેન્ડ

દેવગઢ બારીઆ, જાબીર શુક્લા

દેવગઢ બારીયા તાલુકાની આંકલી ગ્રામ પંચાયતના સરપંચ રમેશભાઈ ભીખાભાઈ બારીયા સામે લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો (ACB) દ્વારા કાયદેસરની કાર્યવાહી કરી ધરપકડ કરવામાં આવ્યા બાદ, જિલ્લા વિકાસ અધિકારી (DDO) હિરેન બારોટ દ્વારા તેઓને સરપંચ હોદ્દા પરથી તાત્કાલિક અસરથી મોકૂફ (સસ્પેન્ડ) કરવાનો આદેશ કરવામાં આવ્યો આંકલી ગામના એક ગ્રામજનના ખેતરમાંથી સાગટાળા પોલીસે ઈંગ્લિશ દારૂનો જથ્થો પકડ્યો હતો. આ કેસમાં પોલીસ કાર્યવાહીથી બચાવવા અને કેસ પતાવી દેવાના બહાને સરપંચ રમેશભાઈ બારીયાએ વચેટિયા બની ફરિયાદી પાસે રૂ. ૫૦,૦૦૦ની લાંચની માંગણી કરી હતી. ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે ગોધરા ACBનો સંપર્ક કર્યો હતો. ACB દ્વારા ગોઠવવામાં આવેલા છટકામાં સરપંચ રમેશ બારીયા રૂ. ૫૦,૦૦૦ની લાંચ લેતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા અને ૮ જુલાઈ ૨૦૨૬ના રોજ તેઓની ધરપકડ કરી દેવગઢ બારીયા સબ જેલ ખાતે મોકલી આપવામાં આવ્યા હતા. આ મામલે દાહોદ ACB દ્વારા ચાર્જશીટ રજૂ કરાયા બાદ અને પ્રોસિક્યુશન મંજૂરી મળ્યા પછી, જિલ્લા પંચાયત દાહોદ દ્વારા કાયદાકીય પ્રક્રિયાના ભાગરૂપે સરપંચને પોતાનો બચાવ રજૂ કરવા માટે ત્રણ વખત રૂબરૂ સુનાવણીની નોટિસ આપી તક આપવામાં આવી હતી.

શહેરાનગરના કાંકરી રોડ પર ફૂટપાથ પરના

નવા બાંકડા અસામાજિક તત્વો દ્વારા તોડી પડાતા નગરજનોમાં રોષ

શહેરા,(પંચમહાલ)

પંચમહાલ જિલ્લાના શહેરાનગરના -કાંકરી રોડ પર ફૂટપાથ પર મુકવામાં આવેલા સિમેન્ટના બાંકડા અસામાજિક તત્વો દ્વારા તોડી નાખવામાં આવ્યા હોવાની લોકમુખે ચર્ચા ઉઠી છે. શહેરાનગરના વિકાસમાં યશકલગી સમાન આ રોડ પર ફૂટપાથ બનાવવામાં આવી હતી અને તેના પર નગરજનોના બેસવા માટે બાંકડા મુકવામાં આવ્યા હતા. જોકે, કેટલાક અસામાજિક તત્વો દ્વારા આ બાંકડા તોડી નાખીને નુકસાન પહોંચાડવામાં આવતા નગરજનોમાં ભારે રોષની લાગણી વ્યાપી ગઈ છે.

પંચમહાલ જિલ્લાના શહેરાનગરના અણિયાદ ચોકડીથી આગળ જતો કાંકરી વિસ્તાર શહેરા નગરપાલિકા અંતર્ગત આવે છે. થોડા મહિના પહેલા ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ શહેરાનગર ખાતે આવ્યા હતા અને વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ તેમજ ખાતમુહૂર્ત કર્યું હતું. તે સમયે લાખો રૂપિયાના ખર્ચે આ રોડ પર સ્ટ્રીટ લાઈટ નાખવામા આવી હતી, તેમજ ફૂટપાથ રોડની બે સાઈડમાં બનાવવામાં આવી હતી, જેથી રાત્રિના સમયે આ રોડ વિસ્તાર સ્ટ્રીટ લાઈટથી ઝળહળી ઉઠે છે.

શહેરા નગરવાસીઓ જ્યારે આ રોડ પર ચાલવા નીકળે છે અને આરામથી બેસી શકે તે માટે બાંકડા પણ મુકવામાં આવ્યા હતા. પરંતુ, છેલ્લા કેટલાક સમયથી આ ફૂટપાથ પર મુકવામાં આવેલા બાંકડા તૂટેલી અવસ્થામાં જોવા મળી રહ્યા છે. લોકચર્ચા મુજબ, આ બાંકડા કેટલાક અસામાજિક તત્વો દ્વારા તોડી પાડવામાં આવ્યા હોવાની ચર્ચા ચાલી રહી છે.

એક બાજુ શહેરાનગરની શોભા વધે તેમજ લોકોને સુવિધા મળે તે દિશામાં તંત્ર સુવિધા આપી રહ્યું છે, ત્યારે કેટલાક અસમાજિક તત્વો દ્વારા આ બાંકડાને નુકસાન પહોંચાડવામાં આવતા નગરજનોમાં નારાજગી જોવા મળી છે. કેટલાક બાંકડા તોડી પાડવામાં આવ્યા છે અને કેટલાક બાંકડા ફૂટપાથ પરથી ગબડાવી દેવામાં આવ્યા હોય તેવી પરિસ્થિતિ જોવા મળી રહી છે. આ મામલે સરકારી મિલકતોને નુકસાન પહોંચાડનારા આવા તત્વો સામે શહેરા નગરપાલિકા તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવે તેવી પ્રબળ લોકમાંગ ઉઠી છે.

પોરબંદર: કર્મચારી સોસાયટી નજીકથી ઉધોગ નગર પોલીસે કારમાંથી 576 બોટલ વિદેશી દારૂના જથ્થો ઝડપાયો

ફિલ્મી ઢબે કારનો પીછો કરી રૂ.3.36 લાખથી વધુનો મુદ્દામાલ કબજે, કાર સાથે વાહન ચાલક ઝડપાયો. દારૂ આપનાર નાઘેડીના ભરત ગઢવી નામના શખ્સ સામે પણ ગુન્હો.

ગોસા(ઘેડ), વિરમભાઈ કે. આગઠ

પોરબંદર જિલ્લામાં દારૂ અને જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવા પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલી કાર્યવાહી અંતર્ગત ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમે મહત્વપૂર્ણ સફળતા મેળવી છે.

પોરબંદરની કર્મચારી સોસાયટી જીઆઈડીસી રોડ પરથી ઉદ્યોગનગર પોલીસે ફિલ્મી ઢબે કાર વાહનનો પીછો કરી ભારતીય બનાવટના વિદેશી દારૂની ચપટા (ક્વાટર) ૫૭૬, રૂ ૮૬,૪૦૦ તથા કાર વાહન મળી કુલ રૂ. ૩,૩૬,૪૦૦નો મુદ્દામાલ સાથે દેવભૂમિ દ્વારકાના જામ ખીરસરા ના એક શખ્સને ઝડપી પાડ્યો છે. તેમજ આ દારૂ આપનાર જામનગર ના નાઘેડી ના ભરત ગઢવી નામના શખ્સનું નામ ખુલતા તેમની સામે પણ ગુનો નોંધાયો છે

જુનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તથા પોરબંદર જિલ્લા પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાનાઓ એ જિલ્લામાં દારૂ-જુગારની બદીને ડામવા આપેલી સૂચના અન્વયે પોરબંદર ગ્રામ્ય વિભાગના નાયબ પોલીસ અધિક્ષક સુરજીત મહેડુ તથા ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એમ.ડી. વાળાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કવોડના પોલીસ કર્મચારીઓ પેટ્રોલિંગમાં હતા.

દરમિયાન સર્વેલન્સ ટીમના ASI ભાવિનભાઈ પ્રવીણભાઈ તથા પોલીસ કોન્સ્ટેબલ વિજયભાઈ જ્યંતીભાઈને સંયુક્ત બાતમી મળી હતી કે, પોરબંદરની કર્મચારી સોસાયટી થી જીઆઈડીસી તરફ જતા અવાવરુ રોડ પર વિદેશી દારૂની હેરાફેરી થઈ રહી છે. આ બાતમીના આધારે પોલીસ ટીમે વોચ ગોઠવી હતી.

આ દરમિયાન બાતમીવાળી જીજે-૦૬-એચએલ-૩૧૬૧ નંબરની કાર ત્યાંથી પસાર થતાં પોલીસે તેને અટકાવવા પ્રયાસ કરતા કાર ના ચાલકે કાર નહીં રોકતા અને ભગાડી જતાં તેનો ફિલ્મી ઢબે પીછો કરી કાર પકડી પાડી તપાસ હાથ ધરી હતી.

નવરાત્રિનો 'ઈન્સ્ટા-પ્રેમ' રસ્તા પર રઝળ્યો

બોયફ્રેન્ડ કપડાં લઈ આપીને રસ્તા પર છોડીને ભાગી ગયો, 181 અભયમની ટીમે યુવતીને ઉગારી

અમદાવાદ, સમીર પટેલ

સોશિયલ મીડિયાના ક્ષણિક પ્રેમ અને અંધ વિશ્વાસના કારણે યુવતીઓ કેવી મુશ્કેલીમાં મુકાઈ શકે છે તેનો વધુ એક ચોંકાવનારો કિસ્સો અમદાવાદ પૂર્વ વિસ્તારમાંથી સામે આવ્યો છે. નવરાત્રિ દરમિયાન ઈન્સ્ટાગ્રામ પર શરૂ થયેલી પ્રેમકહાનીનો અંત અત્યંત કરુણ આવ્યો છે. વોશરૂમ જવાનું કહીને ઘર છોડી ભાગેલી ૧૮ વર્ષીય યુવતીને તેનો બોયફ્રેન્ડ શૉપિંગ કરાવીને રસ્તા પર જ એકલી મૂકીને ભાગી છૂટ્યો હતો. જોકે, ઘટનાની જાણ થતાં જ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનની ટીમે ત્વરિત કામગીરી કરી યુવતીનું કાઉન્સેલિંગ કર્યું હતું અને તેને સુરક્ષિત રીતે તેના માતા-પિતાના ખોળામાં પહોંચાડી હતી. મળતી વિગતો મુજબ, અમદાવાદ પૂર્વમાં એક ૧૮ વર્ષીય યુવતી છેલ્લા બે દિવસથી ઘરેથી નીકળી ગયા બાદ રસ્તા પર અત્યંત માનસિક રીતે પરેશાન અને અસહાય હાલતમાં રઝળતી મળી આવી હતી. સ્થાનિક જાગૃત નાગરિક (થર્ડ પાર્ટી)નું ધ્યાન જતાં તેમણે તરત જ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનને જાણ કરી હતી. કૉલ મળતાં જ અભયમની રેસ્ક્યૂ ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. યુવતી ખૂબ જ ગભરાયેલી અને માનસિક તણાવમાં હોવાથી ટીમે અત્યંત સંવેદનશીલતાથી તેનું કાઉન્સેલિંગ શરૂ કર્યું હતું. કાઉન્સેલિંગ દરમિયાન યુવતીએ ધડાકો કર્યો હતો કે તે અગાઉ પણ ઘરેથી નીકળી ગઈ હતી. તાજેતરમાં નવરાત્રિના તહેવાર દરમિયાન તે જ્યારે માતા-પિતાના ઘરે આવી ત્યારે ઈન્સ્ટાગ્રામ મારફતે એક યુવક સાથે તેની મિત્રતા થઈ હતી. જોતજોતામાં આ મિત્રતા પ્રેમમાં પરિણમી હતી. ગત ૨૧મી તારીખે યુવતી ઘરમાં વોશરૂમ જવાનું બહાનું કાઢીને સગેવગે થઈ ગઈ હતી. ત્યારબાદ તે પોતાની એક પરિચિત યુવતી પાસે રહી હતી અને ત્યાંથી પોતાના બોયફ્રેન્ડ સાથે જતી રહી હતી. યુવકે શરૂઆતમાં યુવતીને પોતાની સાથે રાખીને કપડાં સહિતની વસ્તુઓ પણ અપાવી હતી. પરંતુ થોડા સમય બાદ યુવકનો અસલી ચહેરો સામે આવ્યો હતો અને તે યુવતીને રસ્તા પર જ એકલી અટુલી મૂકીને છૂ થઈ ગયો હતો.

દેવગઢ બારિયા અને ધાનપુર પોલીસ સ્ટેશનના પ્રોહિબિશનના ગુનાઓમાં નાસતા-ફરતા આરોપીને ઝડપી પાડતી દેવગઢ બારિયા પોલીસ

દેવગઢ બારીઆ, જાબીર શુક્લા

જિલ્લામાં નાસતા-ફરતા આરોપીઓને ઝડપી પાડવા માટે જિલ્લા પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી રહેલી વિશેષ કામગીરી અંતર્ગત દેવગઢ બારિયા પોલીસને સફળતા મળી.

દેવગઢ બારિયા અને ધાનપુર પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનના ગુનાઓમાં સંડોવાયેલા અને નાસતા-ફરતા આરોપી ફારુકભાઈ સત્તારભાઈ ચેમાને પોલીસે ઝડપી પાડ્યો.

પ્રાપ્ત વિગતો અનુસાર, પંચમહાલ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક વિધિ ચૌધરી (IPS) તથા દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક રવિરાજસિંહ જાડેજાની સૂચના અને લીમખેડા વિભાગના મદદનીશ પોલીસ અધિક્ષક કરણ એમ. પન્નાના માર્ગદર્શન હેઠળ દેવગઢ બારિયા પોલીસ ઈન્સ્પેક્ટર કે.કે. રાજપૂત દ્વારા પોલીસ સ્ટાફની ટીમ બનાવી નાસતા-ફરતા આરોપીઓને ઝડપી પાડવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન પોલીસને ખાનગી બાતમી મળી હતી કે, ફારુકભાઈ સત્તારભાઈ ચેમા દેવગઢ બારિયાના કાપડી માંછી ફળિયા ચોકડી પાસે હાજર છે. મળેલી બાતમીના આધારે પોલીસે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન આરોપી મળી આવતાં પોલીસે તેને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ઉનાના ભીંગરણમાં 85 વર્ષીય વૃદ્ધાની હત્યાનો ભેદ ઉકેલાયો: ભાણેજ વહુએ દાતરડાથી વૃદ્ધાનું ગળું અને કાન કાપી ઘરેણાં લૂંટ્યાં

પરિવારજનો સાથે રોકકળનું નાટક પણ કર્યું, ઉનાના ભીંગરણમાં 85 વર્ષીય વૃદ્ધાની હત્યાનો ભેદ ઉકેલાયો

ઉના, કૈલેશ ભટ્ટ

ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના ભીંગરણ ગામમાં 85 વર્ષીય વૃદ્ધાની ધોળા દિવસે કરપીણ હત્યા કરી કાનનાં સોનાનાં ઘરેણાં લૂંટવાના ચકચારી કેસનો નવાબંદર મરીન પોલીસે ભેદ ઉકેલ્યો છે. વૃદ્ધાની હત્યા તેમના જ પરિવાર સાથે સંબંધ ધરાવતી ભાણીબેન ડાયાભાઈ જેશાભાઈ પામક દ્વારા કરવામાં આવી હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. ચા પીવાના બહાને ઘરે પહોંચેલી મહિલાએ દાતરડી વડે વૃદ્ધાના ગળા પર ઘા ઝીંકી હત્યા કર્યા બાદ કાનનાં ઘરેણાં લૂંટી લીધાં હતાં. હત્યા બાદ આરોપી મૃતકના ઘરે શોક વ્યક્ત કરવા પણ પહોંચી હતી. શંકાસ્પદ હિલચાલના આધારે પોલીસે તેની પૂછપરછ કરતાં સમગ્ર ઘટનાનો ભેદ ઉકેલાયો હતો.

ભીંગરણ ગામમાં આંગણવાડી નજીક રહેતાં 85 વર્ષીય રખમાઈબેન પીઠાભાઈ બાંભણીયા ઘરે એકલાં રહેતાં હતાં. તેમના ત્રણેય દીકરા પરિવાર

સાથે વાડીએ રહેતા હોવાથી વૃદ્ધા ઘરે એકલાં હતાં. આરોપી ભાણીબેન ડાયાભાઈ પામક નજીકમાં રહેતી હોવાથી અવારનવાર વૃદ્ધાના ઘરે આવતી હતી. બંને વચ્ચે ઘરોબો હોવાથી વૃદ્ધા પણ તેના પર વિશ્વાસ રાખતાં હતાં. પોલીસ તપાસ મુજબ, આરોપીની નજર વૃદ્ધાના સોનાનાં ઘરેણાં પર હતી. ઘરેણાં લૂંટવાના ઈરાદે તેણે વૃદ્ધાની હત્યા કરવાનું નક્કી કર્યું હતું. ચા બનાવતી વખતે દાતરડીથી ગળા પર હુમલો કર્યો. ગઈકાલે 25ના રોજ બપોરના સમયે ભાણીબેન ચા પીવાના બહાને રખમાઈબેનના ઘરે પહોંચી હતી. વૃદ્ધા ચા બનાવી રહ્યાં હતાં તે દરમિયાન આરોપીએ દાતરડી વડે તેમના ગળા પર ઘા ઝીંકી દીધા હતા. ગંભીર હુમલાને કારણે વૃદ્ધાનું મોત થયું હતું. હત્યા કર્યા બાદ આરોપીએ વૃદ્ધાના કાન કાપી કાનમાં પહેરેલાં સોનાનાં ઘરેણાં ઉતારી લીધાં હતાં અને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગઈ હતી. આ ઘટનાને પગલે ભીંગરણ ગામ સહિત સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી.

વડોદરા જિલ્લા LCB એ સિનોર તાલુકાના સુરાશામળ ગામેથી પાંચ જુગારીયા ઝડપી પાડ્યા

રેડ દરમિયાન રૂપિયા 78,650નો મુદ્દા માલ જપ્ત કરી સિનોર પોલીસને આપ્યો

સાધલી, હસમુખ પટેલ



એલ.સી.બી.ના એ.એસ.આઈ.ભુપતભાઈ વિરમભાઈ ની રાહબારી હેઠળ હેડ કોન્સ્ટેબલ ખોડાભાઈ , હેડ કોન્સ્ટેબલ વિનોદભાઈ, હેડ કોન્સ્ટેબલ પ્રવિણસિંહ અને પોલીસ કોન્સ્ટેબલ હર્ષકુમાર તારીખ 26 ઓક્ટોબર ના રોજ સિનોર પોલીસ સ્ટેશનની હદમાં ખાનગી વાહનમાં પેટ્રોલિંગમાં હતા. તે સમયે બાતમીદાર દ્વારા તેઓને બાતમી મળી હતી કે સુરાસામળ ગામની સીમમાં તલાવડી પાસે આંબાના ઝાડ નીચે ખુલ્લી જગ્યામાં કેટલાક લોકો જુગાર રમી રહ્યા છે. બાતમી મળતાં તુરંત તેઓ સુરાસામળ ગામની સીમમાં પહોંચ્યા અને પત્તા પાનાનો જુગાર રમતા જુગારીયાઓને ઝડપી પાડ્યા હતા. જુગારીઓની અંગ ઝડતી માંથી રૂપિયા 62500 અને દાવ ઉપરના 16,150 મળીને કુલ 78,650 નો મુદ્દા માલ જપ્ત કરી તેઓની ઓળખ કરતાં 1- જહીર અબ્બાસ હસન રંગરેજ સાધલી , 2- જગદીશ નગીન માછી કરજણ ,3- ઈમરાન ઉર્ફે સાજન ઈસ્માઈલ રાઠોડ સાધલી,- 4- સતીશ અંબુ વસાવા સાધલી,અને 5 લાલશા હુસેન દિવાન સુરા શામળ.ની અટકાયત કરી આરોપીઓ, પંચનામુ અને મુદ્દા માલ શિનોર પોલીસ સ્ટેશન ઓફિસર ને સોંપેલ છે અને તપાસ ચાંદોદ પોલીસ સ્ટેશનને આપવા જણાવેલ છે.

'ઈઠા' અગાઉ 28 ઑગસ્ટ, 2026ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની હતી

'ઈઠા'થી બોક્સ ઓફિસ પર ધમાકો કરવા તૈયાર શ્રદ્ધા કપૂર!

મુંબઈ

અભિનેત્રી શ્રદ્ધા કપૂર પોતાની આગામી ફિલ્મ 'ઈઠા'ને લઈને ફરી ચર્ચામાં આવી છે. ફિલ્મના નિર્માતાઓએ તેના ટ્રેલરની રિલીઝ તારીખ જાહેર કરી દીધી છે. મળતી માહિતી અનુસાર, ફિલ્મનું ટ્રેલર આગામી શુક્રવારે રિલીઝ કરવામાં આવશે. બીજી તરફ, આ ફિલ્મ 4 ડિસેમ્બર, 2026ના રોજ સિનેમાઘરોમાં આવશે. 'સ્ત્રી 2'ની સફળતા બાદ શ્રદ્ધા કપૂર ફરી એકવાર મોટા પડદા પર પોતાની અભિનયક્ષમતા દર્શાવવા માટે તૈયાર છે. ફિલ્મના નિર્માતાઓએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કરીને ટ્રેલરની તારીખની જાહેરાત કરી છે. આ વીડિયોમાં લોકોની મોટી ભીડ 'ઈઠા-ઈઠા'ના નારા લગાવતી જોવા મળે છે. ત્યારબાદ બેકગ્રાઉન્ડમાં એક મહિલાનો અવાજ સંભળાય છે. વીડિયો સાથે નિર્માતાઓએ 'આ શુક્રવારે જાદુ પથરાશે' એવા સંદેશ સાથે ટ્રેલર રિલીઝની જાહેરાત કરી છે. આ અપડેટ બાદ શ્રદ્ધાના ચાહકોમાં ફિલ્મને લઈને ઉત્સુકતા વધી છે.

'ઈઠા'ની સૌથી ખાસ વાત એ છે કે આ ફિલ્મ મહારાષ્ટ્રની જાણીતી તમાશા અને લાવણી લોકકલાકાર વિઠાબાઈ ભાઉ માંગ નારાયણગાંવકરના જીવન પર આધારિત બાયોપિક છે. વિઠાબાઈએ પોતાની પ્રતિભા અને શાનદાર મંચપ્રસ્તુતિથી મહારાષ્ટ્રના લોકનાટ્ય જગતમાં વિશેષ સ્થાન મેળવ્યું હતું. ફિલ્મમાં શ્રદ્ધા કપૂર વિઠાબાઈની ભૂમિકા ભજવી રહી છે. આ પાત્ર દ્વારા શ્રદ્ધા એક લોકકલાકારના સંઘર્ષ, સમર્પણ અને કલાપ્રેમને પડદા પર જીવંત કરતી જોવા મળશે. ફિલ્મનું ટીઝર અગાઉ રિલીઝ થઈ ચૂક્યું છે અને તેમાં શ્રદ્ધાનો અલગ જ અંદાજ જોવા મળ્યો હતો. ટીઝરમાં તે ગર્ભવતી વિઠાબાઈના પાત્રમાં જોવા મળે છે, જે પ્રસૂતિની પીડા વચ્ચે પણ મંચ પર નૃત્યપ્રસ્તુતિ આપવા પહોંચે છે. ટીઝરમાં દર્શાવવામાં આવ્યું છે કે મોટી સંખ્યામાં લોકો તેની રાહ જોઈ રહ્યા છે અને વિઠાબાઈ પોતાની કળા પ્રત્યેની પ્રતિબદ્ધતાને પ્રાથમિકતા આપે છે. શ્રદ્ધાનો ફર્સ્ટ લુક પણ સામે આવી ચૂક્યો છે, જેને દર્શકો તરફથી સારો પ્રતિસાદ મળ્યો હતો. આ ફિલ્મનું દિગ્દર્શન લક્ષ્મણ ઉટેકરે કર્યું છે. શ્રદ્ધા કપૂર ઉપરાંત રણદીપ હુડ્ડા અને મોહમ્મદ ઝીશાન અય્યુબ પણ ફિલ્મમાં મહત્વપૂર્ણ ભૂમિકાઓમાં જોવા મળશે.

નિર્માતાઓએ 'ઈઠા'ની રિલીઝ મુલતવી રાખીને 4 ડિસેમ્બરની નવી તારીખ નક્કી કરી હતી. હવે ફિલ્મની રિલીઝ પહેલાં ટ્રેલર દ્વારા દર્શકોની ઉત્સુકતા વધારવાની તૈયારી છે

જયા બચ્ચન-હેમા માલિનીની ટ્રોલિંગ પર ભડકી ઈશા

ઈશાએ કહ્યું કે, પાપારાઝીના વ્યવહાર માટે માત્ર તસવીરો ખેંચનારા લોકોને જવાબદાર ઠેરવવું યોગ્ય નથી, તેની પાછળ કામ કરતી એજન્સીઓ-તેમને સૂચનાઓ આપનારા લોકોની પણ જવાબદારી છે

મુંબઈ

બોલિવૂડ એક્ટ્રેસ ઈશા દેઓલે પોતાની માતા હેમા માલિની અને પીઢ એક્ટ્રેસ જયા બચ્ચન સાથે પાપારાઝીના વ્યવહાર તેમજ સોશિયલ મીડિયા પર થતી ટ્રોલિંગ પર નારાજગી વ્યક્ત કરી. તેણે કહ્યું કે, ફિલ્મ ઈન્ડસ્ટ્રીના સીનિયર કલાકારોનું સન્માન થવું જોઈએ. ઈશાએ કહ્યું કે, પાપારાઝીના વ્યવહાર માટે માત્ર તસવીરો ખેંચનારા લોકોને જવાબદાર ઠેરવવું યોગ્ય નથી. તેની પાછળ કામ કરતી એજન્સીઓ અને તેમને સૂચનાઓ આપનારા લોકોની પણ જવાબદારી છે. 'તસવીરો ખેંચનારા છોકરાની વ્યક્તિગત ભૂલ નથી'. ઈશાએ IANS સાથેની વાતચીતમાં કહ્યું, 'એક બાળક મોટું થઈને કિશોર બને છે. જો તે યોગ્ય રીતે વર્તન ન કરે, તો તમે કોને દોષ આપશો? માતા-પિતાને. કહેવામાં આવે છે કે તેનો ઉછેર યોગ્ય રીતે થયો નથી.' તેણે આગળ કહ્યું કે, 'પાપારાઝી કલ્ચરમાં પણ કેટલાક મોટા લોકો છે, જેઓ તસવીરો ખેંચનારા લોકોને નિયંત્રિત કરે છે અને તેમને સૂચનાઓ આપે છે.' તેના મતે, 'એજન્સીઓ વધુ લાઈક્સ અને સોશિયલ મીડિયા પર ટ્રાફિક મેળવવા માટે આવા કન્ટેન્ટને પ્રોત્સાહન આપે છે.'

ઈશાએ કહ્યું કે, 'આ સમસ્યાના મૂળ કારણને સમજવાની અને તેમાં સુધારો કરવાની જરૂર છે.' ઈશાએ કહ્યું કે, એક પરિવાર તરીકે અમે આ બધી બાબતોમાંથી પસાર થઈ ચૂક્યા છીએ. જો તમે મને સાચું પૂછો, તો મને આ જરાય પણ સન્માનજનક લાગતું નથી. કોઈનું નામ લીધા વિના કહ્યું તો, આ બધા લોકો અમારી ઈન્ડસ્ટ્રીના સ્તંભો છે. તમારે તેમનું સન્માન કરવું જોઈએ. તેમણે જ તમને સિનેમા આપ્યું છે. તેથી તેઓ જે સન્માનને લાયક છે, તે તેમને આપો.



32 વર્ષ બાદ ફરી સિનેમાઘરોમાં આવશે અક્ષય કુમારની 'મોહરા'

આ ફિલ્મની રિલીઝના એક દિવસ પહેલાં, રણબીર કપૂર, સાઈ પલ્લવી અને યશની બહુપ્રતિક્ષિત ફિલ્મ 'રામાયણમ્' પણ સિનેમાઘરોમાં આવશે

મુંબઈ

બોલિવૂડની 90ના દાયકાની સુપરહિટ એક્શન-થ્રિલર ફિલ્મ 'મોહરા' 32 વર્ષ બાદ ફરી એકવાર સિનેમાઘરોમાં ધમાકેદાર વાપસી કરવા જઈ રહી છે. અક્ષય કુમાર, સુનીલ શેટ્ટી અને રવીના ટંડન અભિનીત આ ફિલ્મ 6 નવેમ્બર, 2026ના રોજ રીમાસ્ટર્ડ વર્ઝનમાં રિલીઝ થશે. ખાસ વાત એ છે કે આ ફિલ્મની રિલીઝના એક દિવસ પહેલાં, એટલે કે 5 નવેમ્બરે, રણબીર કપૂર, સાઈ પલ્લવી અને યશની બહુપ્રતિક્ષિત ફિલ્મ 'રામાયણમ્' પણ સિનેમાઘરોમાં આવશે. આથી દિવાળીના તહેવાર દરમિયાન બોક્સ ઓફિસ પર જૂની સુપરહિટ ફિલ્મ અને નવી મેગા બજેટ ફિલ્મ વચ્ચે રસપ્રદ ટક્કર જોવા મળી શકે છે. 'મોહરા' 1 જુલાઈ, 1994ના રોજ રિલીઝ થઈ હતી. ફિલ્મનું દિગ્દર્શન રાજીવ રાયે કર્યું હતું, જ્યારે નિર્માણ ગુલશન રાયે ત્રિમૂર્તિ ફિલ્મ્સના બેનર હેઠળ કર્યું હતું. એક્શન, સસ્પેન્સ, દમદાર કલાકારો અને લોકપ્રિય સંગીતને કારણે આ ફિલ્મ તે સમયની યાદગાર ફિલ્મોમાં સામેલ થઈ હતી. હવે રીમાસ્ટર્ડ વર્ઝનમાં તેની પુનઃરિલીઝ થવાથી જૂના દર્શકોને ફરી મોટા પડદા પર ફિલ્મ માણવાની તક મળશે, જ્યારે નવી પેઢીના દર્શકો પણ આ ક્લાસિક ફિલ્મનો અનુભવ કરી શકશે. ફિલ્મની વાર્તા વિશાલ અગ્નિહોત્રી નામના કેદીની આસપાસ ફરે છે, જે પોતાની પત્ની અને બહેનની હત્યાના મામલે ન્યાય મેળવવા માગે છે. સુનીલ શેટ્ટીએ વિશાલની ભૂમિકા ભજવી હતી, જ્યારે રવીના ટંડન પત્રકાર રોમા સિંહના પાત્રમાં જોવા મળી હતી. રોમા વિશાલને જેલમાંથી બહાર લાવવામાં મદદ કરે છે, પરંતુ ત્યારબાદ વિશાલ શક્તિશાળી ઉદ્યોગપતિ જિંદાલના સંપર્કમાં આવે છે. નસીરુદ્દીન શાહે જિંદાલની ભૂમિકા ભજવી હતી, જે ગુનેગારોને ખતમ કરવા માટે વિશાલનો ઉપયોગ કરે છે.



'CID' અને 'આહટ'ના નિર્માતા એક્ટર બીપી સિંહનું હાર્ટ એટેકથી નિધન

ભારતીય મનોરંજન જગતમાં તેમના અમૂલ્ય પ્રદાનને યાદ કરી ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ

મુંબઈ

ઈન્ડિયન ટેલિવિઝનના ઈતિહાસમાં ક્રાઈમ અને હોરર શોને નવી ઊંચાઈ આપનારા સુપ્રસિદ્ધ નિર્માતા અને દિગ્દર્શક બૃજેન્દ્ર પાલ સિંહ (બીપી સિંહ)નું મંગળવાર, 27મી ઑક્ટોબરની સવારે હાર્ટ એટેકથી નિધન થયું છે. ટેલિવિઝન જગતમાં બે દાયકાથી વધુ સમય સુધી દર્શકોના દિલ પર રાજ કરનાર કલ્ટ શો 'CID' અને લોકપ્રિય હોરર શ્રેણી 'આહટ'ના સર્જક તરીકે તેઓ દેશભરમાં જાણીતા હતા. ફિલ્મ નિર્માતા અશોક પંડિતે સોશિયલ મીડિયા પર આ દુઃખદ સમાચાર શેર કરીને ભારતીય મનોરંજન જગતમાં તેમના અમૂલ્ય પ્રદાનને યાદ કરી ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. અશોક પંડિતે વ્યક્ત કર્યો શોક. 28મી ઑક્ટોબરના રોજ કરવામાં આવશે. ઈન્સ્ટાગ્રામ પર દુઃખ વ્યક્ત કરતાં અશોક પંડિતે લખ્યું હતું કે આજે વહેલી સવારે દિગ્ગજ નિર્માતા-દિગ્દર્શક બીપી સિંહજીના હાર્ટ એટેકથી નિધનના સમાચાર સાંભળીને અત્યંત આઘાત લાગ્યો છે. તેઓ એક અદ્ભુત ફિલ્મમેકર હતા, જેમણે 'CID' અને 'આહટ' જેવા શો દ્વારા સમગ્ર દેશના દર્શકોનું મનોરંજન કર્યું. તેઓ જ્યારે 'ઈન્ડિયન ફિલ્મ એન્ડ ટેલિવિઝન ડિરેક્ટર્સ એસોસિયેશન' (IFTDA)ના પ્રમુખ હતા ત્યારે તેમની સાથે નજીકથી કામ કરવાનું સૌભાગ્ય મળ્યું હતું. મનોરંજન જગતમાં તેમનું યોગદાન હંમેશાં અમર રહેશે. દેહરાદૂનમાં જન્મેલા બીપી સિંહે 1998માં 'CID' શોની શરૂઆત કરી હતી. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓની તપાસ પર આધારિત આ ક્રાઈમ ડ્રામા સતત ૨૦ વર્ષથી વધુ સમય સુધી ભારતીય ટેલિવિઝન પર સફળતાપૂર્વક પ્રસારિત થયો હતો. પડદા પાછળ નિર્દેશન અને નિર્માણ સંભાળવા ઉપરાંત, બીપી સિંહ ક્યારેક-ક્યારેક 'CID'માં રમુજી અને કડક શૈલીના ડીસીપી શમશેર સિંહ ચિત્રોલેના પાત્રમાં પણ અભિનય કરતા જોવા મળતા હતા.

કાવ્યા મારન અને અનિરુદ્ધના લગ્નના કાર્ડની ઝલક વાઈરલ, શાહી ડિઝાઈને ખેંચ્યું ધ્યાન

મુંબઈ

IPL ટીમ સનરાઈઝર્સ હૈદરાબાદ સાથે જોડાયેલી કાવ્યા મારન અને જાણીતા સંગીતકાર અનિરુદ્ધ રવિચંદ્રનના લગ્નની ચર્ચાઓ વચ્ચે તેમના વેડિંગ રિસેપ્શનના આમંત્રણપત્રની ઝલક સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ છે. આ શાહી આમંત્રણપત્રની સુંદર ડિઝાઈન અને તેમાં અપનાવવામાં આવેલી બારીક કારીગરીએ લોકોનું ધ્યાન ખેંચ્યું છે. જોકે, આ વખતે સામે આવેલું કાર્ડ અગાઉ વાઈરલ થયેલા ભવ્ય લગ્નના કાર્ડથી અલગ છે અને તેને બંનેના રિસેપ્શનના આમંત્રણ તરીકે રજૂ કરવામાં આવ્યું છે. અહેવાલ અનુસાર,

આ ખાસ આમંત્રણપત્રને ફેમસ ડિઝાઈનર રંજની અયંગરે ડિઝાઈન કર્યું છે. કાર્ડને સામાન્ય કાગળના આમંત્રણની જગ્યાએ એક સુંદર કલેક્શન બોક્સના સ્વરૂપમાં તૈયાર કરવામાં આવ્યું છે. બોક્સ પરની બારીક નકશીકામ, એમ્બોસ્ડ સ્ટેશનરી અને વિન્ટેજ શૈલીની સીલ તેને શાહી લુક આપે છે. ડિઝાઈનરે સોશિયલ મીડિયા પર તેનો વીડિયો શેર કરતાં આ કપલ માટે આમંત્રણપત્ર તૈયાર કરવાનો અનુભવ ખાસ ગણાવ્યો હતો. રિપોર્ટ પ્રમાણે, કાવ્યા અને અનિરુદ્ધના લગ્ન બાદ ચેન્નઈમાં 22 નવેમ્બર, 2026ના રોજ ભવ્ય રિસેપ્શન યોજાવાનું છે.

99 રનનો ટાર્ગેટ માત્ર 13.2 ઓવરમાં ચેઝ કર્યો, ઈન્ડિયાએ સિરીઝ પણ કબજે કરી

અભિષેક-વૈભવ સૂર્યવંશીની વર્લ્ડ રેકોર્ડ પાર્ટનરશીપથી ભારત જીત્યું

ક્રાઇસ્ટચર્ચ

અભિષેક શર્મા અને વૈભવ સૂર્યવંશીની તોફાની બેટિંગના દમ પર ભારતે ત્રીજી T20માં ન્યૂઝીલેન્ડને 6 વિકેટથી હરાવ્યું છે. ભારતે 199 રનનો ટાર્ગેટ માત્ર 13.2 ઓવરમાં 4 વિકેટ ગુમાવીને ચેઝ કરી લીધો. આ સાથે જ ટીમ ઈન્ડિયાએ પાંચ મેચની સિરીઝ બે મેચ બાકી રહેતા જ જીતી લીધી છે.

અભિષેકે T20 ઈન્ટરનેશનલ કરિયરની ચોથી સેન્ચુરી ફટકારી. તેણે માત્ર 35 બોલમાં સેન્ચુરી પૂરી કરી લીધી. અભિષેક શર્માએ સદી ફટકારીને ઓમ નમઃ શિવાય સ્ટાઈલમાં સેલિબ્રેશન કર્યું હતું. તેણે આવું સેલિબ્રેશન બીજીવાર કર્યું. અગાઉ, અફઘાનિસ્તાન સામેની સિરીઝમાં પણ જ્યારે તેણે 30 બોલમાં સદી ફટકારી હતી, ત્યારે આવું સેલિબ્રેશન કર્યું હતું. ભારતે માત્ર 5 ઓવરમાં 100 રન પૂરા કરી લીધા. આ T20 ઈન્ટરનેશનલમાં સૌથી ઝડપી ટીમ સેન્ચુરી છે. ભારતે પાવરપ્લેનો સૌથી મોટો સ્કોર પણ બનાવ્યો. 6 ઓવરમાં ભારતે વિના વિકેટે 118 રન બનાવી લીધા હતા.

આ પહેલા ન્યૂઝીલેન્ડે ટૉસ હારતા પહેલા બેટિંગ કરતા 20 ઓવરમાં 3 વિકેટે 198 રન બનાવ્યા હતા.

ભારતે પાવરપ્લેનો વર્લ્ડ રેકોર્ડ તોડ્યો ભારતીય ટીમે પાવરપ્લેની 6 ઓવરમાં 118 રન બનાવ્યા. આ T20 ઈન્ટરનેશનલમાં પાવરપ્લેનો સૌથી મોટો સ્કોર છે. પાછલો રેકોર્ડ ઓસ્ટ્રેલિયાના નામે હતો. ઓસ્ટ્રેલિયાએ 2024માં સ્કૉટલેન્ડ વિરુદ્ધ પાવરપ્લેમાં 113 રન બનાવ્યા હતા. ભારતે 3-0ની અજેય સરસાઈ મેળવી લીધી છે. વૈભવ સૂર્યવંશી પોતાની હાફ સેન્ચુરી પૂરી કરવામાં ચૂકી ગયો, પરંતુ અભિષેકે માત્ર 35 બોલમાં ઓવરઓલ ચોથી T20I સેન્ચુરી ફટકારી દીધી. ભારતે ટાર્ગેટને ચેઝ એટલી ઝડપથી કર્યો કે મુકાબલો એકતરફી બની ગયો. ટીમે 40 બોલ બાકી રહેતા ટાર્ગેટ ચેઝ કરી લીધો.

અભિષેક શર્માનું 'ઓમ નમઃ શિવાય' સેલિબ્રેશન

વેલિંગ્ટન

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે વેલિંગ્ટનમાં રમાયેલી ત્રીજી T20I મેચમાં ટીમ ઈન્ડિયાએ શાનદાર જીત મેળવવાની સાથે અનેક મોટા રેકોર્ડ પોતાના નામે કર્યા છે. અભિષેકે T20 ઈન્ટરનેશનલ કરિયરની ચોથી સેન્ચુરી ફટકારી. તેણે માત્ર 35 બોલમાં સેન્ચુરી પૂરી કરી લીધી. અભિષેક શર્માએ સદી ફટકારીને ઓમ નમઃ શિવાય સ્ટાઈલમાં સેલિબ્રેશન કર્યું હતું. તેણે આવું સેલિબ્રેશન બીજીવાર કર્યું. અગાઉ, અફઘાનિસ્તાન સામેની સિરીઝમાં પણ જ્યારે તેણે 30 બોલમાં સદી ફટકારી હતી, ત્યારે આવું સેલિબ્રેશન કર્યું હતું.

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની ત્રીજી T20I મેચ દરમિયાન, ડેરીલ મિચેલની સિક્સર સિક્યોરિટી ગાર્ડના માથા પાસેથી ગઈ આ દરમિયાન મિચેલ પણ ડરી ગયો. જોકે સિક્યોરિટી ગાર્ડને બોલ ના વાગતા ડેરીલ મિચેલ અને ગ્રાઉન્ડ પર હાજર ખેલાડીઓએ રાહતનો શ્વાસ લીધો. જો ગાર્ડને આ બોલ વાગ્યો હોત, તો તેના જીવને ઘણું જોખણ રહ્યું હોત.

આમાં મિચેલના રિએક્શન પણ વાઈરલ થયા. ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે વેલિંગ્ટનમાં રમાયેલી મેચમાં ટીમ ઈન્ડિયાએ માત્ર 5 ઓવરોમાં જ પોતાના 100 રન પૂરા કરીને T20 ઈન્ટરનેશનલ ઈતિહાસમાં સૌથી ઝડપી સેન્ચુરિયન પાર્ટનરશીપ અને ટીમ સ્કોરનો વર્લ્ડ રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે.

ચેન્નઈનો આસિસ્ટન્ટ કોચ બન્યો એલ્બી મોર્કેલ

IPL-2027 પહેલા CSKના કોચિંગ સેટઅપમાં ધરખમ ફેરફારો

ચેન્નઈ

ચેન્નઈ સુપર કિંગ્સ (CSK) એ IPL 2027 પહેલાં સાઉથ આફ્રિકાના ભૂતપૂર્વ ઓલરાઉન્ડર એલ્બી મોર્કેલને આસિસ્ટન્ટ કોચ તરીકે નિયુક્ત કર્યા છે. તેઓ ઝહીર ખાનની આગેવાની હેઠળના નવા કોચિંગ સેટઅપનો ભાગ હશે. ફ્રેન્ચાઈઝીએ અત્યાર સુધીમાં 5 IPL ટાઈટલ જીત્યા છે.

45 વર્ષીય મોર્કેલ IPLની પ્રથમ સિઝન એટલે કે 2008થી 2013 સુધી ચેન્નઈનો ભાગ રહ્યા હતા. આ દરમિયાન તેમણે CSK માટે 92 મેચ રમી હતી. તેમની હાજરીમાં ટીમે 2010 અને 2011માં IPL ખિતાબ જીત્યા હતા. આ ઉપરાંત, ચેન્નઈએ 2010માં ચેમ્પિયન્સ લીગ T20નો ખિતાબ પણ પોતાના નામે કર્યો હતો. મોર્કેલ જુલાઈ 2026માં

SA20ની ટીમ જોબર્ગ સુપર કિંગ્સના મુખ્ય કોચ બન્યા હતા. તેમણે આ ભૂમિકામાં સ્ટીફન ફ્લેમિંગનું સ્થાન લીધું હતું. ચેન્નઈએ ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ ક્રિકેટર ગેરેથ બેટીને પણ આસિસ્ટન્ટ કોચ બનાવ્યા છે. તેઓ સરેના મુખ્ય કોચ પદેથી હટીને CSK સાથે જોડાયા છે. બીજી તરફ, ભારતના ભૂતપૂર્વ ઝડપી બોલર મોહિત શર્મા ટીમના નવા બોલિંગ કોચ હશે. મોહિતે પણ પોતાની IPL કારકિર્દીની શરૂઆત ચેન્નઈથી જ કરી હતી.

મોહિતે કહ્યું કે CSKમાં પરત ફરવું એ તેમના માટે ઘરે પરત ફરવા જેવી છે. તેમણે ફ્રેન્ચાઈઝી સાથે વિતાવેલા સમય અને પર્પલ કેપ જીતવાની યાદોનો ઉલ્લેખ કરતાં કહ્યું કે તેઓ પોતાના અનુભવથી ટીમના યુવા ખેલાડીઓને મદદ કરવા માગે છે. ટીમના આસિસ્ટન્ટ કોચ શ્રીધરન શ્રીરામ પોતાના પદ પર યથાવત રહેશે, જ્યારે જેમ્સ ફોસ્ટર ફિલ્ડિંગ કોચની જવાબદારી સંભાળતા રહેશે.

જસપ્રીત બુમરાહ અને રિષભ પંત ઇન્ડિયા-Aમાં સામેલ

ન્યૂઝીલેન્ડ A સામેની ત્રીજી મેચમાં રમી શકે છે; 7 નવેમ્બરથી લિંકનમાં મુકાબલો

મુંબઈ

ભારતના ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ અને વિકેટકીપર-બેટર રિષભ પંતને ઈન્ડિયા-A ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે. બંનેને ન્યૂઝીલેન્ડ A સામે રમાનારી ત્રીજી ટેસ્ટ માટે પસંદ કરવામાં આવ્યા છે. ચાર દિવસીય આ મુકાબલો 7થી 10 નવેમ્બર દરમિયાન ન્યૂઝીલેન્ડના લિંકનમાં રમાશે. જોકે, પંતનું રમવું ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ની મેડિકલ ટીમ પાસેથી ફિટનેસ ક્લિયરન્સ મળવા પર નિર્ભર રહેશે. બંને ખેલાડીઓ હાલમાં બેંગલુરુ સ્થિત BCCIના સેન્ટર ઑફ એક્સલન્સ (CoE)માં તાલીમ લઈ રહ્યા છે. પંત શુક્રવારે ત્યાં પહોંચ્યા હતા, જ્યારે બુમરાહ સોમવારે પહોંચ્યા હતા. ત્રીજી ટેસ્ટમાં રમવાનો હેતુ તેમને ન્યૂઝીલેન્ડની સિનિયર ટીમ સામેની ટેસ્ટ સિરીઝ પહેલાં મેચની પરિસ્થિતિઓમાં પોતાની જાતને ચકાસવાની તક આપવાનો છે. બુમરાહે મેચ પહેલાં ફિટનેસ પ્રક્રિયા પૂર્ણ કરવી પડશે બુમરાહનું CoEમાં અભ્યાસ કરવું નિયમિત વાપસી પ્રક્રિયાનો એક ભાગ છે. કોઈ ખેલાડીએ ઈજા અથવા આરામ બાદ ઈન્ટરનેશનલ ક્રિકેટમાં પરત ફરતાં પહેલાં નિર્ધારિત ફિટનેસ અને વાપસીની શરતો પૂર્ણ કરવી પડે છે. બુમરાહ 1 નવેમ્બરે ન્યૂઝીલેન્ડ જવા રવાના થવાની અપેક્ષા છે.

તેમણે છેલ્લે ઑક્ટોબરની શરૂઆતમાં જાપાનમાં યોજાયેલી એશિયન ગેમ્સમાં રમ્યું હતું, જ્યાં ભારતીય ટીમે ગોલ્ડ મેડલ જીત્યો હતો. ત્યારબાદ સિલેક્ટર્સે તેમને

વેસ્ટ ઈન્ડિઝ સામેની ઘરઆંગણે રમાયેલી વ્હાઈટ-બૉલ સિરીઝ અને ન્યૂઝીલેન્ડ પ્રવાસની T-20 તથા વનડે મેચોમાં આરામ આપ્યો હતો. સાઈડ સ્ટ્રેનમાંથી સાજા થઈ રહ્યા છે પંત પંત ઑક્ટોબરના પ્રથમ સપ્તાહમાં ઈરાની કપ દરમિયાન ઈજાગ્રસ્ત થયા હતા. તે મેચમાં તેઓ રેસ્ટ ઑફ ઈન્ડિયાની કેપ્ટનશિપ કરી રહ્યા હતા અને તેમની ટીમે જમ્મુ-કાશ્મીરને હરાવીને ખિતાબ જીત્યો હતો. સાઈડ સ્ટ્રેન એટલે કે શરીરની બાજુની માંસપેશીઓમાં ખેંચાણને કારણે પંત દિલ્હી તરફથી રણજી ટ્રોફીની શરૂઆતની મેચ અને ન્યૂઝીલેન્ડ A સામેની પ્રથમ બે અનઓફિશિયલ ટેસ્ટ રમી શક્યા નહોતા.

પંતે હવે હળવી ટ્રેનિંગ અને બેટિંગનો અભ્યાસ શરૂ કરી દીધો છે, પરંતુ વિકેટકીપિંગનો અભ્યાસ હજુ શરૂ કર્યો નથી. આ જ કારણસર તેમની ઉપલબ્ધતા માટે મેડિકલ ટીમની મંજૂરી જરૂરી છે. બેટિંગ માટે તૈયાર થવું અને વિકેટકીપિંગ દરમિયાન સતત નમવું, ઊભા થવું તથા ઝડપથી હલનચલન કરવું બે અલગ પ્રકારના શારીરિક પડકારો છે.

20% પ્રીમિયમ મળતાં જ ભારતની નંબર 2 કંપની બનવાની શક્યતા

JIOનું ઐતિહાસિક લિસ્ટિંગ: રૂ.10.3 લાખ કરોડનું વેલ્યુએશન, રિલાયન્સે ટાટા-અદાણીને પછાડ્યા!

મુંબઈ

રિલાયન્સની ડિજિટલ શાખા જિયો પ્લેટફોર્મ્સ 28 ઑક્ટોબર 2026ના રોજ NSE અને BSE પર લિસ્ટ થશે. રૂ. 10.3 લાખ કરોડના IPO વેલ્યુએશન સાથે, તે ભારતની ચોથી સૌથી મોટી કંપની બની છે. 20% પ્રીમિયમ મળતાં તે રૂ. 12.3 લાખ કરોડથી વધુ માર્કેટ કેપ સાથે બીજા સ્થાને પહોંચી શકે છે. રિલાયન્સ ગ્રૂપની સંયુક્ત માર્કેટ કેપ રૂ. 27 લાખ કરોડથી વધુ થઈ, જે તેને ભારતનું સૌથી મૂલ્યવાન કોર્પોરેટ જૂથ બનાવે છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની ડિજિટલ અને ટેલિકોમ શાખા જિયો પ્લેટફોર્મ્સ લિમિટેડે

ભારતના સૌથી સફળ અને વિશાળ આઈપીઓમાંનો એક સફળતાપૂર્વક સંપન્ન કર્યો છે. કંપનીએ શેરદીઠ 1,119 રૂપિયાના ભાવે 27 કરોડ નવા ઈક્વિટી શેર ઈશ્યૂ કરીને 10.3 લાખ કરોડ રૂપિયાનું જંગી માર્કેટ વેલ્યુએશન પ્રાપ્ત કર્યું છે. ભારતીય શેરબજારના સમગ્ર ઈતિહાસમાં કોઈ પણ કંપનીએ 10 લાખ કરોડથી વધુના મૂલ્યાંકને આઈપીઓ લોન્ચ કર્યો હોય તેવો આ પ્રથમ ઐતિહાસિક દાખલો છે.

જિયો પ્લેટફોર્મ્સના શેર બુધવાર, 28 ઑક્ટોબર 2026ના રોજ દેશના અગ્રણી સ્ટોક એક્સચેન્જ નેશનલ સ્ટોક એક્સચેન્જ અને બોમ્બે સ્ટોક એક્સચેન્જ પર સત્તાવાર રીતે લિસ્ટ થવા જઈ રહ્યા છે. લિસ્ટિંગ પહેલાં જ માત્ર તેના આઈપીઓ વેલ્યુએશનના આધારે જિયો પ્લેટફોર્મ્સ માર્કેટ કેપની દૃષ્ટિએ ભારતીય બજારની 4થી સૌથી મોટી કંપની બની ગઈ છે. તે પોતાની પેરેન્ટ કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (16.2 લાખ કરોડ રૂપિયા), ભારતી એરટેલ (12.2 લાખ કરોડ રૂપિયા) અને HDFC બેંક (10.6 લાખ કરોડ રૂપિયા) પછી તરત સ્થાન ધરાવે છે.

સોના-ચાંદીના ભાવમાં સતત ઘટાડો થઈ રહ્યો છે

₹4 લાખ વટાવી ચૂકેલી ચાંદી સીધી ₹2.26 લાખ સસ્તી થઈ

મુંબઈ

સોના-ચાંદીની કિંમતોમાં ઘટાડાનો સિલસિલો યથાવત છે. આજે ફરી એકવાર સોનું-ચાંદી સસ્તું થઈ ગયું છે. એક તરફ જ્યાં મલ્ટી કોમોડિટી એક્સચેન્જ એટલે કે MCX પર ચાંદીનો ભાવ 2,200 રૂપિયાથી વધુ ઘટી ગયો છે અને 1 કિલોગ્રામ ચાંદીનો ભાવ હવે તેના ઓલટાઈમ હાઈથી 2,26,000 રૂપિયાથી વધુ ઘટી ગયો છે, તો બીજી તરફ સોનું પણ સસ્તું થયું છે. ચાંદીના ભાવ ઘટ્યા સૌથી પહેલા વાત કરીએ ચાંદીની કિંમતમાં આવેલા ઘટાડા વિશે, 4 ડિસેમ્બરની એક્સપાયરીવાળી ચાંદીની વાયદા કિંમત સોમવારે 1,95,793 રૂપિયા પ્રતિ કિલો પર બંધ થઈ હતી અને આજે ખુલતાની સાથે જ તે 2,238 રૂપિયા સસ્તી

થઈને 1,93,555 રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર આવી ગઈ. ચાંદીની કિંમતમાં આ ઓક્ટોબર મહિનામાં એક-બે દિવસને બાદ કરતા મોટાભાગે ઘટાડો જ જોવા મળ્યો છે અને તેનો ભાવ ધડાકાભેર તૂટ્યો છે. તેનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય કે ગત મહિનાના આખરી કારોબારી દિવસે એટલે કે 30 સપ્ટેમ્બરે 1 કિલો વાયદા ચાંદીની કિંમત 2,23,706 રૂપિયા પર બંધ થઈ હતી અને 1 ઓક્ટોબરથી અત્યાર સુધીમાં તે 30,151 રૂપિયા પ્રતિ કિલો સસ્તી થઈ ચૂકી છે. ચાંદીની કિંમતના ઓલ ટાઈમ હાઈ સાથે વર્તમાન ભાવની તુલના કરીએ, તો તેનો ભાવ અડધાથી પણ ક્યાંય વધુ ઓછો થઈ ચૂક્યો છે.

જાન્યુઆરી મહિનામાં પહેલીવાર ચાંદીની વાયદા કિંમત 4 લાખ રૂપિયાના ઐતિહાસિક સ્તરને પાર કરી ગઈ હતી અને તેણે 4,20,048 રૂપિયા પ્રતિ કિલોગ્રામ ભાવ થયો હતો. આ સ્તરથી ક્રેશ થઈને ચાંદી હવે 2,26,493 રૂપિયા પ્રતિ કિલો સસ્તી થઈ ચૂકી છે.

ખર્ચ ઘટાડવા અને AIમાં રોકાણ વધારવાની તૈયારી

માઇક્રોસોફ્ટની 60 હજાર કર્મચારીને નોકરી છોડવાની ઓફર: 23 હજાર ભારતના કર્મચારી પણ સામેલ

જુલાઈમાં 4,800 કર્મચારીઓને નોકરીમાંથી કાઢ્યા હતા

મુંબઈ

સોફ્ટવેર કંપની માઈક્રોસોફ્ટે આશરે 60 હજાર કર્મચારીઓને સ્વૈચ્છિક રીતે નોકરી છોડવાની ઓફર આપી છે. તેના બદલામાં તેમને એકસાથે સારી એવી રકમ ચૂકવવામાં આવશે. આ ઓફર ભારત, અમેરિકા, કેનેડા અને બ્રિટનમાં કામ કરતા એવા કર્મચારીઓ માટે છે, જેઓ લેવલ 70 અથવા તેનાથી નીચલા હોદ્દા પર છે. કંપનીમાં કુલ 2.23 લાખ કર્મચારીઓ છે, જેમાંથી 23 હજાર ભારતમાં છે. તેમાંથી કેટલાને આ ઓફર મળશે, તે સ્પષ્ટ નથી. ભારતમાં પાત્ર કર્મચારીઓએ 1 ડિસેમ્બર સુધીમાં નિર્ણય લેવો પડશે. કંપની આવું એટલા માટે કરી રહી છે કારણ કે તે AIની નવી ટેક્નોલોજી અને સિસ્ટમો વિકસાવવામાં ઘણો ખર્ચ કરી રહી છે. આ ખર્ચની ભરપાઈ કરવા માટે કંપની આ પગલું લઈ રહી છે. આ કંપનીના જુનિયર, મિડ-લેવલ અને

સિનિયર સ્તરના કર્મચારીઓનું કેડર હોય છે. તેમાં સોફ્ટવેર એન્જિનિયર, સિનિયર એન્જિનિયર, પ્રોજેક્ટ મેનેજર, ટીમ લીડર અને મિડ-લેવલ મેનેજરોનો સમાવેશ થાય છે. કયા લોકો આનાથી બહાર છે? લેવલ 70થી ઉપરના, જેમ કે લેવલ 71, 72 અથવા 80+, કંપનીના સૌથી મોટા અધિકારીઓ અને લીડર્સ હોય છે. જેમ કે ડિરેક્ટર, પાર્ટનર, વાઈસ પ્રેસિડેન્ટ અને સી-લેવલ એક્ઝિક્યુટિવ્સ. આ ઉચ્ચ પદો પર રહેલા અધિકારીઓ પર આ ઓફર લાગુ પડતી નથી. વોલન્ટરી એક્ઝિટ ઓફરનો શું અર્થ છે? ઓફર નહીં સ્વીકારનારા લોકો પોતાની વર્તમાન ભૂમિકાઓમાં કામ કરતા રહેશે અથવા કંપની તેમને બીજા કોઈ પ્રોજેક્ટ/ટીમમાં ફરીથી સોંપી શકે છે.

જો કંપની વૉલન્ટરી ઑફર દ્વારા ખર્ચ ઘટાડવાનો પોતાનો લક્ષ્યાંક હાંસલ કરી શકતી નથી, તો આવનારા સમયમાં તે ફરજિયાત છટણીનું પગલું ભરી શકે છે. આવી સ્થિતિમાં નોકરી ગુમાવનાર કર્મચારીઓને વૉલન્ટરી એક્ઝિટ જેટલું સારું નાણાકીય પેકેજ મળતું નથી. નોકરી છોડવા પર શું મળશે કંપનીએ આ અંગે માહિતી આપી નથી. અહેવાલો અનુસાર, ઓફર પસંદ કરનારા મિડ-લેવલ કર્મચારીઓને 39 અઠવાડિયાનો બેઝિક પગાર અને સિનિયર લેવલના કર્મચારીઓને 12 મહિનાનો બેઝિક પગાર મળશે. આ ઉપરાંત, આરોગ્ય વીમો અને કારકિર્દી બદલવામાં મદદ કરતી સેવાઓ પણ મળશે. માઈક્રોસોફ્ટની એક્ઝિક્યુટિવ વાઈસ પ્રેસિડેન્ટ એમી કોલમેને પોતાના બ્લોગ પોસ્ટમાં જણાવ્યું છે કે આ મર્યાદિત સમય માટે શરૂ કરવામાં આવેલી પહેલ છે. તેનો હેતુ એવા કર્મચારીઓને વધુ વિકલ્પો આપવાનો છે, જેઓ કંપનીની બહાર નોકરી અથવા કારકિર્દીની અન્ય તકો પર વિચાર કરી રહ્યા છે.

સેન્સેક્સ 8 પોઈન્ટ ઘટીને 73,599 પર બંધ

- **નિફ્ટી પણ 3 પોઈન્ટ નીચે આવ્યો, એનર્જી અને IT શેરોમાં વધુ વેચવાલી રહી**

મુંબઈ

શેર બજારમાં આજે એટલે કે 27 ઑક્ટોબરે સામાન્ય ઘટાડો રહ્યો. સેન્સેક્સ 8 પૉઈન્ટ ઘટીને 73,599 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 3 પૉઈન્ટનો ઘટાડો રહ્યો અને તે 22,750 પર બંધ થયો. આજે પ્રાઈવેટ બેન્ક અને IT શૅર્સમાં સૌથી વધુ વેચવાલી રહી. જ્યારે ઑટો, મીડિયા અને ફાર્મા શૅર્સમાં સૌથી વધુ ખરીદી થઈ. SFC એનવાયરમેન્ટલ ટેક્નોલોજીઝનો IPO આજથી ખુલ્યો છે. વોટર ટ્રીટમેન્ટ ક્ષેત્રની આ કંપનીએ એક શેરની પ્રાઈસ બેન્ડ 313થી 330 રૂપિયા રાખી છે. તેમાં 29 ઓક્ટોબર સુધી બિડ કરી શકાશે. વૈશ્વિક સ્તરે નબળા સંકેતોને કારણે ભારતીય શેરબજારની શરૂઆત ધીમી રહી હતી. બજાર ખુલતી વખતે આશરે ૧,૨૪૪ લિસ્ટેડ શેરોમાં વધારો જોવા મળ્યો હતો–જેમાં સામાન્યથી લઈને નોંધપાત્ર ઉછાળાનો સમાવેશ થાય છે. બીજી તરફ, ૧,૦૦૦ કંપનીઓના શેર 'રેડ ઝોન' (લાલ નિશાન)માં ખુલ્યા હતા, જે તેમના અગાઉના બંધ ભાવ કરતાં નીચા સ્તરે ટ્રેડ થઈ રહ્યા હતા. આ ઉપરાંત, 158 શેરોમાં કોઈ ફેરફાર જોવા મળ્યો ન હતો, એટલે કે તેમાં સ્થિર શરૂઆત થઈ હતી. નિફ્ટી (Nifty) પર સૌથી વધુ વધારો દર્શાવનારા શેરોમાં ટાટા કન્ઝ્યુમર, બીએસઈ લિમિટેડ (BSE Ltd.), ડો. રેડ્ડીઝ લેબ્સ, એનટીપીસી (NTPC) અને શ્રીરામ ફાઈનાન્સનો સમાવેશ થાય છે.

'સ્વચ્છ અમદાવાદ'ના દાવાઓ ફક્ત કાગળ પર : બહેરામપુરાના સંતોષનગરમાં

AMCની લાપરવાહીથી પબ્લિક ટોયલેટ બન્યા નરક સમાન!!!

પાંચ મહિલા અને પાંચ પુરુષોના શૌચાલયોમાં સફાઇ કે રિપેરિંગનું નામનિશાન નહીં; ફિક્સ સફાઇ કામદાર ફાળવવામાં AMC નિષ્ફળ

■ "શું સંતોષનગરના નાગરિકો આ દેશના નથી કે AMC અધિકારીઓ રાજકીય દબાણ હેઠળ ભેદભાવ રાખે છે?" - સ્થાનિકોનો ઉગ્ર આક્રોશ

અમદાવાદ

એક તરફ કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા 'સ્વચ્છ ભારત', 'સ્વચ્છ ગુજરાત' અને 'સ્વચ્છ અમદાવાદ'ના ભવ્ય દાવાઓ સાથે કરોડો રૂપિયાની જાહેરાતો આપવામાં આવે છે, તો બીજી તરફ જમીની વાસ્તવિકતા એ છે કે સામાન્ય જનતા નરક જેવી પરિસ્થિતિમાં જીવવા મજબૂર બન્યા છે. અમદાવાદ શહેરના દક્ષિણ ઝોનમાં આવેલા બહેરામપુરા વોર્ડના સંતોષનગર, ચામુંડામાતા ચોકની ચાલીમાં AMCની અક્ષમતા અને ઘોર બેદરકારીના કારણે સ્થાનિક રહીશો પારાવાર મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે.

દસ પબ્લિક ટોયલેટ ભગવાન ભરોસે: સફાઈ કે રિપેરિંગ શૂન્ય!

મળતી માહિતી મુજબ, બહેરામપુરા વોર્ડના સંતોષનગરમાં સ્થાનિકોની સગવડ માટે AMC દ્વારા પાંચ મહિલાઓ માટેના અને પાંચ પુરુષો માટેના એમ કુલ ૧૦ પબ્લિક ટોયલેટ બનાવવામાં આવ્યા છે. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે આ શૌચાલયોમાં ન તો નિયમિત સાફ-સફાઈ કરવામાં આવે છે કે ન તો કોઈ રીપેરિંગ કામ હાથ ધરવામાં આવે છે.

અરજીઓ અને હેલ્પલાઈન પર ફરિયાદો છતાં અધિકારીઓ એકબીજા પર નાખે છે દોષનો ટોપલો

સંતોષનગરના ત્રસ્ત સ્થાનિકો દ્વારા આ ગંદકી અને ખરાબ હાલત સામે અસંખ્ય વાર AMC દક્ષિણ ઝોનની બહેરામપુરા વોર્ડ ઓફિસમાં જઈને જવાબદાર અધિકારીઓને લેખિત અરજીઓ આપવામાં આવી છે. AMCના સત્તાવાર હેલ્પલાઈન નંબર ૧૫૫૩૦૩ પર પણ અસંખ્ય ફરિયાદો નોંધાવવામાં આવી છે અને રૂબરૂ મુલાકાતો પણ કરાઈ છે. પરંતુ તંત્રની ઉદાસીનતા એવી છે કે જવાબદાર અધિકારીઓ પોતાની જવાબદારી ખંખેરીને માત્ર એકબીજા પર દોષનો ટોપલો ઢોળીને સમય પસાર કરી રહ્યા છે!

ફિક્સ સફાઈ કામદાર કેમ નથી ફાળવાતો? સ્થાનિકોના સળગતા સવાલો

શહેરના અન્ય વિસ્તારોમાં આવેલા જાહેર શૌચાલયોની સફાઈ માટે AMC દ્વારા ખાસ ફિક્સ સફાઈ કામદાર મજૂરો ગોઠવવામાં આવે છે, પરંતુ સંતોષનગરના આ ૧૦ પબ્લિક ટોયલેટ માટે આજદિન સુધી કોઈ જ ફિક્સ સફાઈ કામદારની નિમણૂક કરવામાં આવી નથી. સ્થાનિક રહીશોએ તંત્રની સામે નીચે મુજબના અત્યંત સીધા અને સળગતા સવાલો ઉઠાવ્યા છે:

૧. શું સંતોષનગર વિસ્તાર AMC દક્ષિણ ઝોનના બહેરામપુરા વોર્ડમાં આવતો નથી?

૨. શું સંતોષનગરના નાગરિકો આ દેશના કે શહેરના નાગરિક નથી?

૩. AMC તંત્ર અમારા વિસ્તારના લોકો સાથે આટલો બધો ઓજસભર અને પક્ષપાતી ભેદભાવ કેમ રાખી રહ્યું છે?

૪. શું AMC ના જવાબદાર અધિકારીઓ સત્તાધારી રાજકીય પાર્ટીના નેતાઓથી દબાયેલા છે? સ્થાનિકોએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું છે કે જો વહેલી તકે સંતોષનગરના આ પબ્લિક ટોયલેટમાં ફિક્સ સફાઈ કામદારની નિમણૂક કરીને સંપૂર્ણ સફાઈ અને રીપેરિંગ કામ નહીં કરાય, તો શું અમારે હંમેશાં આ ગંદકી અને રોગચાળા વચ્ચે જ જીવવું પડશે? હવે જોવું એ રહ્યું કે કુંભકર્ણની નિંદ્રામાં સૂતેલું AMC નું દક્ષિણ ઝોન તંત્ર ક્યારે જાગશે અને આ ગરીબ વસ્તીના પ્રશ્નનો કાયમી ઉકેલ લાવશે કે પછી પ્રજાના ટેક્સના પૈસા માત્ર કાગળ પર જ સ્વચ્છતા પાછળ વેડફાતા રહેશે?

સંક્ષીપ્ત સમાચાર

રાખિયલમાં બિરિયાનીની દુકાન પાછળથી પકડાયો ડ્રગ્સ પેડલર! ચા પીવા આવતા યુવાનોને બનાવતો શિકાર

અમદાવાદના રખિયાલમાં બિરિયાનીની દુકાન પાછળથી સર્વેલન્સ સ્કોડે 3.36 ગ્રામ MD ડ્રગ્સ સાથે 53 વર્ષીય ડ્રગ્સ પેડલર મોહમદ જાવેદ ઉર્ફે ખન્ના સૈયદને ઝડપી પાડ્યો છે. તે ચા પીવા આવતા યુવાનોને શિકાર બનાવી ડ્રગ્સ વેચતો હતો. પોલીસે 25,080નો મુદ્દામાલ જપ્ત કરી NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી, ફરાર સપ્લાયર 'શેરૂ'ની શોધખોળ શરૂ કરી છે. અમદાવાદમાં બિરિયાનીની દુકાન પાછળથી પકડાયો ડ્રગ્સ પેડલર! ચા પીવા આવતા યુવાનોને બનાવતો શિકાર અમદાવાદના રખિયાલ વિસ્તારમાં આવેલી એક બિરિયાનીની દુકાન પાછળની ઓરડીમાંથી સર્વેલન્સ સ્કોડે 3.36 ગ્રામ એમ.ડી. (મેફેડ્રોન) ડ્રગ્સ સાથે એક ચાની કીટલી ચલાવતા આધેડની ધરપકડ કરી છે. ઝડપાયેલો આરોપી ચાની કીટલી પર આવતા ગ્રાહકો અને યુવાનોને લક્ષ્ય બનાવી ડ્રગ્સનું છૂટક વેચાણ કરતો હોવાનો પોલીસ તપાસમાં સામે આવ્યું. પોલીસે 25,080 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ (NDPS) એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર, રખિયાલ પોલીસનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો, ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે, મૂળ ઉત્તર પ્રદેશના બિજનોરનો વતની અને હાલ રખિયાલમાં નવજીવન હોટલ નજીક નૂરનગરની ગલીમાં રહેતો મોહમદ જાવેદ નસીમ હૈદર ઉર્ફે ખન્ના સૈયદ (ઉં.વ. 53) આંબાવાડી ચાર રસ્તા પાસે આવેલી દિલ્હી સ્પેશિયલ બિરિયાની પાછળની ઓરડીમાં એમ.ડી. ડ્રગ્સ રાખી તેનું વેચાણ કરી રહ્યો છે.

ઓઢવની 34 લાખની સનસનાટીભરી લૂંટ-અપહરણનો પર્દાફાશ: ભોગ બનનારનો 'ઓળખીતો' જ નીકળ્યો માસ્ટરમાઇન્ડ!

અમદાવાદ શહેરના ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલી રૂ. ૩૪ લાખની લૂંટ વિથ અપહરણની હાઈપ્રોફાઈલ અને ચોંકાવનારી ઘટનામાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે મોટી સફળતા મેળવી છે. ભેજાબાજ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ગુનાના મુખ્ય માસ્ટરમાઈન્ડ પ્રીતમ ગોહિલની ધરપકડ કરીને સમગ્ર કાળા કારનામા પરથી પડદો ઊંચક્યો છે. આશ્ચર્યજનક વાત તો એ છે કે, જેની સાથે લૂંટ થઈ તે કેતન પરીખનો પરિચિત જ આખી લૂંટનો મુખ્ય કાવતરાખોર નીકળ્યો છે! પોલીસ તપાસમાં બહાર આવેલા સનસનીખેજ ખુલાસા મુજબ, પકડાયેલો મુખ્ય આરોપી પ્રીતમ ગોહિલ ભોગ બનનાર કેતન પરીખને અગાઉથી સારી રીતે ઓળખતો હતો. કેતન પરીખ અવારનવાર અલગ-અલગ સ્થળો પર મોટી રકમની રોકડ રકમ પહોંચાડવા (આપવા) જાય છે તેની પાકી બાતમી પ્રીતમ પાસે હતી. જેથી ટૂંકા સમયમાં માલામાલ થઈ જવા માટે પ્રીતમે કેતન પરીખનું અપહરણ કરી તેમની પાસે રહેલા રૂ. ૩૪ લાખ લૂંટી લેવાનો ખૌફનાક પ્લાન ઘડી કાઢ્યો હતો. પોતાનું નામ વચ્ચે ન આવે તે માટે શાતિર પ્રીતમ ગોહિલે આ ગુનામાં પોતાના પરિચિત વિશ્વજિત ગોસ્વામીને સામેલ કર્યો હતો.

ડ્રગ્સ ફેક્ટરીના કેસમાં આરોપીને જામીન આપવા હાઈકોર્ટનો ઈનકાર: વલસાડમાંથી ફેક્ટરી ઝડપાઈ હતી

ગુજરાત હાઈકોર્ટમાં અરજદાર ચંદ્રકાંત છેડાએ ચાર્જશીટ ફાઈલ થયા બાદ જામીન અરજી દાખલ કરી હતી, જેને કોર્ટે નકારી નાખી છે. તેની સામે DRIએ NDPS એક્ટ અંતર્ગત કેસ નોંધ્યો હતો. અરજદાર વતી રજૂઆત કરવામાં આવી હતી કે તે નિર્દોષ છે અને તેને ખોટી રીતે આ કેસમાં ફસાવવામાં આવ્યો છે. આ કેસમાં તપાસ પૂરી થઈ ગઈ છે અને કોર્ટમાં ચાર્જશીટ દાખલ થઈ ચૂકી છે. અરજદાર 04 નવેમ્બર, 2025થી જેલમાં છે. અરજદારની માત્ર સુપરવાઈઝરી ભૂમિકા હતી અને તેના પર માત્ર સહ-આરોપીઓને લોજિસ્ટિક સહાય આપવાનો આરોપ છે. તે કોઈ ગેરકાયદેસર નશીલા પદાર્થના ઉત્પાદન કે કાચો માલ પૂરો પાડવામાં સીધી રીતે સામેલ નહોતો. અરજદારની ધરપકડ માત્ર સહ-આરોપીના નિવેદનના આધારે કરવામાં આવી છે. અરજદારનો ભૂતકાળમાં કોઈ ગુનાહિત ઈતિહાસ નથી. તેની પાસે જંગમ અને અસ્થાવર મિલકતો હોવાથી તે ભાગી જાય તેમ નથી અને કોર્ટની તમામ શરતો પાળવા તૈયાર છે.

શાહઆલમ પાસેથી ત્રણ યુવકનું કારમાં અપહરણ:સ્વિફ્ટ કારમાં બેસાડી નારોલ બ્રિજ લઈ ગયા..

શાહઆલમ ટોલનાકા ચાર રસ્તા પાસે ચા પીવા ઉભેલા ત્રણ યુવકોનું કારમાં આવેલા ત્રણ શખ્સોએ અપહરણ કરી નારોલ તરફ લઈ ગયા હતા. બાદમાં શખ્સોએ લાકડાના દંડાથી માર માર્યા બાદ છરીની અણીએ 5500 રોકડા લૂંટી લીધા હતા. બાદમાં બીજા રૂપિયાની પણ માંગણી કરીને યુવકોને ઉતારી ફરાર થઈ ગયા હતા. આ અંગે કાગડાપીઠ પોલીસે ત્રણ શખ્સો સામે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે. દાણીલીમડામાં રહેતો યશ પરમાર હાથીજણ ખાતે આવેલા શ્યામ ફટાકડા સ્ટોલમાં નોકરી કરે છે. 25 ઓક્ટોબરે રાત્રે નોકરી પૂરી કરી તેમના મિત્રો નૈતિક અને તુષાર ઠાકોર સાથે બાઈક પર પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન શાહઆલમ ટોલનાકા પાસે ચાની કીટલી આગળ રોડ પર બાઈક પાર્ક કરીને ચા પીવા માટે ઊભા હતા.

કર્ણાવતીમાં 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' અભિયાન અંતર્ગત ભવ્ય પદયાત્રા યોજાઈ

લોકશાહીના રક્ષણ અને સામાજિક સદભાવના માટે ગૂંજી ઊઠ્યો અવાજ

અમદાવાદ

દેશ અને રાજ્યમાં લોકશાહીના બંધારણીય મૂલ્યોની જાળવણી, પ્રજાકીય અધિકારોનું રક્ષણ તેમજ સમાજમાં જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશ્ય સાથે આજરોજ કર્ણાવતી મહાનગર ખાતે એક ભવ્ય અને પ્રભાવશાળી પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' અભિયાન અંતર્ગત આયોજિત આ જનજાગૃતિ પદયાત્રા નવા વાડજ વિસ્તારના અત્યંત વ્યસ્ત અને જાણીતા એવા વ્યાસવાડી ચાર રસ્તા ખાતેથી પૂર્ણ ઉત્સાહ અને શિસ્તબદ્ધ માહોલમાં શરૂ થઈ હતી. સવારે વ્યાસવાડી ચાર રસ્તા ખાતે મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો, યુવાનો, મહિલાઓ તેમજ સામાજિક અને રાજકીય ક્ષેત્રના અગ્રણીઓ એકઠા થયા હતા. પદયાત્રાના પ્રસ્થાન સમયે જ સમગ્ર વાતાવરણ દેશભક્તિ અને લોકશાહીના રક્ષણના સંકલ્પથી ગૂંજી ઊઠ્યું હતું. નવા વાડજના મુખ્ય માર્ગો અને આંતરિક રહણાંક વિસ્તારોમાંથી પસાર થયેલી આ પદયાત્રા દરમિયાન સહભાગીઓએ હાથમાં જાગૃતિ દર્શાવતા પ્લેકાર્ડ્સ અને બેનરો સાથે 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' ના બુલંદ નારા લગાવ્યા હતા. માર્ગ પરથી પસાર થતાં રાહદારીઓ અને ઘર આંગણે ઊભેલા સ્થાનિક રહીશોએ પણ તાળીઓના ગડગડાટ સાથે પદયાત્રાનું સ્વાગત કરી પોતાનો નૈતિક ટેકો જાહેર કર્યો હતો. કાર્યક્રમના આયોજકો અને અગ્રણીઓએ પદયાત્રા દરમિયાન નાગરિકોને સંબોધતા જણાવ્યું હતું કે, કોઈપણ દેશ કે રાજ્યના સર્વાંગી વિકાસ માટે લોકશાહીનું સક્ષમ હોવું અને સમાજમાં અરાજકતાનું નાબૂદ થવું અત્યંત આવશ્યક છે.

જગતપુરમાં પડોશીની નરાધમતા: સગીર બાળકી સાથે અડપલાં કર્યાં

વાલી ઠપકો આપવા જતાં છરો લઈને તૂટી પડ્યા, મહિલાની આંખમાં મરચું છાંટ્યું!

અમદાવાદ

અમદાવાદ શહેરના પોશ ગણાતા જગતપુર વિસ્તારમાં પડોશધર્મને લજવતી અને માનવતાને શરમમાં મૂકતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જગતપુરમાં આવેલા 'સેરીનીટી સ્પેશ વિશ્વાસ સીટી-૯' સોસાયટીમાં પડોશીના ઘરે રમવા ગયેલી માસૂમ સગીર બાળકી સાથે પડોશીએ જ અડપલાં કરી બદફેલી આચરવાનો પ્રયાસ કર્યો હતો. આ અંગે જ્યારે માસૂમ બાળકીના માતા-પિતા પડોશીને ઠપકો આપવા પહોંચ્યા ત્યારે નમ અને તેના પરિવારે પાપ છુપાવવા સામો હુમલો કરી દાદાગીરી બતાવી હતી. મળતી માહિતી મુજબ, સેરીનીટી સ્પેશ વિશ્વાસ સીટી-૯માં રહેતી એક સગીર બાળકી બાજુમાં રહેતા પડોશીના ઘરે રમવા માટે ગઈ હતી. આ દરમિયાન ઘરના નરાધમ પડોશીએ માસૂમ બાળકીની એકલતાનો લાભ ઉઠાવી તેની સાથે શારીરિક અડપલાં કર્યા હતા. બાળકીએ ઘરે પહોંચીને પોતાના માતા-પિતાને આપવીતી જણાવતાં જ પરિવારજનોના પગ નીચેથી જમીન ખસકી ગઈ હતી.

પોતાની દીકરી સાથે થયેલા અન્યાય અને અડપલાં અંગે જ્યારે સગીરાના માતા-પિતા પડોશીના ઘરે પૂછપરછ કરવા અને ઠપકો આપવા ગયા, ત્યારે સામે પક્ષે પોતાની ભૂલ સ્વીકારવાને બદલે ઉલટો ચોર કોટવાલને દંડે તેવો ઘાતકી ખેલ ખેલ્યો હતો. પડોશી મહિલા અને પુરુષ બંને ઉશ્કેરાઈ જઈને ઘરમાંથી ધારદાર છરો લઈને મારવા દોડ્યા હતા. આટલેથી ન અટકતા, હુમલાખોરોએ બાળકીની માતાની આંખમાં તીખું મરચું છાંટી દીધું હતું અને તેમની સાથે બેરહમીથી મારપીટ કરી લોહિયાળ ડ્રામા સર્જ્યો હતો.

17 મિલકતો પર બુલડોઝર ફરશે

સારંગપુર સર્કલથી કાલુપુર સ્ટેશન સુધીનો રસ્તો 18થી 30 મીટર પહોળો કરાશે

અમદાવાદ

અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશનના પુનર્વિકાસને પગલે કોર્પોરેશન દ્વારા આસપાસના રસ્તાઓ પહોળા કરાશે. સારંગપુર સર્કલથી DCP ઝોન-3 કચેરી સુધીના 18 મીટર રસ્તાને 30 મીટર પહોળો કરવા 17 મિલકતો દૂર કરાશે. 2,965 ચોરસ મીટર જગ્યા રસ્તામાં ભળશે. RLDA દ્વારા સ્ટેશનના આધુનિકીકરણ બાદ 3.12 લાખ મુસાફરોની અવરજવરને ધ્યાને રાખી આ નિર્ણય લેવાયો છે. કાલુપુર રેલવે સ્ટેશનના પુનર્વિકાસને પગલે આસપાસના રસ્તાઓ પહોળા કરવાની કામગીરી કોર્પોરેશન દ્વારા હાથ ધરવામાં આવી છે. સારંગપુર સર્કલથી DCP ઝોન-3ની કચેરી સુધીના હાલના 18 મીટર પહોળા રસ્તાને 30 મીટર સુધી પહોળો કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આ માટે ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન્સ ઍક્ટની કલમ 210 હેઠળ સૂચિત રોડલાઈન નક્કી કરીને જાહેર નોટિસ પ્રસિદ્ધ કરવામાં આવી છે. આ પ્રક્રિયા અંતર્ગત રોડલાઈનમાં આવતી અંદાજે 17 મિલકતો દૂર કરીને 2,965 ચોરસ મીટર જગ્યા રસ્તામાં ભેળવવાનું આયોજન છે. રેલવે લેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (RLDA) દ્વારા કાલુપુર રેલવે સ્ટેશનનું આધુનિક સુવિધાઓ સાથે પુનર્નિર્માણ કરવામાં આવી રહ્યું છે. સ્ટેશનના પુનર્વિકાસ બાદ દરરોજ અંદાજે 3.12 લાખ મુસાફરો અવરજવર કરે તેવી શક્યતા છે. મુસાફરોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને સ્ટેશન સુધી પહોંચવા અને ત્યાંથી બહાર નીકળવા માટે માર્ગવ્યવસ્થા સુગમ બનાવવાના હેતુથી રસ્તા પહોળા કરવાની યોજના તૈયાર કરવામાં આવી છે.

બોપલ-શેલા રોડનો બનાવ, PSIની પત્નીના ગળામાંથી 1.75 લાખની સોનાની ચેઇનની સ્નેચિંગ

અમદાવાદ

અમદાવાદના બોપલ-શેલા વિસ્તારમાં ચેઈન સ્નેચિંગના બનાવોમાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે બોપલ VVIP રોડથી શેલા સુધીના રસ્તા પર SOGના PSIની પત્નીના ગળામાંથી રૂ. 1.75 લાખની સોનાની ચેઈનની સ્નેચિંગ થઈ છે. આ અંગે બોપલ પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે. શેલા ખાતે આવેલા શાલીગ્રામ પ્રાઈડમાં રહેતા 38 વર્ષીય મનીષાબા વાળા ગત 22 ઓક્ટોબરે સાંજે પોતાના 11 વર્ષીય પુત્રને ટ્યુશનથી લેવા ગયા હતા. તેઓ પુત્રને એક્ટિવા પર બેસાડીને ફ્લેટથી પરત પોતાના ઘરે આવી રહ્યા હતા. ત્યારે કાપડિયા સ્કૂલ અને નિત્યશાંતીભવન વચ્ચેથી પસાર થતી વખતે પાછળથી એક બાઈક પર 2 અજાણ્યા શખ્સો તેમના એક્ટિવાની એકદમ નજીક આવી ગયા હતા. બાદમાં બાઈક પર પાછળ બેઠેલા શખ્સે અચાનક મહિલાના ગળામાં પહેરેલ સોનાની ચેઈન ઝૂંટવી લીધી હતી અને ત્યારબાદ તેઓ પૂર ઝડપે બાઈક હંકારીને આગળના રોડ તરફ ફરાર થઈ ગયા હતા.

અમદાવાદના બિલ્ડર સાથે ઠગાઈ

પહેલાં 50 લાખ પર નફો આપી વિશ્વાસ જીત્યો, પછી 3 કરોડ રૂપિયા સેરવી લીધા!

અમદાવાદ

અમદાવાદમાં શિપિંગ વ્યવસાયમાં સારા વળતરની લાલચ આપી કન્સ્ટ્રક્શન કોન્ટ્રાક્ટર સાથે 3 કરોડની છેતરપિંડી થઈ છે. જામનગરના વેપારી સમીર અમિત શાહે આયાત-નિકાસના કોન્ટ્રાક્ટના નામે તબક્કાવાર નાણાં લીધા હતા, પરંતુ પરત ન આપ્યા. ક્રાઈમ બ્રાન્ચની ઈકોનોમિક વિંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. શાહે પહેલાં 50 લાખ પરત આપી વિશ્વાસ કેળવ્યો હતો.

અમદાવાદમાં શિપિંગ સંબંધિત આયાત-નિકાસના વ્યવસાયમાં રોકાણ કરાવી સારું વળતર આપવાની લાલચ આપીને કન્સ્ટ્રક્શન કોન્ટ્રાક્ટર સાથે 3 કરોડ રૂપિયાની છેતરપિંડી કર્યાનો આક્ષેપ સામે આવ્યો છે. આ મામલે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ઈકોનોમિક વિંગે જામનગરના વેપારી સમીર અમિત શાહ સામે ગુનો નોંધ્યો છે. ફરિયાદીનો આક્ષેપ છે કે વેપારના કોન્ટ્રાક્ટ અને નફામાં ભાગીદારીના નામે તેમની પાસેથી તબક્કાવાર નાણાં લેવામાં આવ્યાં હતાં, પરંતુ સમયમર્યાદા પૂરી થયા બાદ પણ રકમ પરત કરવામાં આવી નહોતી.

સાયન્સ સિટી રોડ પર અભિ કન્સ્ટ્રક્શન કંપની ચલાવતા 46 વર્ષીય રોહિતકુમાર નટવરલાલ પટેલે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, ઑગસ્ટ 2025માં તેમના પિતા પાકવાન ચાર રસ્તા નજીક આવેલી એપોલો હૉસ્પિટલમાં દાખલ હતા. તે દરમિયાન તેમના પિતરાઈ ભાઈ જય પ્રવીણભાઈ પટેલે સમીર શાહ સાથે પરિચય કરાવ્યો હતો. શાહે પોતે શિપિંગ સંબંધિત આયાત-નિકાસના વ્યવસાય સાથે સંકળાયેલા હોવાનું જણાવી મૂડી રોકાણના પ્રમાણમાં નફો આપવાની વાત કરી હતી. શરૂઆતમાં એક મહિના માટે 50 લાખ રૂપિયાની માગણી કરીને ચાર ટકા વળતર આપવાની ખાતરી આપી હતી. આથી પટેલે 22 ઑગસ્ટ, 2025ના રોજ કંપનીના બેંક ખાતામાંથી RTGS દ્વારા 50 લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. ફરિયાદ અનુસાર, શાહે 24 સપ્ટેમ્બર, 2025ના રોજ મૂળ રકમ પરત આપી હતી.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI